# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्

## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only





**Vol. 17, Issue. 287, July 2026**


પ્રિય વાચક મિત્રો,

### ગુરુપૂર્ણિમા : જ્ઞાનથી પ્રજ્ઞા તરફની ભારતીય યાત્રા

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः

ભારતીય સંસ્કૃતિમાં કેટલાક પર્વો માત્ર કેલેન્ડરની તારીખો નથી હોતા; તેઓ આપણી સામૂહિક સ્મૃતિ, મૂલ્યવ્યવસ્થા અને જીવનદર્શનના જીવંત પ્રતીક હોય છે. ગુરુપૂર્ણિમા એવું જ એક પાવન પર્વ છે. આષાઢી પૂર્ણિમાના દિવસે ઉજવાતી ગુરુપૂર્ણિમા ભારતીય પરંપરામાં જ્ઞાન, પ્રબોધ, સંસ્કાર, કૃતજ્ઞતા અને ગુરુ–શિષ્ય પરંપરાના પવિત્ર સંબંધનું પર્વ છે.

### ગુરુ : માત્ર શિક્ષક નહી, જીવનને દિશા આપનાર દીપસ્તંભ

'ગુરુ' શબ્દ ભારતીય જ્ઞાનપરંપરામાં અત્યંત ગહન અર્થ ધરાવે છે. સામાન્ય અર્થમાં ગુરુ એટલે શીખવનાર વ્યક્તિ; પરંતુ ભારતીય દૃષ્ટિએ ગુરુ એ એવી વ્યક્તિ છે જે અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ અને અવિચારી અનુસરણમાંથી જાગૃત વિચાર તરફ દોરી જાય છે.

### ઉપનિષદીય પ્રાર્થનામાં આવતી પ્રખ્યાત પંક્તિ

तमसो मा ज्योतिर्गमय

અર્થાત્, મને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાઓ – ગુરુત્વના મૂળ તત્વને અત્યંત સુંદર રીતે વ્યક્ત કરે છે.

ગુરુ શિષ્યને માત્ર વિષયનું જ્ઞાન આપતા નથી; તેઓ વિચારવાની પદ્ધતિ, પ્રશ્ન પૂછવાની હિંમત, સત્યને શોધવાની દૃષ્ટિ, નૈતિક નિર્ણયક્ષમતા અને જીવનને અર્થપૂર્ણ બનાવવાની પ્રેરણા આપે છે. સાચો ગુરુ શિષ્યને પોતાના પર નિર્ભર બનાવતો નથી; તે શિષ્યમાં એટલી આંતરિક શક્તિ વિકસાવે છે કે શિષ્ય એક દિવસ સ્વતંત્રપણે વિચારવા, શોધવા અને સત્યની અન્વેષણા કરવા સક્ષમ બને. આથી જ ભારતીય શિક્ષણપરંપરામાં ગુરુ–શિષ્ય સંબંધ માત્ર જ્ઞાનના હસ્તાંતરણનો સંબંધ નહોતો; તે વ્યક્તિત્વ નિર્માણનો સંબંધ હતો.

### ગુરુપૂર્ણિમા અને મહર્ષિ વેદવ્યાસની સ્મૃતિ

ભારતીય પરંપરામાં ગુરુપૂર્ણિમાને 'વ્યાસપૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે. મહર્ષિ વેદવ્યાસ ભારતીય જ્ઞાનપરંપરાના મહાન ઋષિ, સાહિત્યકાર અને જ્ઞાનસંરક્ષક તરીકે સ્મરણમાં આવે છે. મહાભારતના સંકલન સાથે તેમનું નામ અવિભાજ્ય રીતે જોડાયેલું છે અને પુરાણપરંપરામાં પણ તેમનું વિશિષ્ટ સ્થાન છે.

વ્યાસજીની સ્મૃતિ સાથે જોડાયેલી ગુરુપૂર્ણિમા આપણને ભારતીય જ્ઞાનપરંપરાની એક વિશેષતા તરફ દોરી જાય છે–જ્ઞાનનું સર્જન જેટલું મહત્વનું છે, તેટલું જ તેનું સંરક્ષણ, સંવર્ધન અને આગામી પેઢી સુધી સંક્રમણ પણ મહત્વનું છે.

આજે જ્યારે વિશ્વ જ્ઞાન–આધારિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે જ્ઞાનની આ પરંપરાગત ભારતીય સમજણ અત્યંત પ્રાસંગિક બને છે. જ્ઞાન માત્ર વ્યક્તિગત સંપત્તિ નથી; તે સમાજની સામૂહિક મૂડી અને માનવજાતની વારસાગત સંપત્તિ છે.

ભારતની સાંસ્કૃતિક પરંપરા અને તેના જ્ઞાનવારસાનું સંરક્ષણ, પ્રસાર અને નવી પેઢી સુધી સંક્રમણ કરવાનું કાર્ય આજે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ભારત સરકારનું સંસ્કૃતિ મંત્રાલય પણ ભારતીય જ્ઞાન અને સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ તથા પ્રસારને રાષ્ટ્રીય મહત્વના કાર્ય તરીકે સ્વીકારે છે.

### ભગવદ્ ગીતા અને ગુરુ–શિષ્ય સંવાદ

ગુરુ–શિષ્ય સંબંધની ભારતીય કલ્પનાને ભગવદ્ ગીતા અત્યંત સુંદર રીતે રજૂ કરે છે. શ્રીકૃષ્ણ અર્જુનને કહે છેઃ

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः

અર્થાત્–વિનયપૂર્વક નમન, યોગ્ય પ્રશ્નો અને સેવાભાવ દ્વારા જ્ઞાનીઓને સત્ય જ્ઞાનનો; તત્વને જાણનારા જ્ઞાની તમને જ્ઞાનનો માર્ગ દર્શાવશે.

આ શ્લોકમાં ગુરુ–શિષ્ય સંબંધના ત્રણ મહત્વપૂર્ણ આધારસ્તંભો દર્શાવવામાં આવ્યા છે–વિનય, પ્રશ્ન અને સેવા.

આમાંથી 'પ્રશ્ન'નો વિશેષ ઉલ્લેખ આજના ઉચ્ચ શિક્ષણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. શિક્ષણનું અંતિમ ધ્યેય વિદ્યાર્થીઓને તૈયાર જવાબો આપવાનું નથી; પરંતુ તેમને સાચા પ્રશ્નો પૂછવા સક્ષમ બનાવવાનું છે.

આથી, એક આધુનિક વિશ્વવિદ્યાલયમાં ગુરુપૂર્ણિમાની ઉજવણીનો અર્થ માત્ર ગુરુજનોનું સન્માન કરવો નહી, પરંતુ પ્રશ્ન પૂછતી, સંશોધન કરતી, તર્ક કરતી અને સત્યની શોધ કરતી પેઢીનું નિર્માણ કરવું પણ છે.

### ગુરુપૂર્ણિમા અને આધુનિક વિશ્વવિદ્યાલય

આજની વિશ્વવિદ્યાલય પરંપરાગત 'ગુરુકુલ'થી ભિન્ન છે. આજે જ્ઞાનના સ્ત્રોતો અસંખ્ય છે–પુસ્તકો, ડિજિટલ લાઇબ્રેરી, ઓપન કોર્સિસ, સંશોધન ડેટાબેઝ, વૈશ્વિક વિશ્વવિદ્યાલયો, ડિજિટલ પ્લેટફોર્મ અને હવે કૃત્રિમ બુદ્ધિ આધારિત સાધનો પણ.

પરંતુ જ્ઞાનના આ વિસ્ફોટ વચ્ચે એક ગંભીર પડકાર ઊભો થયો છે માહિતી અને જ્ઞાન વચ્ચેનો તફાવત કેવી રીતે સમજવો અને જ્ઞાનને વિવેકમાં કેવી રીતે રૂપાંતરિત કરવું? આ પ્રશ્નનો જવાબ ગુરુત્વના આધુનિક અર્થમાં સમાયેલો છે.

આજનો ગુરુ માત્ર 'Content Provider' નથી. તે mentor, facilitator, researcher, critical thinker, ethical guide અને role model પણ છે. તે વિદ્યાર્થીને માત્ર 'શું જાણવું?' નહી, પરંતુ 'શા માટે જાણવું?', 'કેવી રીતે ચકાસવું?, 'તેનો ઉપયોગ કોના હિતમાં કરવો?' અને 'તેના સામાજિક પરિણામો શું હશે?' જેવા પ્રશ્નો પૂછવા પ્રેરિત કરે છે.

આ સંદર્ભમાં શિક્ષક અને વિદ્યાર્થી બંનેની ભૂમિકા પરિવર્તિત થઈ રહી છે. શિક્ષક જ્ઞાનનો એકમાત્ર સ્ત્રોત નહી, પરંતુ જ્ઞાનયાત્રાનો સહયાત્રી બને છે; અને વિદ્યાર્થી નિષ્ક્રિય ગ્રહીતાની જગ્યાએ સક્રિય જ્ઞાનસર્જક બને છે.

### ગુરુત્વ અને રાષ્ટ્રીય નિર્માણ

ભારતીય પરંપરામાં શિક્ષણનો હેતુ માત્ર રોજગાર પ્રાપ્ત કરવો નહોતો. શિક્ષણનો હેતુ સંસ્કારિત વ્યક્તિ, જવાબદાર નાગરિક અને સશક્ત સમાજનું નિર્માણ કરવાનો હતો.

# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्





## ઈ–દક્ષિણાયન

**Dakshinayan e-Newsletter**

For Private Circulation Only

**Vol. 17, Issue. 287, July 2026**


આજે ભારત 'જ્ઞાન આધારિત અર્થતંત્ર', આત્મનિર્ભરતા, નવીનતા, સંશોધન અને વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ વધી રહ્યું છે. આ યાત્રામાં વિશ્વવિદ્યાલયોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. ઉત્તમ શિક્ષણ વિના ઉત્તમ સંશોધન શકય નથી; ઉત્તમ સંશોધન વિના નવીનતા શકય નથી; અને નવીનતા વિના ટકાઉ રાષ્ટ્રીય વિકાસ શકય નથી. પરંતુ આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં માનવી છે.

આથી, આપણી વિશ્વવિદ્યાલયોએ એવા વિદ્યાર્થીઓ ઘડવાના છે કે જેઓ જ્ઞાનમાં શ્રેષ્ઠ, સંશોધનમાં નિષ્ઠાવાન, વિચારમાં સ્વતંત્ર, વ્યવહારમાં નૈતિક અને સમાજ પ્રત્યે સંવેદનશીલ હોય. ગુરુપૂર્ણિમા આપણને યાદ અપાવે છે કે રાષ્ટ્રનું ભવિષ્ય તેના વર્ગખંડોમાં ઘડાય છે અને વર્ગખંડનું ભવિષ્ય તેના શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સંબંધમાં રહેલું છે.

### ગુરુનું સન્માન : વ્યક્તિનું નહી, જ્ઞાનનું સન્માન

ગુરુપૂર્ણિમાના દિવસે આપણે આપણા શિક્ષકો, માર્ગદર્શકો, સંશોધન–સુપરવાઇઝરો, માતા–પિતા અને જીવનમાં માર્ગદર્શન આપનાર દરેક વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.પરંતુ ગુરુનું સન્માન માત્ર પુષ્પહાર, શાલ કે સન્માનપત્ર સુધી મર્યાદિત ન રહેવું જોઈએ.

ગુરુ પ્રત્યેની સાચી ગુરુદક્ષિણા શું હોઈ શકે?

મારા મતે, વિદ્યાર્થી માટે સાચી ગુરુદક્ષિણા છે – જ્ઞાનનો સદુપયોગ, સત્ય પ્રત્યેની નિષ્ઠા, સંશોધનમાં પ્રામાણિકતા, સમાજ પ્રત્યેની જવાબદારી અને પોતાના જીવનને અર્થપૂર્ણ બનાવવાનો સંકલ્પ.

જો કોઈ શિક્ષક પોતાના વિદ્યાર્થીમાં સત્યનિષ્ઠા, જિજ્ઞાસા અને માનવતાનો દીવો પ્રગટાવી શકે, તો તે શિક્ષકની સૌથી મોટી સિદ્ધિ છે. અને જો કોઈ વિદ્યાર્થી પોતાના શિક્ષક પાસેથી પ્રાપ્ત જ્ઞાનને સમાજના કલ્યાણમાં ઉપયોગી બનાવી શકે, તો તે વિદ્યાર્થીની સૌથી મોટી ગુરુદક્ષિણા છે.

### ગુરુપૂર્ણિમા : પરંપરા અને આધુનિકતાનો સંવાદ

આપણે ભારતીય પરંપરાને માત્ર ભૂતકાળની સ્મૃતિ તરીકે નહી, પરંતુ વર્તમાન અને ભવિષ્યને દિશા આપનારી જીવંત જ્ઞાનપરંપરા તરીકે જોવાની જરૂર છે.

ભારતીય સંસ્કૃતિની શક્તિ તેની પરંપરા અને પરિવર્તન વચ્ચે સંવાદ સ્થાપિત કરવાની ક્ષમતામાં રહેલી છે. ગુરુપૂર્ણિમા આપણને ભૂતકાળના ઋષિઓ અને આચાર્યોને સ્મરણ કરવાનો અવસર આપે છે, પરંતુ સાથે જ વર્તમાનના શિક્ષકો અને સંશોધકોની જવાબદારી પણ યાદ અપાવે છે.

આજે આપણને એવા ગુરુઓની જરૂર છે જેઓ પરંપરાનું જતન કરે પરંતુ અંધ પરંપરાવાદી ન બને; આધુનિક વિજ્ઞાનને સ્વીકારે પરંતુ મૂળભૂત માનવમૂલ્યોને ભૂલે નહીં; ટેકનોલોજીનો ઉપયોગ કરે પરંતુ ટેકનોલોજીને માનવતાનો વિકલ્પ ન બનાવે.

તે જ રીતે, આપણને એવા વિદ્યાર્થીઓની જરૂર છે જેઓ પોતાની સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરાથી જોડાયેલા રહે, પરંતુ વૈશ્વિક જ્ઞાનવિશ્વ માટે ખુલ્લા મનથી આગળ વધે.

**આ જ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને આધુનિક જ્ઞાનસમાજમાં સાકાર કરવાની દિશા છે.**

### વિશ્વવિદ્યાલય પરિવાર માટે મારો સંદેશ

આ પાવન ગુરુપૂર્ણિમાના અવસરે હું વિશ્વવિદ્યાલયના તમામ અધ્યાપકો અને શિક્ષણસાથીઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. આપનું કાર્ય માત્ર પાઠ્યક્રમ પૂર્ણ કરવાનું નથી; આપ ભાવિ પેઢીના વિચારો, મૂલ્યો અને દૃષ્ટિકોણને આકાર આપો છો. હું વિદ્યાર્થીઓને પણ આહ્વાન કરું છું કે તેઓ પોતાના શિક્ષકોને માત્ર પરીક્ષા અને ગુણપ્રાપ્તિના સંદર્ભમાં ન જુએ. પોતાના શિક્ષકો પાસેથી વિચારવાની કળા, સંશોધનની શિસ્ત, પ્રશ્ન પૂછવાની હિંમત અને જીવનમાં મૂલ્યો જાળવવાની પ્રેરણા પ્રાપ્ત કરે.

સંશોધકો માટે ગુરુપૂર્ણિમાનો સંદેશ વધુ વિશિષ્ટ છે. સંશોધન માત્ર નવા પરિણામો મેળવવાની પ્રક્રિયા નથી; તે સત્યની પ્રામાણિક શોધ છે. તેથી સંશોધનમાં ડેટાની પ્રામાણિકતા, પદ્ધતિશાસ્ત્રીય શિસ્ત, સંદર્ભોની ચોકસાઈ, બૌદ્ધિક ઈમાનદારી અને જ્ઞાનના સામાજિક ઉપયોગ પ્રત્યેની જવાબદારી જાળવવી એ પણ ગુરુદક્ષિણાનું એક સ્વરૂપ છે.

ગુરુપૂર્ણિમા આપણને એક અનંત ભારતીય પરંપરાનું સ્મરણ કરાવે છે–જ્ઞાનની જયોત એક પેઢી બીજી પેઢીને સોંપે છે.

ગુરુ પોતે દીવો બનીને શિષ્યના જીવનમાં પ્રકાશ પ્રગટાવે છે; અને એક દિવસ એ જ શિષ્ય અન્ય કોઈના જીવનમાં પ્રકાશનો સ્ત્રોત બને છે. આ જ જ્ઞાનપરંપરાની અવિરત યાત્રા છે.

આથી, ગુરુપૂર્ણિમા માત્ર ગુરુને નમન કરવાનો દિવસ નથી; તે જ્ઞાનને નમન કરવાનો, જ્ઞાનસાધનાને નમન કરવાનો અને જ્ઞાનને માનવકલ્યાણ માટે સમર્પિત કરવાનો દિવસ છે.

ચાલો, આ ગુરુપૂર્ણિમાએ આપણે ત્રણ સંકલ્પ કરીએ

**જ્ઞાન પ્રાપ્ત કરીશું, જ્ઞાનનું પરીક્ષણ કરીશું,**
**અને જ્ઞાનનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરીશું.**

કારણ કે સાચું શિક્ષણ ત્યાંથી શરૂ થાય છે જયાં માહિતી સમાપ્ત થાય છે અને પ્રજ્ઞા, વિવેક તથા જવાબદારીનો જન્મ થાય છે. આ અવસરે આપણા સર્વ ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં હું ભારતીય જ્ઞાનપરંપરાની આ ભાવનાને પુનઃ સ્મરણ કરું છું.

આચાર્યદેવો ભવ

અર્થાત્–"આચાર્યને દેવતુલ્ય માનો"

આ ઉક્તિનો આધુનિક અર્થ માત્ર વ્યક્તિપૂજા નથી; પરંતુ જ્ઞાન, શિક્ષણ અને જ્ઞાનસાધનાના પવિત્ર મૂલ્યનું સન્માન છે.

આપણે એવી વિશ્વવિદ્યાલયનું નિર્માણ કરીએ જયાં દરેક વર્ગખંડ જ્ઞાનનું મંદિર બને, દરેક શિક્ષક માર્ગદર્શક બને, દરેક વિદ્યાર્થી જ્ઞાનસાધક બને અને દરેક સંશોધન માનવકલ્યાણ તરફનું એક પગલું બને. ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે તમામ ગુરુજનો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવારને હાર્દિક શુભકામનાઓ.

तमसो मा ज्योतिर्गमय

અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ, જ્ઞાનમાંથી પ્રજ્ઞા તરફ અને પ્રજ્ઞામાંથી માનવકલ્યાણ તરફ આપણી સામૂહિક યાત્રા સતત આગળ વધતી રહે તેવી હાર્દિક શુભેચ્છા.

**તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૨૬** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**

**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### 'શાસન વ્યવસ્થાની ભારતીય દૃષ્ટિ અને પદ્ધતિ' વિષય પર વૈચારિક ગોષ્ઠિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના લોક પ્રશાસન વિભાગ તથા ભારતીય વિચાર મંચ, સુરત કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે 'શાસન વ્યવસ્થાની ભારતીય દષ્ટિ અને પદ્ધતિ' વિષય પર વૈચારિક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતીય જ્ઞાન પરંપરામાં રહેલા શાસનદર્શન, પ્રશાસનિક મૂલ્યો અને લોકકલ્યાણકારી ચિંતનને સમકાલીન સંદર્ભોમાં સમજવાનો તથા ભારતીય દષ્ટિકોણથી શાસન વ્યવસ્થા અંગે અર્થપૂર્ણ શૈક્ષણિક ચર્ચાને પ્રોત્સાહન આપવાનો હતો.

આ કાર્યક્રમ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન, કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવીના સહયોગ તેમજ ભારતીય વિચાર મંચ, સુરત કેન્દ્રની અધ્યક્ષ ડૉ. શ્રીમતી મેધાબેન પટેલ અને મંત્રી શ્રી વિવેકજી માણિયાના સક્રિય સહયોગથી યોજાયો હતો. આયોજનના સફળ સંકલનમાં લોક પ્રશાસન વિભાગની સંયોજિકા ડૉ. મધુ એમ. થવાનીનું વિશેષ યોગદાન રહ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દીપિકા ગુપ્તા, ડૉ. સ્વાતી દેસાઈ અને ડૉ. મમતા ભક્કડ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રો. સંજીવ કુમાર શર્મા, પ્રખર રાજકીય વિચારક, પ્રતિષ્ઠિત રાજનીતિશાસ્ત્રી, મહાત્મા ગાંધી સેન્ટ્રલ વિશ્વવિદ્યાલય, મોતીહારીના પૂર્વ કુલપતિશ્રી તથા હાલમાં યોગક્ષેમ: ઇન્સ્ટિટ્યૂટ ઑફ ભારત સ્ટડીઝના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

વક્તાએ પોતાના વિચારપ્રેરક અને સંશોધન આધારિત વ્યાખ્યાનમાં ભારતીય શાસન વ્યવસ્થાની વૈચારિક વિશિષ્ટતા પર પ્રકાશ પાડતાં જણાવ્યું કે, ભારતની શાસન પરંપરાએ ક્યારેય કોઈ વ્યવસ્થાનો જનક હોવાનો દાવો કર્યો નથી કે તેનો શ્રેય મેળવવાનો પ્રયાસ કર્યો નથી. ભારતીય ચિંતનનો મૂળ સ્વભાવ સમન્વય, અનુભવ અને લોકકલ્યાણ પર આધારિત રહ્યો છે, જ્યાં જ્ઞાનને સમગ્ર માનવજાતની સંયુક્ત ધરોહર તરીકે માનવામાં આવે છે. તેમણે ભારતીય અને પાશ્ચાત્ય શાસન દષ્ટિઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતાં જણાવ્યું કે, પશ્ચિમના રાજકીય ચિંતનમાં રાજ્યને સામાજિક અને રાજકીય જીવનનું મુખ્ય કેન્દ્ર માનવામાં આવ્યું છે, જ્યારે ભારતીય પરંપરામાં સમાજ, પરિવાર, સંસ્કૃતિ, નૈતિકતા અને ધર્મને શાસન વ્યવસ્થાના સમાન મહત્વના આધારસ્તંભ તરીકે જોવામાં આવ્યા છે. ભારતીય દૃષ્ટિ રાજ્યને સર્વશક્તિમાન સંસ્થા તરીકે નહીં, પરંતુ સમાજ પ્રત્યે જવાબદાર અને લોકમંગલના સાધન તરીકે સ્વીકારે છે. પ્રો. શર્માએ વધુમાં જણાવ્યું કે, આધુનિક લોકશાહીને સામાન્ય રીતે માત્ર ચૂંટણી, પ્રતિનિધિત્વ અથવા બંધારણીય સંસ્થાઓના પરિપ્રેક્ષ્યમાં સમજાવવામાં આવે છે, જ્યારે ભારતીય પરંપરામાં સહભાગિતા, સંવાદ, પરામર્શ, સર્વસંમતિ અને જવાબદારીની ભાવના પ્રાચીન સમયથી જ સામાજિક તથા રાજકીય જીવનનો અભિન્ન ભાગ રહી છે. તેમણે જણાવ્યું કે, ભારતીય શાસન વ્યવસ્થા માત્ર સિદ્ધાંત પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ વ્યવહાર, આચરણ અને લોકજીવનમાં તેનો વ્યવહારુ વિકાસ થયો છે.

તેમણે ખાસ ભારપૂર્વક જણાવ્યું કે, ભારતીય શાસનદર્શનનો હેતુ કોઈ એક વિચારધારાની શ્રેષ્ઠતા સાબિત કરવાનો નથી, પરંતુ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ની ભાવનાથી એવી વ્યવસ્થા ઊભી કરવાનો છે જેમાં શાસન અને સમાજ પરસ્પર સહયોગી બને. આજના સમયમાં જ્યારે વિશ્વ વૈકલ્પિક પ્રશાસનિક અને વિકાસ મોડલની શોધમાં છે, ત્યારે ભારતીય જ્ઞાન પરંપરા વૈશ્વકિ ચર્ચાને સંતુલિત, નૈતિક અને માનવીય દૃષ્ટિ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ, ભારતીય વિચાર મંચના કાર્યકરો તથા વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભારતીય શાસનદર્શન, પ્રશાસનિક પરંપરા, ભારતીય જ્ઞાન પ્રણાલી તથા સમકાલીન શાસન સંબંધિત વિવિધ પાસાઓ પર અર્થપૂર્ણ અને વિચારપ્રેરક ચર્ચા યોજાઈ હતી.









## વિશ્વવિદ્યાલયના કુલગુરૂશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના પાંચ વર્ષ પૂર્ણ થયાનો સન્માન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના કુલપતિ તરીકેના પૂર્ણ થયેલ પાંચ વર્ષના સફળ અને સુચારુ કાર્યકાળના અવસરે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તા.૧૫/૭/૨૦૨૬ના રોજ બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિશ્વવિદ્યાલયના Board of Management અને Executive Councilના સભ્યશ્રીઓ, વિવિધ વિભાગોના વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, ઈ.ચા.ગ્રંથપાલશ્રી, વહીવટી કર્મચારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા વિશ્વવિદ્યાલય પરિવારે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાને કુલપતિ તરીકેના પૂર્ણ થયેલ પાંચ વર્ષના સફળ અને સુચારુ કાર્યકાળના અભિનંદન આપી શુભકામનાઓ પાઠવી હતી.





















## વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના પૂર્ણ થયેલ પાંચ વર્ષના સફળ અને સુચારુ કાર્યકાળ અવસરે સન્માન સમારંભ તથા વિશ્વવિદ્યાલયના ૪૧ સંશોધક વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત 'શોધ ફેલોશિપ' પ્રાપ્ત થતા કુલપતિશ્રીના હસ્તે સન્માન












વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે ગુજરાત સરકાર દ્વારા એનાયત કરવામાં આવતી પ્રતિષ્ઠિત 'શોધ ફેલોશિપ (Shodh Fellowship) પ્રાપ્ત કરનાર સંશોધક વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને તથા કુલસચિવશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહમાં શોધ ફેલોશિપ પ્રાપ્ત કરનાર તમામ સંશોધક વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધનને પ્રોત્સાહન આપવા માટે પ્રતિભાશાળી સંશોધક વિદ્યાર્થીઓને દર વર્ષે 'શોધ ફેલોશિપ' એનાયત કરવામાં આવે છે. આ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોમાંથી કુલ ૪૬ સંશોધક વિદ્યાર્થીઓએ શોધ ફેલોશિપ માટે અરજી કરી હતી, જેમાંથી ૪૧ સંશોધક વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. આ નોંધપાત્ર સફળતા વિશ્વવિદ્યાલયમાં થઈ રહેલા ગુણવત્તાસભર સંશોધન, સંશોધનમૈત્રી શૈક્ષણિક વાતાવરણ, અનુભવી માર્ગદર્શકોના માર્ગદર્શન તથા સંશોધન ક્ષેત્રે વિશ્વવિદ્યાલયના મહત્વપૂર્ણ યોગદાનનું પ્રતિબિંબ છે. આ સિદ્ધિ એ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની સંશોધન ક્ષેત્રે આગવી ઓળખને વધુ મજબૂત બનાવી છે.

આ પ્રસંગે કુલપતિશ્રીએ શોધ ફેલોશિપ પ્રાપ્ત કરનાર તમામ સંશોધક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું

હતું કે, સંશોધન એ જ્ઞાનસર્જક અને સમાજના સર્વાંગી વિકાસનું મહત્વપૂર્ણ સાધન છે. વિશ્વવિદ્યાલયના સંશોધક વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ સમગ્ર વિશ્વવિદ્યાલય માટે ગૌરવની બાબત છે તેમણે વિદ્યાર્થીઓને ભાવિ સંશોધન કાર્યમાં નવીનતા, ગુણવત્તા અને સામાજિક ઉપયોગિતાને કેન્દ્રસ્થાને રાખી કાર્ય કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી. અને ભવિષ્યમાં વધુ ગુણવત્તાસભર તથા સમાજોપયોગી સંશોધન માટે અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણ આપશે. સમારોહના અંતે શોધ ફેલોશિપ પ્રાપ્ત કરનાર તમામ ૪૧ સંશોધન વિદ્યાર્થીઓનું કુલપતિશ્રી તથા કુલસચિવશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ તેમના ભાવિ સંશોધન કાર્ય માટે શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી હતી.

## "MRP & We The Consumers" વિષય પર વિશેષ વૈચારિક ગોષ્ઠિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વહીવટી ભવન સ્થિત નર્મદ સભાગૃહ ખાતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત (ગુજરાત પ્રાંત) અને વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે "MRP & We The Consumers" વિષય પર એક વિશેષ વૈચારિક ગોષ્ઠિનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને ગ્રાહક અધિકારો માટે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત પ્રખર ચિંતક જયંતભાઈ કથીરિયા (રાષ્ટ્રીય સચિવ, ગ્રાહક પંચાયત)એ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, 'વર્તમાન સમયમાં બજાર વ્યવસ્થા ખૂબ જ જટિલ બની છે, ત્યારે ગ્રાહકોએ વસ્તુ ખરીદતી વખતે માત્ર મહત્તમ છૂટક કિંમત (MRP) જ નહીં, પરંતુ પોતાના તમામ કાયદાકીય હકો પ્રત્યે સજાગ રહેવું અનિવાર્ય છે' તેમણે ગ્રાહક શોષણ સામે અવાજ ઉઠાવવા અને જાગૃત નાગરિક તરીકે ફરજ બજાવવા અંગે પ્રેરણાદાયી ઉદાહરણો સહ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ વૈચારિક સત્રમાં વિવિધ શૈક્ષણિક વિભાગોના વડાશ્રીઓ, કૉ–ઓર્ડિનેટરશ્રીઓ તેમજ કરાર આધારિત શૈક્ષણિક કર્મચારીઓ (TAP/TTA)એ હાજરી આપી હતી. ખાસ કરીને MBA, Economics, Commerce અને Rural Studies વિભાગના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગ્રાહક સુરક્ષાને લગતા વિવિધ પાસાઓનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ગ્રાહક જાગૃતિના એક મજબૂત વૈચારિક પ્લેટફોર્મ તરીકે સફળ રહ્યો હતો અને અંતમાં ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## નવા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે 'શિક્ષણ અને સ્વસ્થ માનસિક સ્વાસ્થ્ય' વિષય પર વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના કો–ઓર્ડિનેટર ડૉ. કીર્તિબેન ડી. ઠાકરના પ્રેરક માર્ગદર્શન હેઠળ તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાયોટેકનોલોજી વિભાગ દ્વારા 'મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્ર'ના સંયુકત ઉપક્રમે 'વિદ્યાર્થી જીવનમાં શિક્ષણ અને સ્વસ્થ માનસિક સ્વસ્થ્ય' વિષય અંતર્ગત નવા શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ માટે આ પ્રેરણાદાયી સત્ર યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના પ્રોજેક્ટ ઓફિસરશ્રી દેવેન્દ્રનાથ કે. પટેલ દ્વારા વિદ્યાર્થી જીવનમાં બનતા વિશ્વવિદ્યાલય કેમ્પસના વિવિધ રસપ્રદ પ્રસંગો અને અનુભવોની ચર્ચા કરીને વાતાવરણને હળવું કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના સલાહકાર શ્રીમતિ વિશાખા એન. યાદવ દ્વારા 'વર્ગખંડ થી વિશ્વવિદ્યાલય પરિસરઃ તમારી પહેલા વર્ષની સાધન સામગ્રી' વિષય પર વિસ્તૃત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે શાળા અને વિશ્વવિદ્યાલય કેમ્પસ વચ્ચેના વાતાવરણના તફાવતને સ્પષ્ટ કર્યો હતો. આ સંક્રાંતિકાળ (Transition Phase) દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓ સામે આવતી સામાન્ય તેમજ વિશિષ્ટ માનસિક મૂંઝવણો અને સમસ્યાઓ વિશે ચર્ચા કરી હતી. મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક સિદ્ધાંતોના આધારે, વ્યવહારુ ઉદાહરણો અને પ્રક્રિયાત્મક અનુભવો દ્વારા આ સમસ્યાઓના સચોટ ઉકેલો સમજાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમના અંતે પ્રેરણાત્મક સંગીત (Motivational Music) દ્વારા વિદ્યાર્થીઓમાં નવો ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો સંચાર કરવામાં આવ્યો હતો.

આ શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક જાગૃતિ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓએ ખૂબ જ ઉત્સાહભેર

ભાગ લીધો હતો. આ પ્રસંગે બાયોટેકનોલોજી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. અંબિકા આરકાટર, ડૉ. ચિરાગ પ્રજાપતિ અને ડૉ. માનસી મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે કાર્યક્રમને સફળ બનાવવામાં મનોવૈજ્ઞાનિક સલાહ અને માર્ગદર્શન કેન્દ્રના પ્રોજેક્ટ ઓફિસર શ્રી દેવેન્દ્રનાથ કે. પટેલ તથા મનોવૈજ્ઞાનિક સલાહકારો સર્વે શ્રી દર્શન આર. પરમાર, શ્રીમતિ વિશાખા એન. યાદવ અને સુશ્રી શિલ્પા ડી. યાદવે પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમ નવા પ્રવેશાર્થીઓ માટે ખૂબ જ ઉત્સાહપૂર્વક, પ્રેરણાદાયી અને ભવિષ્યના શૈક્ષણિક વર્ષ માટે અત્યંત અસરકારક સાબિત રહ્યો હતો.

## Department of Biotechnology

### ત્રણ દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમ

વિશ્વવિદ્યાલયના બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૬–૨૭ માટે બી.એસસી.બાયોટેક્નોલોજી, માઇક્રોબાયોલોજી અને ફૂડ ટેક્નોલોજી (સેમેસ્ટર–૧)ના નવા પ્રવેશાર્થી વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને મહાનુભાવોને મળીને ૨૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. ગૌરવ શાહ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરી વિભાગની શૈક્ષણિક તેમજ સંશોધન પ્રવૃત્તિઓનો પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) રહ્યું, જેમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી, વિભાગના વડા તેમજ વિશ્વવિદ્યાલયની NEP સારથી ટીમ દ્વારા બહુવિષયક શિક્ષણ, કૌશલ્ય આધારિત અભ્યાસ, અનુભવ આધારિત શિક્ષણ, ઇન્ટર્નશિપ અને વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તથા ઉત્તમ નાગરિક બનવાની દિશા બતાવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયના પુસ્તકાલય, પરીક્ષા પદ્ધતિ, શિષ્યવૃત્તિ યોજનાઓ, એન્ટી–રેગિંગ નિયમો, વિદ્યાર્થી સહાય સેવાઓ તેમજ વિભાગની પ્રયોગશાળાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા. વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. માનસી મહેતા દ્વારા વિભાગના બુક રિવ્યૂ કલ્બનો પરિચય આપવામાં આવ્યો અને વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ, વિચારશક્તિ તથા અભિવ્યક્તિ કૌશલ્ય વિકસાવવાનો સંદેશ આપવામાં આવ્યો. ઉપરાંત ડૉ. તન્વી ટમાકુવાલા દ્વારા વિભાગની 'Brilliant Brain' વિશે માહિતી આપવામાં આવી, જે વિદ્યાર્થીઓની પ્રતિભા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને પ્રોત્સાહિત કરે છે. પોલીસ ઈન્સ્પેકટરશ્રી દિક્ષિત ગામિત દ્વારા સાયબર સુરક્ષા, સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ અને વ્યકિતગત સુરક્ષા અંગે જાગૃતિ લાવતુ માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમે નવા વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય જીવન સાથે પરિચિત કરાવવાની સાથે તેમના શૈક્ષણિક જીવનની ઉત્સાહભરી શરૂઆત માટે પ્રેરણા આપી.









### ત્રણ દિવસીય 'ઓરિએન્ટેશન કાર્યક્રમ'નું સમાપન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા નવા પ્રવેશાર્થી વિદ્યાર્થીઓ માટે આયોજિત ત્રણ દિવસીય દીક્ષારંભ (ઓરિએન્ટેશન) કાર્યક્રમનો ત્રીજા અને અંતિમ દિવસે સફળતાપૂર્વક સમાપન થયો હતો. આ સમાપન સત્રમાં ૭૫થી વધુ નવા વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ ઉપસ્થિત રહી વિવિધ માર્ગદર્શન સત્રોનો લાભ લીધો હતો.

અંતિમ દિવસના પ્રથમ સત્રની શરૂઆત સાયબર સેલ (સુરત)ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી દિક્ષિત ગામિતના ખાસ વ્યાખ્યાનથી થઈ હતી. તેમણે વિદ્યાર્થીઓને આજના ડિજિટલ યુગમાં થતી ઓનલાઈન નાણાકીય છેતરપિંડી, સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક ઉપયોગ, ડિજિટલ સેફ્ટી અને સાયબર ગુનાઓથી બચવાના કાયદાકીય ઉપાયો વિશે રસપ્રદ શૈલીમાં માહિતગાર કર્યા હતા.

ત્યારબાદ વિશ્વવિદ્યાલયના કાયદા વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હીના મકવાણા દ્વારા 'એન્ટી-રેગિંગ જાગૃતિ' અંગે કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે કેમ્પસમાં રેગિંગમુક્ત, સુરક્ષિત અને ભયમુક્ત સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ જાળવવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. બપોર પછીના સત્રમાં શ્રીમતી વૈશાલી કનાસાગરા દ્વારા બાયો-સાયન્સના વિદ્યાર્થીઓ માટે પ્રયોગશાળા (Laboratory)માં જાળવવાની સલામતીના નિયમો, અત્યાધુનિક સાધનોના યોગ્ય ઉપયોગ અને લેબોરેટરીની કાર્યપદ્ધતિ અંગે વાકેફ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ વિભાગના પૂર્વ વિદ્યાર્થીઓ (Alumni) સાથે વિશેષ અનુભવ-વહેંચણી સત્ર અને નવા વિદ્યાર્થીઓનો સીઆર (CR) / એલઆર (LR) સાથે સંવાદ યોજાયો હતો, જેમાં નવા પ્રવેશાર્થીઓએ પોતાના અભ્યાસ અને ભવિષ્યની કારકિર્દીને લગતી વિવિધ મૂંઝવણો અને પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ મેળવ્યું હતું. કાર્યક્રમના અંતે તમામ વિદ્યાર્થીઓએ વિશ્વવિદ્યાલયના વિશાળ સ્પોર્ટ્સ કોમ્પલેકસની મુલાકાત લીધી હતી, જ્યાં તેમને ઇન્ડોર અને આઉટડોર રમતગમતની ઉપલબ્ધ સુવિધાઓથી પરિચિત કરાવવામાં આવ્યા હતા.

ત્રણ દિવસીય ઓરિએન્ટેશન કાર્યક્રમના સફળ સંપન્ન સાથે નવા વિદ્યાર્થીઓએ પૂર્ણ આત્મવિશ્વાસ, નવી પ્રેરણા અને ઉચ્ચ લક્ષ્યાંકો સાથે પોતાના વિશ્વવિદ્યાલય જીવનની સકારાત્મક શરૂઆત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.





## 'ગૌ-આધારિત બાયોઇકોનોમી' અને 'NEP-2020 અંતર્ગત બહુવિષયક સંશોધન' વિષય પર વિશેષ કાર્યક્રમો







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટેકનોલોજી વિભાગ અંતર્ગત કાર્યરત 'કામધેનુ ચેર' દ્વારા વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ના માર્ગદર્શન હેઠળ તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ (ફેકલ્ટીઓ) માટે બે અલગ-અલગ શૈક્ષણિક અને સંશોધનાત્મક કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને ગરિમાપૂર્ણ સત્રોમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ ડૉ. આર. સી. ગઢવી, કામધેનુ ચેરના સંયોજક ડૉ. ગૌરવ શાહ, સહ-સંયોજક ડૉ. માનસી મહેતા, કામધેનુ ચેરની ટીમ, વિવિધ વિભાગોના પ્રાધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બંને કાર્યક્રમોમાં મુખ્ય વક્તા તરીકે ગો-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર (નાગપુર)ના સંયોજક તથા રાષ્ટ્રીય કામધેનુ આયોગ અને એનિમલ વેલ્ફેર બોર્ડ ઑફ ઇન્ડિયાના સભ્ય શ્રી સુનીલ માનસિંઘકા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**૧. ફેકલ્ટીઓ માટે સંવાદાત્મક સત્ર:**

અધ્યાપકો માટે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં કામધેનુ ચેર: બહુવિષયક સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન' વિષય પર વિશેષ સત્ર યોજાયું હતું. જેમાં ૫૦ થી વધુ પ્રોફેસર્સ ભાગ લીધો હતો.

- મુખ્ય વક્તા શ્રી સુનીલ માનસિંઘકાએ ભારતીય પરંપરાગત જ્ઞાન પ્રણાલીને આધુનિક વૈજ્ઞાનિક સંશોધન સાથે સાંકળવા પર ભાર મૂક્યો હતો.
- તેમણે કૃષિ, બાયોટેકનોલોજી, પર્યાવરણીય ટકાઉપણું, ગ્રામ વિકાસ અને ગૌ–આધારિત બાયોઇકોનોમી જેવા ક્ષેત્રોમાં સહયોગી પ્રકલ્પો (Collaborative Research Projects) નવીનતા માટે અનુકૂળ વાતાવરણ અને અધ્યાપકકેન્દ્રિત સંશોધનની વિવિધ તકો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

**૨. વિદ્યાર્થીઓ માટે નિષ્ણાત વ્યાખ્યાન:**

વિદ્યાર્થીઓ માટે "ગૌ–આધારિત બાયોઇકોનોમી: વૈજ્ઞાનિક નવીનતા, સંશોધન અને વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગસાહસિકતાની તકો" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું, જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- વક્તાશ્રીએ કૃષિ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામીણ ઉદ્યોગસાહસિકતામાં ગૌ–આધારિત ઉત્પાદનોના વૈજ્ઞાનિક ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું.
- આ ઉપરાંત, મૂલ્યવર્ધન (Value Addition), બૌદ્ધિક સંપદા અધિકાર (IPR), સ્ટાર્ટઅપની નવી તકો અને સંશોધનને પ્રોત્સાહન આપતી વિવિધ સરકારી યોજનાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

**૩. સંવાદ, પ્રશ્નોત્તરી અને આભારવિધિ:**

બંને સત્રોના અંતે રસપ્રદ ચર્ચા અને પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ફેકલ્ટીઓ સાથે NEP-2020ની બહુવિષયક પહેલોના અમલીકરણ અંગે વિચારોનું આદાન–પ્રદાન થયું હતું તથા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના મુખ્ય વક્તા દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમોના અંતે કામધેનુ ચેરના સહ–સંયોજક ડૉ. માનસી મહેતાએ આભારવિધિ અર્પણ કરી હતી. તેમણે મુખ્ય વક્તા, વિશ્વવિદ્યાલયના સત્તાધીશો, આયોજન સમિતિ, પ્રાધ્યાપકગણ તથા તમામ વિદ્યાર્થીઓનો આ બંને આયોજનોને સફળ બનાવવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

## Department of Bioscience

### ભારતીય મુખ્ય કાર્પ માછલીઓના પ્રેરિત પ્રજનન વિષયક દ્વિદિવસીય શૈક્ષણિક તાલીમ કાર્યક્રમ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોસાયન્સ વિભાગ તથા Aquatic Biology વિભાગના વિદ્યાર્થીઓ માટે સેન્ટર ઑફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચર, કામધેનુ વિશ્વવિદ્યાલય, ઉકાઈ ખાતે ભારતીય મુખ્ય કાર્પ માછલીઓ (કતલા, રોહુ અને મૃગલ)ના પ્રેરિત પ્રજનન (Induced Breeding) વિષય પર દ્વિદિવસીય શૈક્ષણિક તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં બાયોસાયન્સ વિભાગના એમ.એસસી. ઝુલોજીનાં ૩૩ વિદ્યાર્થીઓ તેમજ એક્વેટિક બાયોલોજી વિભાગના ૬ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ સાથે વિભાગના ચાર અધ્યાપકો ડૉ. જીજ્ઞા દેસાઈ, ડૉ. બ્રીજલ મિસ્ત્રી, ડૉ. વિશાલ મકવાણા તથા ડૉ. નિહારિકા શાહ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન બાયોસાયન્સ વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. કૈલાશ પટેલના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ ઉદ્ઘાટન સમારોહથી થયો, જેમાં સેન્ટર ઑફ એક્સલન્સ ઇન એક્વાકલ્ચરના નિયામક ડૉ. સ્મિત લેંડેએ સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને કેન્દ્રની પ્રવૃત્તિઓ તેમજ રાજ્યમાં મત્સ્યપાલન ક્ષેત્રે આધુનિક તકનીકોના મહત્વ અંગે માહિતી આપી. ત્યારબાદ ભારતીય મુખ્ય કાર્પ માછલીઓની ઓળખ, તેમની જૈવિક વિશેષતાઓ, પ્રજનન ચક્ર તથા પ્રેરિત પ્રજનનની પદ્ધતિઓ અંગે વિસ્તૃત વ્યાખ્યાન યોજાયું, જેમાં વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક અને વ્યવહારુ બંને પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થયું.

વ્યાખ્યાન બાદ તમામ વિદ્યાર્થીઓને હેચરીની મુલાકાત કરાવવામાં આવી, જ્યાં નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ પ્રેરિત પ્રજનનની સમગ્ર પ્રક્રિયાનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું. પુખ્ત બ્રૂડ માછલીઓને હોર્મોનલ ઇન્જેક્શન આપવાની પદ્ધતિનું પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું અને વિદ્યાર્થીઓએ સ્વયં માછલીઓને સંભાળી નિષ્ણાતોની દેખરેખ હેઠળ આ પ્રક્રિયામાં ભાગ લીધો. આ હેન્ડ્સ–ઑન તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકમાં અભ્યાસ કરેલી સંકલ્પનાઓને પ્રત્યક્ષ રીતે સમજવાની ઉત્તમ તક મળી. દિવસના અંતે તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ કેન્દ્ર ખાતે રાત્રિભોજન લીધું.

બીજા દિવસે સવારે વિદ્યાર્થીઓ ફરી હેચરીની મુલાકાતે ગયા, જ્યાં અગાઉ હોર્મોનલ સારવાર આપવામાં આવેલી માછલીઓ દ્વારા મૂકવામાં આવેલા ઈંડાં, તેમનું ફલિતીકરણ, ભ્રૂણ વિકાસના વિવિધ તબક્કાઓ તથા નવજાત ફ્રાય (Fry)નું અવલોકન કરવામાં આવ્યું. ઉપરાંત, માછલીના ફ્રાયને

બજારમાં પુરવઠા માટે વૈજ્ઞાનિક રીતે પેકિંગ કરવાની પ્રક્રિયા, ઓક્સિજન ભરેલી થેલીઓનો ઉપયોગ અને પરિવહન સંબંધિત તકનીકી પાસાઓ અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ભારતીય મુખ્ય કાર્પના ભ્રૂણ વિકાસના વિવિધ તબક્કાઓનું નજીકથી નિરીક્ષણ કરીને એક્વાકલ્ચરના વ્યવહારુ પાસાઓને વધુ સારી રીતે સમજ્યા.

સમાપન સમારોહ પૂર્વે વિદ્યાર્થીઓને સેન્ટર ઑફ એક્સલન્સની અદ્યતન વૈજ્ઞાનિક સાધનો (Sophisticated Instrumentation Laboratory) ધરાવતી પ્રયોગશાળાની મુલાકાત પણ કરાવવામાં આવી. આ દરમિયાન વિવિધ આધુનિક સંશોધન સાધનો, તેમની કાર્યપદ્ધતિ તેમજ મત્સ્યવિજ્ઞાન અને એક્વાકલ્ચર સંશોધનમાં તેમના ઉપયોગ અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી, જેના પરિણામે વિદ્યાર્થીઓને સંશોધન માટે ઉપલબ્ધ અદ્યતન પ્રયોગાત્મક સુવિધાઓનો પરિચય પ્રાપ્ત થયો. ત્યારબાદ સેન્ટર ઑફ એક્સલન્સ ખાતે સમાપન સમારોહ યોજાયો, જેમાં વિદ્યાર્થીઓએ તાલીમ દરમિયાન પ્રાપ્ત થયેલા અનુભવો, શીખેલા વૈજ્ઞાનિક મુદ્દાઓ અને પ્રાયોગિક જ્ઞાન અંગે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ આ તાલીમને અત્યંત ઉપયોગી, જ્ઞાનવર્ધક અને વ્યવસાયલક્ષી ગણાવી હતી તથા દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. બપોરના ભોજન બાદ તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સુરત તરફ પરત ફર્યા.

આ દ્વિદિવસીય શૈક્ષણિક મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને ભારતીય મુખ્ય કાર્પ માછલીઓના પ્રેરિત પ્રજનન, હેચરી વ્યવસ્થાપન, ભ્રૂણ વિકાસ, ફ્રાય ઉત્પાદન અને તેના વ્યાવસાયિક ઉપયોગ અંગે મૂલ્યવાન પ્રાયોગિક અનુભવ પ્રાપ્ત થયો. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના શૈક્ષણિક જ્ઞાનને વ્યવહારુ અનુભવ સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ભવિષ્યમાં મત્સ્યપાલન તથા એક્વાકલ્ચર ક્ષેત્રે તેમની કારકિર્દી માટે મજબૂત પાયો પૂરું પાડે છે.
















## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Awareness on One Nation One Subscription (ONOS) વિષય પર ઓનલાઈન વેબિનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ "Awareness on One Nation One Subscription (ONOS)" વિષય પર ઓનલાઈન વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારનો મુખ્ય હેતુ વિશ્વવિદ્યાલયના વડાશ્રીઓ, અધ્યાપકો, સંશોધકો, ગ્રંથપાલો તથા વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના આચાર્યો, શિક્ષકોને ભારત સરકારની મહત્ત્વાકાંક્ષી One Nation One Subscription (ONOS) યોજનાથી માહિતગાર કરવાનો હતો.

કાર્યક્રમમાં INFLIBNET Centre, Gandhinagar તરફથી શ્રીમતી હસ્તી માંડલિયા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ONOS યોજનાનો ઉદ્દેશ્ય, તેના લાભો, સંશોધન ક્ષેત્રે ઉપલબ્ધ ઉચ્ચ ગુણવત્તાવાળા ઈ–જર્નલ્સ અને ઈ–સંસાધનોનો ઉપયોગ, તેમજ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે તેની ઉપયોગિતા અંગે વિસ્તૃત અને માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. ઉપસ્થિતોએ વેબિનાર દરમિયાન પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ પ્રાપ્ત કર્યા.

આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા હાજર તમામને ONOSના માધ્યમથી શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે ઈ–જર્નલ્સ અને ઈ–સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવા અંગે હાકલ કરવામા આવી હતી.

વેબિનારમાં વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના વિભાગાધ્યક્ષશ્રીઓ, પ્રોફેસરો, વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના પ્રાચાર્યો, ગ્રંથપાલો, અધ્યાપકો, સંશોધકો તેમજ મોટી સંખ્યામાં શૈક્ષણિક ક્ષેત્રના પ્રતિનિધિઓ ઓનલાઈન જોડાઈને કાર્યક્રમને ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો.


કાર્યક્રમના અંતે વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલશ્રી ડૉ. જીતેશકુમાર કે. ટોપીવાલા દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે વેબિનારના મુખ્ય વક્તા શ્રીમતી હસ્તી માંડલિયા, INFLIBNET Centre, Gandhinagarના નિયામક ડૉ. દેવિકા પી. માડલ્લી (Director, INFLIBNET Centre), વેબિનારના સફળ આયોજન માટે પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સહયોગ આપનાર વિશ્વવિદ્યાલયના સત્તાધિકારીઓ, આયોજન સમિતિના સભ્યો, શ્રી પિન્ટુભાઈ પટેલ અને નમ્રતાબેન, ટેકનિકલ ટીમ તેમજ વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલયના તમામ કર્મચારીઓનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.


આ વેબિનાર દ્વારા ઉપસ્થિત શિક્ષકો, ગ્રંથપાલો અને સંશોધકોને ONOS યોજનાની વ્યાપક સમજ પ્રાપ્ત થઈ હતી અને રાષ્ટ્રીય સ્તરના ઉચ્ચ ગુણવત્તાવાળા ઈ–સંસાધનોના અસરકારક ઉપયોગ માટે પ્રેરણા મળી હતી.









## Department of Comparative Literature

### 'ગુરુપૂર્ણિમા' પર વ્યાસ પૂજા ઉત્સવ








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા ભારતીય શિક્ષણ મંડળના સંયુકત ઉપક્રમે તારીખ ૨૮ જુલાઈ, ૨૦૨૬ મંગળવારના રોજ 'ગુરુપૂર્ણિમા'ના પાવન અવસરે વ્યાસ પૂજા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડૉ. કિંજલબેન પટેલ (સહાયક પ્રાધ્યાપક, ભૌતિકશાસ્ત્ર વિભાગ, ઉકા તરસાડિયા વિશ્વવિદ્યાલય, બારડોલી)એ ગુરુના મહત્વ તેમજ મહર્ષિ વેદવ્યાસના જીવન અને કૃતિત્વ પર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું. વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. મૂકેશ વસાવાએ ગુરુ–શિષ્ય પરંપરાના મૂલ્યો પર પ્રકાશ પાડતા સૌનું સ્વાગત કર્યું. કાર્યક્રમનો પ્રારંભ પ્રાધ્યાપિકા ડૉ. જ્યોતિ સિંહ દ્વારા મુખ્ય વકતાનો પરિચય તથા કાર્યક્રમની રૂપરેખા રજૂ કરીને કરવામાં આવ્યો. વિભાગના તમામ પ્રાધ્યાપકોએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક સહભાગી થઈ પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ડૉ. નિર્મલા પટેલના સંચાલન હેઠળ ડૉ. મનિષ પટેલ, ડૉ. કલ્પના પરમાર, ડૉ. અનિલ ગામીત, ડૉ. અર્ચના પટેલ, ડૉ. વૈશાલી ડોડિયા, ડૉ. વૈભવ શુકલ વગેરે પ્રાધ્યાપકોએ કાર્યક્રમને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો. અંતે સૌએ મહર્ષિ વેદવ્યાસને શ્રધ્ધાંજલિ અર્પણ કરી ગુરુ પરંપરાના આદર્શોનું અનુસરણ કરવાનો સંકલ્પ લીધો.

## Department of Economics

### 'વિશ્વની વસ્તી, તેનો અંદાજ અને વસ્તીની રચના' વિષય પર વ્યાખ્યા







તા. ૧૧/૭/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે અર્થશાસ્ત્ર વિભાગ, સેન્સસ માઈક્રોડેટા સેન્ટર અને સાઉથ ગુજરાત ઇકોનોમિકસ ટીચર્સ ફોરમનાં સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન માધ્યમ દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય "વિશ્વની વસ્તી, તેનો અંદાજ અને વસ્તીની રચના" હતો. પ્રસ્તુત વ્યાખ્યાનનાં મુખ્ય વકતા તરીકે ડૉ. યોગેશ એન.વાંસિયા ઓનલાઈન માધ્યમથી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડૉ.મનીષ

આર. પટેલ દ્વારા સાઉથ ગુજરાત ઇકોનોમિક્સ ટીચર્સ ફોરમનાં કન્વીનર ડૉ.હેમાલીબેન દેસાઈ તથા ઓનલાઈન માધ્યમથી જોડાયેલ તમામ પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓનાં શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે "વિશ્વની વસ્તી, તેનો અંદાજ અને વસ્તીની રચના" પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમણે તેમના વક્તવ્યમાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના મહત્વને રેખાંકિત કરતા જણાવ્યું કે, વૈશ્વિક સ્તરે વસ્તીમાં થઈ રહેલો ઝડપી વધારો અને તેના કારણે સંસાધનો પર પડતું દબાણ એ ચિંતાનો વિષય છે. તેમણે વસ્તીના અંદાજો અને તેના ભવિષ્યના પ્રવાહોની વિગતવાર ચર્ચા કરી હતી, જેમાં બદલાતી વસ્તીની રચના જેમકે વય જૂથ, સ્ત્રી-પુરુષ પ્રમાણ અને વિવિધ દેશોમાં વસ્તીનું વિતરણ કેવી રીતે અર્થતંત્રને અસર કરે છે તેના પર પ્રકાશ પાડયો હતો. વધુમાં તેમણે વસ્તી ગણતરીના મહત્વ પર ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું કે, સેન્સસ એ માત્ર માણસોની ગણતરી નથી, પરંતુ તે કોઈપણ દેશના સામાજિક-આર્થિક વિકાસ, સચોટ આંકડાકીય વિશ્લેષણ અને ભવિષ્યની સરકારી યોજનાઓ તેમજ નીતિઓના ઘડતર માટેનો સૌથી મજબૂત આધાર સ્તંભ છે. વૈશ્વકિ વસ્તીના સાચા અંદાજો મેળવવા અને માનવ સંસાધનનું યોગ્ય વ્યવસ્થાપન કરવા માટે પણ નિયમિત વસ્તી ગણતરી અનિવાર્ય છે. પ્રસ્તુત કાર્યક્રમનાં અંતે ડૉ. હેમાલીબેન દેસાઈ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી ડૉ. ગૌરાંગ રામી, કાર્યક્રમનાં કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. મનીષ પટેલ, મુખ્ય વક્તા ડૉ. યોગેશ એન. વાંસિયા તથા ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયેલ દરેક સભ્યનો આભાર વ્યક્ત ર્ક્યો હતો સાથે સાથે આવા કાર્યક્રમ ભવિષ્યમાં પણ આયોજિત થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની દરેક કૉલેજ, ભાવનગર, કચ્છ, રાજકોટ અને વિદ્યાનગર અર્થશાસ્ત્ર વિભાગ અને કૉલેજમાંથી અર્થશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો મળીને અંદાજે ૫૧૨ જેટલા સભ્યો ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયા હતા. પ્રસ્તુત કાર્યક્રમનાં સફળ આયોજન બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડૉ.રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા સંદેશ મોકલવામાં આવ્યો.












## ઓરિએન્ટેશન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ નિમિત્તે એક વિશેષ ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક સત્ર માટે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ નવા શૈક્ષણિક વર્ષમાં નિયુકત થયેલા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસરોનું 'શ્રીમદ્ ભગવદ્ ગીતા અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન કેન્દ્રના પ્રતિનિધિઓ વૈશિકા યાદવ અને ઉલ્કાબેનનું શાબ્દિક તેમજ ભગવદ્ ગીતા દ્વારા આદરપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

વિભાગના વડા ડૉ. ગૌરાંગ રામીએ પ્રાસંગિક ઉદ્બોધન આપતા જીવનમાં મનોવૈજ્ઞાનિક માર્ગદર્શનની અનિવાર્યતા પર વિશેષ ભાર મૂકયો હતો. તેમણે મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન કેન્દ્રની ઉપયોગીતા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જીવનમાં શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ માનસિક પણ અત્યંત મહત્વનું છે. આ સાથે જ તેમણે જીવનમાં હતું કે જીવનમાં શારીરિક સ્વાસ્થ્ય જેટલું જ માનસિક સ્વાસ્થ્ય પણ અત્યંત મહત્વનું છે. આ સાથે જ તેમણે જીવનમાં પ્રાપ્ત થયેલી તકો અને સંસાધનોનું મૂલ્ય જાળવી રાખવા માટે વિદ્યાર્થીઓને અમૂલ્ય સલાહ આપી હતી. ત્યારબાદ, વિભાગના અધ્યાપક ડૉ. યોગેશ વાંસિયાએ સેમેસ્ટર–૩ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન આપતા કમ્પ્યુટર એપ્લિકેશન' અને બેન્કિંગ અને ઇન્સ્યોરન્સ' તેમજ આગામી સેમેસ્ટર–૪માં કૃષિ અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓને 'પ્રોજેકટ' અને 'ગુજરાતનુ કૃષિક્ષેત્રે' જેવા મહત્વના વિષય પસંદગીના વિષયોનો પરિચય કરાવ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને શારીરિક ક્ષમતા અને તંદુરસ્તી વધારવા માટે વિશ્વવિદ્યાલયની સ્પોર્ટ્સ સુવિધાઓનો મહત્તમ ઉપયોગ કરવા પ્રેરિત કર્યા હતા. આ ઉપરાંત, તેમણે વિભાગમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અને પરીક્ષા સંબંધિત મહત્વની બાબતો અંગે વિદ્યાર્થીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

આ સમગ્ર ઓરિએન્ટેશન કાર્યક્રમનું સફળ આયોજન ડૉ. મનિષ પટેલ દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિભાગના તમામ અધ્યાપકો અને મોટી સંખ્યામાં સેમેસ્ટર–૩નાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

## પોસ્ટર મેકિંગ સ્પર્ધા






તા. ૧૧/૦૭/૨૦૨૬નાં રોજ વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં ઇન્ચાર્જ અધ્યક્ષ ડૉ. યોગેશ એન. વાંસિયાનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા 'વિશ્વ વસ્તી દિવસ'નાં સંદર્ભમાં જુદા જુદા પોસ્ટર તૈયાર કરવામાં આવ્યા હતા, જેમાં એમ.એ. સેમેસ્ટર–૩નાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ પોતાની કળાનું પ્રદર્શન કર્યું હતું. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ફાઈન આર્ટસ વિભાગનાં શ્રી રાજ જરીવાલા હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા માટે એક થી ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતા, જેમાં પ્રથમ ક્રમ પર એમ.એ.સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી વિશ્વકર્મા દેવાંગ અને સઈ નાઝીમાં, બીજા ક્રમ પર ગામીત પિંકલ, ગામીત જ્યોતિ અને પટેલ ટીશા તથા ત્રીજા ક્રમે વસવા ખુશ્બુ વિજેતા રહી હતી. પોસ્ટર મેકિંગમાં વિજેતા દરેક વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## વક્તૃત્વ સ્પર્ધા









તા. ૧૧/૦૭/૨૦૨૬ના રોજ વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગનાં ઇ.ચા.અધ્યક્ષશ્રી ડૉ. યોગેશ એન. વાંસિયાના માર્ગદર્શન હેઠળ "વિશ્વ વસ્તી દિવસ" નિમિત્તે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન ડૉ. મનીષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રગટ્યાથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત "વિશ્વ વસ્તી દિવસ" કાર્યક્રમનાં તથા તેના આયોજન વિષે ડૉ. યોગેશ વાંસિયા દ્વારા વિદ્યાર્થીઓને પોતાનાં વક્તવ્યથી પ્રોત્સાહિત કર્યા હતા. પ્રસ્તુત વકૃત્વ સ્પર્ધાનાં વિષય ૨૦૨૭ની ડિજિટલ વસ્તી ગણતરીઃ અગાઉની વસ્તી ગણતરી કરતાં કેવી રીતે અલગ છે?, ડિજિટલ વસ્તી ગણતરીમાં સ્વ–ગણતરીનું મહત્વ, ડિજિટલ વસ્તી ગણતરીમાં ડેટાની ગોપનીયતા અને સુરક્ષા, પરંપરાગત થી ડિજિટલ વસ્તી ગણતરીઃ વ્યાખ્યા અને ખ્યાલમાં પરિવર્તન, ડિજિટલ વસ્તી ગણતરીઃ લાભો, પડકારો અને ભવિષ્ય, સંશોધન, આયોજન અને નીતિ નિર્માણ માટે ડિજિટલ વસ્તી ગણતરીનું મહત્વ, ભારતના લોકસાંખ્યિક પરિવર્તન અને વસ્તી ગણતરી, યુવા સશક્તિકરણઃ ઉજ્જવળ પરિવાર અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો, લિંગ સમાનતાઃ ન્યાયી વિશ્વ તરફનું પ્રથમ પગલું, ન્યાયી અને આશાસ્પદ વિશ્વ માટે યુવા સશક્તિકરણનું મહત્વ અને પ્રસ્તુત વિષયનાં અનુસંધાનમાં વિદ્યાર્થી પોતાનો મનપસંદ વિષય પર વક્તવ્ય રજૂ કર્યું હતું. પ્રસ્તુત સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ. યોગિતા મિસ્ત્રી તથા શ્રી જયસુખ ઝીંઝાલા હાજર રહ્યા હતા. વકૃત્વ સ્પર્ધામાં એમ.એ. સેમ.–૩ના ૦૬ કુલ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દરેક ભાગ લીધેલા વિદ્યાર્થીઓનાં વક્તવ્યની રજૂઆત પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને ૧ થી ૩ ક્રમ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં એમ.એ. સેમ.–૩માં અભ્યાસ કરતી ઈશા કાપડિયા, બીજા ક્રમે તડવી કૌશિકા તથા ત્રીજા ક્રમે ગોહિલ સુરભીને આપવામાં આવ્યો હતો. વકૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલ દરેક વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## "સેન્સસ માઇક્રોડેટા એનાલિસિસ' હેન્ડ્સ–ઓન તાલીમ કાર્યક્રમ

અર્થશાસ્ત્ર વિભાગ ખાતે રાષ્ટ્રીય સ્તરના 'સેન્સસ માઇક્રોડેટા એનાલિસિસ' હેન્ડ્સ–ઓન તાલીમ કાર્યક્રમનો શુભારંભ તા. ૨૭/૦૭/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સેન્સસ માઇક્રો ડેટા વર્કસ્ટેશન અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તથા 'ડિરેક્ટોરેટ ઑફ સેન્સસ ઓપરેશન્સ, ગુજરાત'ના સહયોગથી 'Handsvon Training Programme on Census Microdata Analysis Using For Social Science Research" વિષય પર પાંચ–દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું. કાર્યક્રમનો પ્રારંભ મંચસ્થ અતિથિગણ દ્વારા દીપ પ્રાગટ્ય અને વિશ્વવિદ્યાલય ગીતના સન્માનપૂર્વક ગાન સાથે થયો હતો. અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામી દ્વારા ઓનલાઈન માધ્યમ દ્વારા જોડાયેલા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, સેન્સસ ઓપરેશન ગાંધીનગરના સંયુક્ત નિયામકશ્રી ડૉ. સંચિતા સરકાર, ઉપનિયામક શ્રી મંગેશ એસ. કુંભારે તથા તાલીમમાં જોડાયેલા વિદ્યાર્થીઓ અને તમામ ઉપસ્થિતગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓને સેન્સસ માઇક્રોડેટા વર્કસ્ટેશનનો ઉપયોગ કરી સંશોધન પેપર તથા ટર્મ પેપર તૈયાર કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ઓનલાઈન માધ્યમ દ્વારા સેન્સસ ઓપરેશન ગાંધીનગરના સંયુક્ત નિયામકશ્રી ડૉ. સંચિતા સરકારે સેન્સસ માઇક્રોડેટાની સુરક્ષા, ડેટા ગોપનીયતા અને સંશોધનમાં તેની વ્યાપક ઉપયોગિતા અંગે ટૂંકમાં પરિચય અને માર્ગદર્શન પૂરું પાડયું હતું. સેન્સસ માઇક્રોડેટા વર્કસ્ટેશનનો પરિચય આપતાં ડૉ. યોગેશ એન. વાંસિયા એ જણાવ્યું કે, દેશભરની અગ્રણી સંસ્થાઓમાં સ્થપાયેલા ૪૮ રાષ્ટ્રીય વર્કસ્ટેશન્સ પૈકી ગુજરાતમાં માત્ર ૨ કેન્દ્રો છે, જેમાંનું એક વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં કાર્યરત છે. આ સાથે જ તેમણે જણાવ્યું કે માઇક્રોડેટામાં નાગરિકોની ગોપનીયતા જાળવીને એકમ સ્તરનો ડેટા ઉપલબ્ધ કરાવાય છે, જેનાથી પસંદગીયુકત ક્રોસ ટેબ્યુલેશન અને ઊંડાણપૂર્વકનું આંકડાકીય વિશ્લેષણ શક્ય બને છે. આ તાલીમ કાર્યક્રમમાં કુલ ૩૬ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. આ સાથે જે વિદ્યાર્થીઓ સેન્સસ માઇક્રોડેટા વર્કસ્ટેશન અંગે માહિતી મેળવવા તેમજ તેના ઉપયોગ અંગે જાણકારી મેળવવા માંગતા હોય તેઓએ વિભાગના કાર્યરત સમયગાળા દરમિયાન સેન્સસ માઇક્રોડેટા વર્કસ્ટેશનની મુલાકાત લઇ શકે છે. કાર્યક્રમના અંતે સ્મિતા નાઈક દ્વારા ઓનલાઈન માધ્યમથી જોડાયેલ મહાનુભાવો અને કાર્યક્રમને સફળ બનાવવામાં મદદરૂપ થનાર તમામ ઉપસ્થિતગણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. મનીષ આર. પટેલ તથા અન્ય અધ્યાપકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.





## ગુરૂપૂર્ણિમા ઉજવણી કાર્યક્રમ











તા. ૨૯–૦૭–૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે એમ.એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમા નિમિત્તે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા, ડૉ. મનીષ આર. પટેલ તથા વિભાગનાં તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગત્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગનાં તમામ અધ્યાપકગણનું સ્વાગત વિશ્વવિદ્યાલય ખેસ તથા ભગવત ગીત ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન.વાંસિયા દ્વારા ગુરૂપૂર્ણિમા અવસર નિમિત્તે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું જેમાં તેમણે પોતાના ગુરુ તથા તેની સાથેના પોતાના અનુભવો વિદ્યાર્થીઓને વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ એમ. એ. સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમા અવસરે વક્તવ્ય અને ભજન રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના આયોજન બદલ વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા ગુરૂપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી.

## ઓનલાઈન વેબિનાર











વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ, ડિરેક્ટોરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ (ગાંધીનગર) અને ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઈકોનોમિક્સના સંયુક્ત ઉપક્રમે તારીખ ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'ભારતમાં વસ્તી ગણતરી ૨૦૨૭નો પરિચય' વિષય પર એક વિશેષ ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે વસ્તી ગણતરી નિયામક કચેરી (ગાંધીનગર)ના સંયુક્ત નિયામકશ્રી ડૉ. સંચિતા સરકાર જોડાયા હતા. આ ઉપરાંત, અર્થશાસ્ત્ર વિભાગના વડા પ્રો. ડૉ. ગૌરાંગ ડી. રામી, ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઈકોનોમિક્સના કન્વીનર ડૉ. હેમાલી એ. દેસાઈ તથા સેન્સસ ડિરેક્ટોરેટના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી મંગેશ એસ. કુંભારે વિશેષ અતિથિ તરીકે જોડાયા હતા.

વેબિનારના પ્રારંભમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા ઓનલાઈન માધ્યમથી જોડાયેલા વેબિનારના વક્તા સેન્સસ ઓપરેશન ગાંધીનગરના સંયુક્ત નિયામકશ્રી ડૉ. સંચિતા સરકાર તથા ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઈકોનોમિક્સના કન્વીનર ડૉ. હેમાલી એ. દેસાઈ અને તમામ ઓનલાઈન જોડાયેલા ઉપસ્થિતગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

વેબિનાર દરમિયાન વક્તા ડૉ. સંચિતા સરકાર દ્વારા ભારતમાં વસ્તી ગણતરીન ઈતિહાસ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી વર્ષ ૧૮૭૧માં યોજાઈ હતી, જે ૧૮૬૫થી ૧૮૭૨ દરમિયાન અલગ–અલગ સમયે હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૧૮૮૧થી સમગ્ર દેશમાં એકસાથે નિયમિત વસ્તી ગણતરીની પ્રથા શરૂ થઈ હતી. વર્ષ ૧૯૩૧ની વસ્તી ગણતરી એ છેલ્લી એવી ગણતરી હતી જેમાં વ્યાપક સ્તરે જ્ઞાતિ આધારિત આંકડા એકત્રિત કરવામાં આવ્યા હતા, જેણે પાછળથી ૧૯૮૦ના મંડલ કમિશન અને નીતિવિષયક નિર્ણયો માટે આધાર પૂરો પાડયો હતો. સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરી વર્ષ ૧૯૫૧માં યોજાઈ હતી, જેમાં સામાજિક એકીકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી અનામત વર્ગો સિવાય અન્ય વિગતો લેવાનું બંધ કરવામાં આવ્યું હતું. છેલ્લે યોજાયેલી ૨૦૧૧ની વસ્તી ગણતરી એ દેશની ૧૫મી અને આઝાદી પછીની ૮મી વસ્તી ગણતરી હતી, એવું તેમણે જણાવ્યું હતું.

આગામી વસ્તી ગણતરી ૨૦૨૭ અંગે માહિતી આપતા ડૉ. સંચિતા સરકારે જણાવ્યું હતું કે આ ગણતરી ભારતની સૌપ્રથમ સંપૂર્ણ ડિજિટલ વસ્તી ગણતરી બની રહેશે. આ પ્રક્રિયા માટે C-DAC દ્વારા ખાસ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે અને વસ્તી ગણતરીના ઈતિહાસમાં પહેલીવાર નાગરિકોને પોતાની માહિતી જાતે જ ઓનલાઈન સબમિટ કરવા માટે સેલ્ફ–એન્યુમરેશનનો વિકલ્પ આપવામાં આવશે.

ડૉ. સંચિતા સરકારે જણાવ્યું કે, સમગ્ર વસ્તી ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કામાં મકાનની યાદી અને હાઉસિંગ ગણતરી થશે, જે સમગ્ર દેશમાં એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અને ગુજરાતમાં ૧ જૂનથી ૩૦ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાઈ હતી. આ તબક્કામાં મકાનની સ્થિતિ, પીવાનું પાણી, વીજળી, શૌચાલય, રસોઈ ગેસ જેવી સુવિધાઓ તેમજ વાહન, ટીવી અને કમ્પ્યુટર જેવી સંપત્તિઓ સંબંધિત કુલ ૩૩ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. દ્વિતીય તબક્કામાં જનસંખ્યા ગણતરી ફેબ્રુઆરી ૨૦૨૭માં થશે, જેમાં સાક્ષરતા, રોજગાર, ભાષા, ધર્મ, સામાજિક વર્ગ, સ્થળાંતર અને પ્રજનન દર સંબંધિત ૨૯ પ્રશ્નો આવરી લેવામાં આવશે.

આગળ ડૉ. સંચિતા સરકારે જણાવ્યું હતું કે, સેન્સસ એક્ટની કલમ ૮ અને ૯ મુજબ વસ્તી ગણતરીના પૂછાયેલા પ્રશ્નોના સાચા જવાબો આપવા અને નંબરિંગ માટે સહયોગ આપવો એ દરેક નાગરિકની કાનૂની જવાબદારી છે. વસ્તી ગણતરીનો આંકડાકીય માહિતી દેશની આર્થિક નીતિઓ ઘડવા, મતવિસ્તારોના પુનઃસીમાંકન અને જનકલ્યાણની યોજનાઓના અમલ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. "સચોટ ડેટા, શ્રેષ્ઠ ભારત"ના સૂત્ર સાથે યોજાયેલા આ વેબિનારમાં ૫૦૦થી વધુ પ્રોફેસરો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને વેબિનારના અંતે ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઈકોનોમિક્સના કન્વીનર ડૉ. હેમાલી એ. દેસાઈ દ્વારા ઓનલાઈન વેબિનારના વક્તા ડૉ. સંચિતા સરકાર, વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી, કુલસચિવશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ અને વિવિધ કૉલેજના ઓનલાઈન માધ્યમથી જોડાયેલા અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સંશોધકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## કાવ્યપઠન સ્પર્ધામાં અર્થશાસ્ત્ર વિભાગ વિદ્યાર્થિની સિદ્ધિ



તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં હિંદુ અધ્યયન પ્રતિષ્ઠાન તથા અખિલ ભારતીય સાહિત્ય પરિષદનાં સંયુક્ત ઉપક્રમે ગુરુપૂર્ણિમા નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અર્થશાસ્ત્ર વિભાગનાં એમ.એ.સેમેસ્ટર–૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રવિ રમેશભાઈ ભેડા દ્વારા કાવ્યપઠન સ્પર્ધામાં ભાગ લઈ તૃતીય ક્રમાંક મેળવ્યો છે. જે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને અર્થશાસ્ત્ર વિભાગનાં સંપૂર્ણ પરિવાર દ્વારા તમને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## Department of FineArts

### Orientation and Plantation Event

The Department of Fine Arts, VNSGU, welcomed its first-year students through an orientation programme held at the Art Gallery. This was followed by a plantation event named "THE BEEJA" on 4 July 2026 in the presence of the Hon'ble Vice-Chancellor, Dr. Kishorsinh Chavada, and the respected Coordinator, Mr. Ankit Changawala.The plantation event was attended by members of the Department of Fine Arts and aspiring student artists. The event symbolised a new beginning and the start of the students' artistic journey. During the event, the preparatory students planted a Tulsi plant, representing purity, devotion, and nurturing creativity.The Department of Fine Arts believes that the pursuit of knowledge and art begins by cultivating positivity within ourselves. The plantation event reflected the department's vision and artistic expression.











### સુરત ગુજરાત કલા પ્રતિષ્ઠાનની કલા સ્પર્ધામાં સિદ્ધિ









સુરત ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત વર્ષ–૨૦૨૬ની રાજ્યકક્ષાની કલા સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇન આર્ટ્સના સ્કલ્પચર સ્પેશિયાલાઇઝેશનની વિદ્યાર્થિનીઓએ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરીને વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધામાં ગુજરાતભરના વિવિધ કલા મહાવિદ્યાલયોના ૬૦થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇન આર્ટ્સની વિદ્યાર્થીની આશ્કા મેકેનિકે તેમની ઉત્કૃષ્ટ કલાત્મક કૃતિ માટે પ્રથમ ઇનામ પ્રાપ્ત કર્યું હતું, જ્યારે વિદ્યાર્થીની અનુજા શર્માએ તેમની સર્જનાત્મક અભિવ્યક્તિ અને તકનિકી કુશળતા બદલ દ્વિતીય ઇનામ પ્રાપ્ત કર્યું હતું. બંને વિદ્યાર્થીનીઓની કૃતિઓને નિર્ણાયક મંડળ (જ્યુરી) દ્વારા વિશેષ પ્રશંસા પ્રાપ્ત થઈ હતી.

વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, ડિપાર્ટમેન્ટ ઓફ ફાઇન આર્ટ્સના કો–ઓર્ડિનેટરશ્રી અંકિત ચાંગાવાલા, તેમજ વિભાગના અધ્યાપકો, માર્ગદર્શકો અને સ્ટાફ દ્વારા બંને વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓની આ ઉપલબ્ધિ વિભાગની ગુણવત્તાયુક્ત કલા શિક્ષણ પરંપરા અને સર્જનાત્મક વાતાવરણનું પ્રતિબિંબ છે. તેમની આ સફળતા ભવિષ્યના યુવા કલાકારો માટે પ્રેરણારૂપ સાબિત થશે.

### Felicitation ceremony held to successful completion of five years of leadership by the Hon'ble Vice Chancellor





On this memorable occasion, the Department of Fine Arts presented a unique calligraphy portrait of the Hon'ble Vice Chancellor. The artwork was conceptualized by the Department Co-ordinator, Mr. Ankitkumar M. Changawala, and executed under the guidance of Temporary Assistant Professor Ms. Kinal Patel by the students Ms. Kervi Mistry, Mr. Rudra Thakor, and Ms. Zenab Hameed. The portrait was formally presented to the Hon'ble Vice Chancellor by the students during the felicitation ceremony in the distinguished presence of Registrar Dr. R. C. Gadhvi, Executive Council Member Dr. Kashyap Kharachiya, Executive Council Member Dr. Rajendra Patel, along with the teaching and non-teaching staff members.

## Department of Interior Design

### Documentary by Student of Interior Design was officially launched

Under the NEP Elective course at Veer Narmad South Gujarat University (VNSGU), Surat, students from the Bachelor of Interior Design (BID) program embarked on an in-depth exploration of fading traditional crafts. Guided by Asst. Prof. Ankit Changawala and Mr. Snehal Patel, the students were divided into five specialized groups focusing on Block Printing, Zardoshi, Terracotta, Kinetic Art, and a dedicated Documentation team.

The students visited local artisans' workshops to gain firsthand exposure to these heritage art forms. By immersing themselves in the process, they studied the artisans' techniques, workflows, spatial requirements, tools, materials, and the cultural significance of their work. Building on this field research, the students translated their

observations into tangible design interventions. They explored product development and interior spatial applications, successfully reinterpreting traditional craftsmanship through a contemporary lens to bridge heritage, functionality, and modern design practice.

Culminating this immersive journey, a student-produced documentary titled ‘Kalakar ki Kala’ was officially launched by Honorable Vice Chancellor Dr. Kishorsinh N. Chavda and Registrar Dr. R.C. Gadhvi on July 11, 2026.














## Department of HRD

### અદાણી હઝીરા પોર્ટ ખાતે શૈક્ષણિક ઔદ્યોગિક મુલાકાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના VNSGU SKILLS Cell દ્વારા સંચાલિત Import-Export Certificate Course તથા Textile Certificate Courseના વિદ્યાર્થીઓ તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ (HRD)ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ અદાણી હઝીરા પોર્ટ અને AWL Agri Business (Formerly Adani Wilmar Limited) ખાતે શૈક્ષણિક ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાતમાં આશરે ૯૦ વિદ્યાર્થીઓ, ૮ અધ્યાપકો તેમજ ઉદ્યોગ નિષ્ણાત શ્રી અનિલ અગ્રવાલ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ અદાણી હઝીરા પોર્ટ ખાતે જહાજોના આગમન–પ્રસ્થાન, ટગબોટની કામગીરી, ડ્રાય, લિક્વિડ અને કન્ટેનર કાર્ગો હેન્ડલિંગ સહિત પોર્ટ ઓપરેશન્સની વિવિધ પ્રક્રિયાઓનો પ્રત્યક્ષ અભ્યાસ કર્યો. ઉપરાંત, અદાણી ગ્રુપ દેશભરમાં કુલ ૧૫ બંદરોનું સંચાલન કરે છે તે અંગે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા.

Project Udaan અંતર્ગત અદાણીના પ્રતિનિધિ શ્રી નરેશભાઈ ચિલુકાએ વિદ્યાર્થીઓને પોર્ટ મેનેજમેન્ટ, લોજિસ્ટિક્સ, સલામતીના ધોરણો તેમજ આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલી વિવિધ પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. Project Udaan દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગની વાસ્તવિક કાર્યપદ્ધતિનો નજીકથી પરિચય મેળવવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ AWL Agri Business ખાતે ખાદ્ય તેલના શુદ્ધિકરણ, ગુણવત્તા નિયંત્રણ, પેકેજિંગ અને

વિતરણની આધુનિક પ્રક્રિયાઓનું અવલોકન કર્યું. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રાપ્ત સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારુ અનુભવ સાથે જોડવાની અનોખી તક મળી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને સહયોગના પરિણામે આ શૈક્ષણિક ઔદ્યોગિક મુલાકાતનું સફળ આયોજન શક્ય બન્યું હતું. કાર્યક્રમના આયોજનમાં ડૉ. નરેશ શુક્લ, ડિરેક્ટરશ્રી VNSGU SKILLS Cell, ડૉ. દિગ્વિજયસિંહ ઠાકોર, વિભાગીય વડાશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ તેમજ ડૉ. ભાવેશ વાનપરિયા, ફેકલ્ટી, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ અને કો–ઓર્ડિનેટર, VNSGU SKILLS Cellનું વિશેષ માર્ગદર્શન અને સંકલન રહ્યું. તેમના સંયુક્ત પ્રયાસોથી વિદ્યાર્થીઓને ઉદ્યોગની કાર્યપદ્ધતિ, લોજિસ્ટિક્સ અને વૈશ્વિક વેપાર વ્યવસ્થાનો મૂલ્યવાન વ્યવહારુ અનુભવ પ્રાપ્ત થયો.











## Department of Library & Information Science

### ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન



તા. ૨૧/૭/૨૦૨૬નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે કાર્યરત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા B.L.I.Sc અને M.L.I.Sc.નાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં અધ્યાપક/અધ્યાપિકા અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમનું સંચાલન ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કો–ઓર્ડિનેટર ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત અતિથીગણ તથા અધ્યાપકગણનું શાબ્દિક સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ આગળ વધારતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, વિભાગ અને કોર્ષ અંગેનો વિસ્તૃત પરિચય ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા આપવામાં આવ્યો. જેમાં તેમના પોતાનાં ગ્રંથાલય અને પુસ્તક સાથેનાં અનુભવ, વિવિધ પ્રકારનાં ગ્રંથાલય અને એક સારો ગ્રંથપાલ બનવા માટેનાં કૌશલ્ય અંગેની ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. હરિભાઈ ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવામાં આવ્યા હતા અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં પ્રવેશ મેળવવા બદલ શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનાં અંતે ડૉ.યોગેશ એન. વાંસિયા દ્વારા શૈક્ષણિક કર્મચારી, વહીવટી કર્મચારી તથા વિદ્યાર્થીઓનો કાર્યક્રમમાં

હાજર રહેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી દ્વારા વિભાગમાં પ્રવેશ મેળવનાર સમગ્ર વિદ્યાર્થીઓને માટે શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો.

## Department of Public Administration

### ઓરિએન્ટેશન કાર્યક્રમ





વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન અને આશિર્વાદ હેઠળ લોક પ્રશાસન વિભાગ દ્વારા તારીખ ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિભાગ, અભ્યાસક્રમ, વિશ્વવિદ્યાલયની શૈક્ષણિક તથા સહઅભ્યાસિક સુવિધાઓ અને વિશ્વવિદ્યાલય જીવનથી પરિચિત કરાવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિભાગના કૉ-ઓર્ડિનેટર ડૉ. મધુ એમ. થવાનીએ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી વિભાગનો પરિચય, અભ્યાસક્રમની રચના, અભ્યાસની વિશેષતાઓ, વિભાગની આગવી સિદ્ધિઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૈક્ષણિક અને સંશોધન સંબંધિત તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, શિસ્ત, સંશોધન અને નવીનતા સાથે વિશ્વવિદ્યાલયની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા પ્રેરિત કર્યા. આ ઓરિએન્ટેશન કાર્યક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય કેમ્પસની મુલાકાત પણ કરાવવામાં આવી, જેથી તેઓ કેન્દ્રીય પુસ્તકાલય, કેન્ટીન, જિમ્નેશિયમ, રમતગમત સંકુલ, સ્વિમિંગ પૂલ તથા અન્ય વિદ્યાર્થીમૈત્રી સુવિધાઓથી પરિચિત થઈ તેનો મહત્તમ લાભ લઈ શકે. કાર્યક્રમના સફળ આયોજનમાં વિભાગની ફેકલ્ટી સભ્યો શ્રીમતી મમતા મીના, ડૉ. મમતા ભક્કડ, ડૉ. સ્વાતિ દેસાઈ તથા ડૉ. દીપિકા ગુપ્તાની સક્રિય સહભાગિતા રહી હતી.


આ કાર્યક્રમ દ્વારા નવપ્રવેશિત વિદ્યાર્થીઓમાં વિશ્વવિદ્યાલય અને વિભાગ પ્રત્યે આત્મીયતા, વિશ્વાસ અને ઉત્સાહનો ભાવ વિકસ્યો તથા તેમણે પોતાના શૈક્ષણિક જીવનની નવી સફરની શરૂઆત હકારાત્મક દૃષ્ટિકોણ અને નવા સંકલ્પ સાથે કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

## Department of Statistics

### Online Orientation Program





The Department of Statistics, Veer Narmad South Gujarat University, organized an Online Orientation Program for the newly admitted students of M.Sc. (Statistics) on July 25, 2026. In view of the heavy rainfall and flood-like situation in South Gujarat during 23–24 July 2026, and to ensure the safety of students, the orientation program was conducted in online mode.

The program commenced with a welcome address by Dr. A. J. Rajyaguru, Professor & Head, Department of Statistics, who introduced the students to the department, curriculum, academic regulations, and examination system. She encouraged the students to make the best use of the academic and research opportunities available in the department.

Dr. S. S. Patel, Assistant Professor, delivered an informative session on "Career Opportunities in Statistics," highlighting the increasing demand for

statisticians in healthcare, finance, banking, insurance, government organizations, research, data science, analytics, and higher education.

The students were also introduced to the facilities of the Departmental Library and the Central Library by Ms. Payal Sharma, Library Assistant, who explained the library services, digital resources, and borrowing facilities available to support their studies.

The interactive session concluded with students' queries being addressed regarding academics, examinations, library services, and career prospects. The online orientation program provided the newly admitted students with a clear understanding of the academic environment and motivated them to begin their postgraduate journey with confidence.

## 6th National Online Quiz for 20th National Statistics Day




20th National Statistics Day ( 29th June 2026)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
6th Online Quiz 2026

Organized by
DEPARTMENT OF STATISTICS
Veer Narmad South Gujarat University, Surat
( Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC)

**Certificate of Participation**
Senior Level

This is to certify that *Mr./ Ms. POOJA KIRAN PATIL* from **S. B. Garda college and P. K. Patel college of commerce , Navsari** has actively participated in the 6th Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2026 as a part of celebration of National Statistics Day.

Mr. Urvesh G. Raiyani, Organizing Secretary
Dr. Arti. J. Rajyaguru, Convener
Dr. R. C. Gadhvi, Registrar



**Department of Statistics**
Veer Narmad South Gujarat University, Surat
( Re- Accredited 'B++' 2.86 CGPA by NAAC)
is organizing
6th Online Quiz 2026
on
20th National Statistics Day ( 29th June 2026 )
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis

Dear All,
The Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat is conducting the 6th **Online Quiz** as a part of the National Statistics Day Celebration on the **29th June 2026**.

- **No Registration fees**
- On successful completion of the Quiz, participants scoring **50%** and above will receive an **e-certificate** through e-mail address.
- **Event Date: 29th June 2026 (12.00 am to 12.00 pm)**

| Quiz Type | Eligible Students | Quiz Link |
|---|---|---|
| Junior Level | Student of Class 8, 9 &10 | https://forms.gle/1K85pVCTuroFVSQz7 |
| | Student of Class 11 & 12 | https://forms.gle/RphCidL5evJsbfDS6 |
| Senior Level | Student of UG & PG Program (2026-27) | https://forms.gle/WuqmcPMNdTrEmxiCA |

**Great News: Now as per NEP 2020 any one can do M. Sc. (Statistics) or M. Sc. (Applied Statistics) at our department. For eligibility check link:** https://www.vnsgu.ac.in/department/517

Mr. Urvesh G. Raiyani, Organizing Secretary
Dr. Arti. J. Rajyaguru, Convener
Dr. R. C. Gadhvi, Registrar
Dr. K. N. Chavda, Vice Chancellor

More about the Department of Statistics:

Contact:
Department of Statistics, Veer Narmad South Gujarat University
Surat-395007, (Gujarat) INDIA
Contact: 0261-223110, Email: quizstatistics@vnsgu.ac.in

In a major push for data literacy, the Department of Statistics at Veer Narmad South Gujarat University (VNSGU) celebrated India's 20th National Statistics Day on June 29, 2026. The annual event commemorates the birth anniversary and enduring legacy of Professor Prasanta Chandra Mahalanobis, the father of modern Indian statistics. To mark the occasion, the department organized its flagship 6th National Online Quiz – 2026, which received an overwhelming response from students across the country.

The digital competition broke academic barriers, attracting 374 participants from diverse disciplines, including Arts, Science, Commerce, Computer Science, and Management. While the quiz primarily engaged higher education students, with 330 undergraduate and postgraduate participants, it also inspired younger learners, including 11 students from Classes 8–10 and 33 students from Classes 11–12. Demonstrating outstanding analytical abilities, 322 participants scored above the 50% benchmark, earning Merit e-Certificates from VNSGU.

The quiz witnessed enthusiastic participation not only from Gujarat but also from several states across India, highlighting its growing national reach. Participants joined from Tamil Nadu including Coimbatore, Devakottai, Thiruvattar (Kanyakumari), Chennai, Tiruppur, Theni, and Ooty; Maharashtra including Ichalkaranji, Nagpur, Yalgud, and Pune; Chhattisgarh including Raipur, Bhilai, Amleshwar (Durg), and Mahasamund; Andhra Pradesh including Visakhapatnam and Srikakulam; Telangana including Hyderabad (Ameerpet and Yousufguda); Kerala including Kunhimangalam (Kannur) and Malappuram; and Madhya Pradesh including Rewa. The event also received participation from Pirojpur, reflecting its international outreach.

VNSGU organizers noted that the widespread participation from diverse regions and academic backgrounds reflects the rapidly growing interest in statistics, data analytics, and data science across the country. The remarkable response to the 6th National Online Quiz reinforces the importance of statistical education and demonstrates that the next generation is well-prepared to contribute to India's data-driven future.

## Workshop on "Business Intelligence and Data Visualization using Microsoft Power BI."

The Department of Statistics, Veer Narmad South Gujarat University (VNSGU), Surat, successfully organized a six-day Department Level Workshop on "Business Intelligence and Data Visualization using Microsoft Power BI" as part of its Alumni Activity from July 6 to July 14, 2026. The workshop aimed to equip students with industry-relevant analytical and visualization skills, bridging the gap between academic learning and real-world applications.

The inaugural function was graced by Dr. K. N. Chavda, Hon'ble Vice Chancellor, VNSGU, while Dr. A. J. Rajyaguru, Head of the Department of Statistics, welcomed the gathering. The workshop was conducted under the guidance of Dr. Shital S. Patel, Chairperson, Department of Statistics, and coordinated by Mr. Yash Khandelwal, Event In-charge, whose dedicated efforts ensured the smooth planning and successful execution of the programme. The technical sessions were led by distinguished alumnus Mr. Amiraj Malani, who shared his professional expertise and practical insights into Business Intelligence and Microsoft Power BI.

Throughout the workshop, participants received hands-on training in Power BI Desktop, including data import and transformation using Power Query, data cleaning, data modelling, establishing relationships between tables, writing DAX (Data Analysis Expressions) formulas, and designing interactive dashboards. Students also learned to create charts, KPIs, slicers, maps, drill-through reports, and customized visualizations, enabling them to transform raw data into meaningful insights for effective decision-making. The workshop also introduced participants to real-world business intelligence applications and best practices in data visualization.

The valedictory function marked the successful completion of the workshop. Participants shared their experiences and appreciated the practical, industry-oriented nature of the sessions. Certificates were distributed to all participants, and the dignitaries congratulated the students for their enthusiastic participation and commitment to learning. Out of the 56 students, 44 successfully completed the workshop.

The programme concluded with a Vote of Thanks, the National Anthem, and a group photograph. The Department of Statistics reaffirmed its commitment to organizing such skill-oriented initiatives that enhance students' technical competencies, improve their employability, and strengthen the connection between academia and industry.


















## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### 'વિશ્વ વસ્તીદિન નિમિત્તે' જાગૃતિ કાર્યક્રમ



કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના NSS એકમ અને અર્થશાસ્ત્ર વિભાગના સંયુકત ઉપક્રમે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિશ્વમાં વધતી વસ્તી, તેના સામાજિક અને આર્થિક પ્રભાવો તેમજ પરિવાર નિયોજન, આરોગ્ય અને ટકાઉ વિકાસ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક તરીકે વસ્તી નિયંત્રણ અને જનજાગૃતિમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં NSS કાર્યક્રમ અધિકારી, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આઠ દિવસીય રોજગારલક્ષી તાલીમ કાર્યશાળા



ઈ.ચા.આચાર્યાશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ નંદી ફાઉન્ડેશનના મહિન્દ્રા પ્રાઈડ ક્લાસરૂમ પ્રોજેક્ટ દ્વારા તા. ૨૫-૦૬-૨૦૨૬ થી તા. ૦૨-૦૭-૨૦૨૬ સુધી આઠ દિવસીય રોજગારલક્ષી તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નંદી ફાઉન્ડેશનના અનુભવી ટ્રેનરશ્રી દેવાની વંદના સતરામદાસ દ્વારા ૫૩ વિદ્યાર્થિનીઓને રોજગારલક્ષી કૌશલ્યો, અસરકારક સંચાર, વ્યક્તિત્વ વિકાસ, વ્યાવસાયિક શિષ્ટાચાર, સમય વ્યવસ્થાપન અને ઇન્ટરવ્યૂ કૌશલ્ય અંગે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન ગ્રૂપ ડિસ્કશન, રોલ પ્લે, પ્રેઝન્ટેશન, મૉક ઇન્ટરવ્યૂ તેમજ રિઝ્યૂમે તૈયાર કરવાની પ્રાયોગિક પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમના પરિણામે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, જાહેર વક્તૃત્વ, નેતૃત્વ, ટીમવર્ક અને કારકિર્દી આયોજન અંગે જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો હતો.

### Society for Creation of Opportunity through Proficiency in English અંગે માર્ગદર્શન સેમિનાર



ઈ.ચા આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૦૭/૨૦૨૬ના રોજ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે SCOPE (Society for Creation of Opportunity through Proficiency in English) અંગે માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલાં વિશ્વાબેન ભાનશાળીએ વિદ્યાર્થીઓને SCOPE તાલીમના વિવિધ લાભો, અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત કરવાના મહત્વ તેમજ તેનાથી શિક્ષણ, કારકિર્દી અને વ્યક્તિત્વ વિકાસના ક્ષેત્રે ઉપલબ્ધ તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, અંગ્રેજી ભાષા દ્વારા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અને રોજગારની ઉપલબ્ધ તકો વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી અને સેમિનારને સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાંથી ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત કરી SCOPE સાથે જોડાવા માટે ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ



ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે NSS ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે શ્રી પ્રદીપ લેન્કાસર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને 'રાષ્ટ્રીય સેવા યોજના (NSS)'ના ઉદ્દેશ્યો, "Not Me But You"ના સૂત્ર, સામાજિક સેવા, વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાશક્તિની ભૂમિકા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને NSSની વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાઈ સમાજસેવામાં સક્રિય યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## 'ગુરૂપૂર્ણિમા'ની ઉજવણી



ઈ.ચા.આચાર્યાશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ 'ગુરૂપૂર્ણિમા' નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની રસિકા અને જાનકીએ પ્રાર્થનાથી કરી હતી. સમગ્ર કાર્યક્રમ અંતર્ગત ગુરૂના મહત્વ વિષે વક્તવ્યો આપવામાં આવ્યા હતા તેમજ દરેક પ્રાધ્યાપક મિત્રોનું તુલસી માતાના છોડથી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના NSS UNIT દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

## 'સમર્પણ' આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધા




જે.ઝેડ.શાહ આર્ટ્સ અને એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલી દ્વારા તા. ૨૯ જુલાઈ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય સ્તરની 'સમર્પણ' આંતર કૉલેજ પ્રાર્થના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને વિદ્યાર્થીની કાવ્યા પટેલની પ્રાર્થનાથી થઈ હતી. કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની પ્રસ્તાવના પ્રો. રુદ્રનાથ ઝાએ રજૂ કરી હતી અને અતિથિ પરિચય પ્રો. ડૉ. સ્વાતી જોષી દ્વારા આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી સંસ્થાના શ્રી કવિતાદીદી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિયમોની સમજૂતી તથા આભાર વિધિ પ્રો. ડૉ. રાજેશ્વરી મકવાણાએ કરી હતી. નિર્ણાયક તરીકે શ્રી બિનીતાબેન શાહ અને શ્રી શિવાંગીબેને સેવા આપી હતી. જ્યારે કાર્યક્રમનું સંચાલન દર્શના કળથીયાએ કર્યું હતું.

## જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## પુસ્તક પરિચય શ્રેણી–૨




તા. ૦૨/૦૭/૨૦૨૬નાં રોજ પુસ્તક પરિચય શ્રેણી–૨નું આયોજન કરાયું હતુ. જેમાં બી.બી.એ. વિભાગના ૨ વિદ્યાર્થીનીઓ (૧) તૃષા ગોયાણી "Good Vibe, Good Life" અને (૨) પ્રેક્ષા વાડનેરે "Do Epic Shit" તેમજ પ્રા. ધ્રુવીશા પાડઘાળ (બી.બી.એ.ફેકલ્ટી) એ "The Secret" વાંચેલા પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વકતવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યશાળા





તા. ૨૯/૦૬/૨૦૨૬ થી ૦૬/૦૭/૨૦૨૬ દરમિયાન ટી.વાય.બી.બી.એ.નાં વિદ્યાર્થીઓ માટે નાંદી ફાઉન્ડેશનના મહિન્દ્રા પ્રાઇડ ક્લાસરૂમ અંતર્ગત કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યશાળા યોજાઈ હતી. નાંદી ફાઉન્ડેશન તરફથી મુખ્ય તાલીમકાર શ્રી નિગમ શાહ દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રાયોગિક, રસપ્રદ અને પરસ્પર ચર્ચા આધારિત પદ્ધતિથી તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન આત્મજાગૃતિ, દેહભાષા અને વ્યાવસાયિક સજ્જતા, અભિવાદન અને સામાન્ય સંવાદ, લક્ષ્ય નિર્ધારણ અને સમય વ્યવસ્થાપન, બોલવાની કળા, વ્યાવસાયિક સંવાદ, જીવનવૃત્ત તૈયાર કરવું, મુલાકાત માટે તૈયારી, મુલાકાતનો અભ્યાસ, સમૂહ ચર્ચા, નોકરીની તક, કાર્યસ્થળની નૈતિકતા, બેઠકમાં ભાગીદારી, પ્રકલ્પ રજૂઆત, ડિજિટલ ઓળખ, નાણાં વ્યવસ્થાપન, સમસ્યા ઉકેલ, સમીક્ષાત્મક વિચારશક્તિ અને સંઘર્ષ વ્યવસ્થાપન જેવા મહત્વપૂર્ણ વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૫૦ તૃતીય વર્ષ બી.બી.એ. વિદ્યાર્થિની (બહેનો)એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાત દિવસમાં ૪૦ કલાકની તાલીમ આયોજનબદ્ધ રીતે આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ભાગ લેનાર વિદ્યાર્થિનીઓએ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યશાળા અંગે પોતાના અનુભવ રજૂ કર્યા હતા. આ તાલીમ કાર્યક્રમ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, મહિલા સશક્તિકરણ અને કારકિર્દી ઘડતર માટે અત્યંત ઉપયોગી રહ્યો હતો.

## પુસ્તક પરિચય શ્રેણી–૩



તા. ૦૯–૦૭–૨૦૨૬નાં રોજ પુસ્તક પરિચય શ્રેણી–૩નું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ (૧) શાપરા રામજી સુરેશભાઈ 'The Art of Detachment' (૨) બાબરીયા પુશકર 'રામચરિતમાનસ' (૩) પટેલ રાજ 'સટોરી' (૪) રાજપૂત અંકિતા 'Think Like a Monk' (૫) મૈસુરિયાં ખુશાલી 'તમારા મૃત્યુ પર કોણ આંસુ સારશે ?' તેમજ પ્રા.ડૉ. ચક્ષુ શાહ 'આપઘાતની ઘાત ટાળીએ' અને પ્રા. આકાશ પાટીલે 'Atomic Habits' વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વક્તવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## ઓરિએન્ટેસન કાર્યક્રમ





તા. ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના એન.એસ.એસ. શૈક્ષણિક વર્ષ–૨૦૨૬–૨૭માં પ્રવેશ લેનાર પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેસન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વક્તા તરીકે ડૉ. શોભના પ્રજાપતિ (અધ્યાપક સહાયક, બારડોલી) હાજર રહી વિદ્યાર્થીઓને એન.એસ.એસ.માં કારકિર્દીનું ઘડતર કેવી રીતે કરવું, સ્વયંથી વિકાસની શરૂઆત અને શિસ્તાના પાઠ શીખવાડયા હતા. કાર્યક્રમમાં ૨૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રથમ વર્ષનાં એક સ્વયંસેવક ભાઈ અને બહેનને એન.એસ.એસ. સ્કાફ પહેરાવી અભિનંદન તથા શુભેચ્છા પાઠવવામાં હતી.

## રાષ્ટ્રીય કેડેટ કોરનો સી.એ.ટી.સી. કેમ્પ






કૉલેજના કેડેટ્સ તા. ૨૮ જૂન થી ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ 'સંયુક્ત વાર્ષિક તાલીમ શિબિર' (સી.એ.ટી.સી.) રાજપીપળા ખાતે તાલીમમાં જોડાયા હતા. આ શિબિરનું આયોજન ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં કૉલેજના એન.સી.સી.ની ૨૨ કેડેટ્સ જોડાયા હતા. તાલીમ શિબિરનાં સાત ગ્રુપમાંથી કૉલેજના કેડેટ્સનો ઓલ ઓવર ત્રીજો રેન્ક પ્રાપ્ત થયો હતો. આ કેમ્પ દરમિયાન પાયલોટિંગ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, દોરદા ખેચ, આઈડિયા એન્ડ ઈનોવેશન, નુક્કડ નાટક એવી દરેક સ્પર્ધા યોજાઈ હતી. શિબિરમાં સી.ઓ. રંજીવસિંહ પટિયાલ અને મેજર એ.ઓ. ભાવના લોહાની હાજર રહ્યા હતા. આ શિબિરમાં દિવસ/રાત યુદ્ધ સહિત લશ્કરી યુક્તિ PI સ્ટાફ દ્વારા શીખવવામાં આવી હતી અને શસ્ત્રોથી પરિચિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં, મહત્વાકાંક્ષી કેડેટ્સને ૧૦ દિવસની તાલીમ માટે ચોક્કસ રેજિમેન્ટ સાથે જોડવામાં આવ્યા હતા. તા. ૧૧–૦૭–૨૦૨૬ ના રોજ ત્રીજા વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ફંડ ફ્લો સ્ટેટમેન્ટનું ખ્યાલ શિબિર યોજાઈ હતી. આ શિબિરનાં મુખ્ય વક્તા પ્રો.ડૉ.ભરત ભંડારી (રીટાયર્ડ એસોસીએટ પ્રોફેસર) (ઝેડ.એફ.વાડિયા વુમેન્સ કૉલેજ) હાજર રહી વિદ્યાર્થીને ફંડ ફલો સ્ટેટમેન્ટનું ખ્યાલ વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. અંતે પ્રો.ડૉ.ભરત ભંડારીએ એન.સી.સી. સી.એ.ટી.સી. કેમ્પ, રાજપીપળામાં પ્રાપ્ત કરેલ મેડલ માટે અભિનંદન પાઠવેલ હતા.

## અમરોલી સ્વનિર્ભર કૉલેજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ

અમરોલી કૉલેજ ખાતે અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે 'Population and Sustainable Future (વસ્તી અને ટકાઉ ભવિષ્ય)' વિષય પર તા. ૧૧–૦૭–૨૦૨૬ના રોજ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજની કુલ ૪૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લઈ પોતાના સર્જનાત્મક વિચારો પોસ્ટર દ્વારા રજૂ કર્યા. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની કુમારી નિધિ, દ્વિતીય ક્રમે એસ.વાય.બી.બી.એ.ની વિદ્યાર્થિની સોલંકી ઈશ્મા, તૃતીય ક્રમ એફ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની મુધવૈયા શુભમ તેમજ ચતુર્થ ક્રમ એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થીની ભંભરા અબલમ સૈયદહેમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓએ વસ્તી નિયંત્રણ, ટકાઉ વિકાસ અને ઉજ્જવળ ભવિષ્ય અંગે જાગૃતિનો સશક્ત સંદેશ આપ્યો હતો.





## એન.સી.સી. ઓરીએન્ટેશન પ્રોગ્રામ





તા. ૧૩–૦૭–૨૦૨૬ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થિનીઓ માટે એન.સી.સી. ઓરિએન્ટેસન (Orientation) પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. પુનિતા પટેલ (એસ.બી.ગાર્ડા, નવસારી કૉલેજ) હાજર રહ્યાં હતા. ડૉ. પુનિતા પટેલએ એન.સી.સી.ની વિદ્યાર્થિનીઓને એન.સી.સી.ના ઉદ્દેશ્યો, મૂલ્યો અને માળખાનો પરિચય આપ્યો હતો અને એન.સી.સી.માં જોડાવાની તકો, પ્રવૃત્તિઓ અને ફાયદાઓ વિશે જાગૃતિ

લાવવામાં આવી હતી. ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં પ્રથમ વર્ષનાં બી.બી.એ., બી.સી.એ., બી.કોમ.ની કુલ ૨૧૭ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી.

## Start up and Entrepreneurship, SSIP સેમિનાર





કૉલેજમાં તા. ૧૪–૦૭–૨૦૨૫ ના રોજ Start up and Entrepreneurship (SSIP)ની સંવેદના પર વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનાં મુખ્ય વક્તા તરીકે શ્રી કલસરિયા મયુર (Incubation Manager, ASHINE, SVNIT) હાજર રહ્યા હતા. તેમણે સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને SSIP વિષય પર માર્ગદર્શન આપ્યું હતું અને વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. આ ઉપરાંત, તેમણે સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટ અને લોનને લગતી વિવિધ સહાય યોજનાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. આ સેમીનારમાં બી.બી.એ. અને બી.સી.એ.ના કુલ ૧૫૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને તેમને સ્ટાર્ટઅપ માટે નવી તકો વિશે માહિતગાર કર્યા હતા.

## 'સમૂહ વાંચન–૧'





તા. ૦૨/૦૭/૨૦૨૬ના રોજ 'સમૂહ વાંચનઃ ૧'નું આયોજન કરાયું હતું. જેમાં કૉલેજનાં ૭૦ જેટલાં વિદ્યાર્થીઓ તેમજ આચાર્યશ્રી અને અધ્યાપકોએ ગ્રંથાલયમાં બેસીને વિવિધ પ્રકારના પુસ્તકોનું વાંચન કર્યું હતું. આ પ્રવૃત્તિનો હેતુ વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવાનો હતો.

## ઈનામ વિતરણ કાર્યક્રમ





બી.કોમ.માં શૈક્ષણિક પ્રતિભાશાળી અને ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ કૉલેજ કેમ્પસમાં તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનશ્રી તરીકે વોર્ડ નં. ૧નાં કોર્પોરેટર શ્રીમતી નયનાબેન સુરેશભાઈ ડોબરિયા, શ્રી સુરેશભાઈ ડોબરિયા, શ્રી વિજય અશોકભાઈ ભાટિયા, શ્રી રાજેન્દ્રભાઈ ગોવનભાઈ પટેલ, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ તેમજ સેક્રેટરી શ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી મહેમાનો પરિચય આપ્યો હતો. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ બી.કોમ. સેમેસ્ટર ૨,૪ અને ૬ માં શૈક્ષણિક

સિદ્ધિ હાંસલ કરનાર ૩૫ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ ૧૫ એન.સી.સી. કેડેટ્સને મહેમાનોના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન પીએચ.ડી. ડીગ્રી હાંસલ કરનાર પ્રા. ડૉ. સુનિતા યાદવનું ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બી.કોમ.નાં કૉ–ઓર્ડીનેટર તથા કૉલેજના અધ્યાપક ગણ વહીવટી સ્ટાફ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

## 'ત્રિવેણી સ્પર્ધા' (મહેંદી, નેઈલ આર્ટ અને ટેટુ મેકિંગ)






તા. ૨૦/૦૭/૨૦૨૬ના રોજ ત્રિવેણી સ્પર્ધા–મહેંદી, નેઈલ આર્ટ અને ટેટુ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં હતું. ત્રિવેણી સ્પર્ધામાં જજ તરીકે શ્રીમતી ફેનલ બારડોલીયા તેમજ શ્રીમતી નેન્સી ભીગરાડીયા હાજર રહ્યા હતા. મહેંદી સ્પર્ધામાં કુલ ૬૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં જહાનવી પ્રિયાંક દાવર (TYBCom) અને વિરડીયા ઉર્વી પરેશભાઈ (તથખહબ)એ પ્રથમક્રમ મેળવ્યો હતો. નેઈલ આર્ટ સ્પર્ધામાં કુલ ૩૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો, જેમાં વિરાણી વિશ્વા જતીનભાઈ (SYBCom) અને રૂપાલી ચૌહાણ શૈલેષભાઈ (SYBBA)એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ટેટુ મેકિંગ સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુંજડીયા શુભમ માધવજીભાઈ (TYBCOM) અને માથુકીયા ઈશા ચતુરભાઈ (FYBBA)એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો.

## ઈન્ટર ક્લાસ ચેસ ટુર્નામેન્ટ

અમરોલી કોલેજ દ્વારા ઈન્ટર ક્લાસ ચેસ ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૭ થી ૨૧ જુલાઈ ૨૦૨૬ દરમ્યાન કરવામાં આવેલ હતું. ટુર્નામેન્ટમાં કૉલેજનાં કુલ ૯૪ વિદ્યાર્થી (ભાઈઓ) અને ૭ વિદ્યાર્થીની (બહેનો) ઓએ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં મુખ્ય મહેમાન શ્રી. વેદપ્રકાશ આર. તિવારી અને શ્રી. જેનીશ પ્રવીણભાઈ ગોપાણી હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ઈન્ટર કલાસ ચેસ ટુર્નામેન્ટમાં ગર્લ્સ (બહેનો) પ્રથમ ક્રમે ભલું શ્રદ્ધા નીલેશભાઈ (એસ.વાય.બીબી.એ.), બીજા ક્રમે પ્રક્ષા વાદ્નેરે (એસ.વાય.બી.બી.એ.), તૃતીય ક્રમે હેતલ ભાલીયા (એસ.વાય.બી.સી.એ.), ચતુર્થ ક્રમે સુથાર સાંજના (એફ.વાય.બી.બી.એ.) તેમજ બોઈસ (ભાઈઓ) પ્રથમ ક્રમે યાદવ આદિત્ય (એસ.વાય.બી.સી.એ.), બીજા ક્રમે પ્રજાપતિ વ્રજ (એસ.વાય. બી.એસસી. ડી.એસ.), તૃતીય ક્રમે જોબલીયા નીલ (એફ.વાય.બી.કોમ), ચોથા ક્રમે મકવાણા નમન એસ. (ટી.વાય.બી.બી.એ), પાંચમાં ક્રમે બાવળિયા જયદીપ (એફ.વાય.બી.બી.એ.), છઠ્ઠા ક્રમે જોગણી ઓમ હિતેશભાઈ (એફ.વાય.બી.સી.એ.) વિજેતા બન્યા હતા. ઈન્ટર કલાસ ચેસ ટુર્નામેન્ટમાં વિજેતા થયેલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોનું ઈન્ટર કૉલેજ ચેસ ટુર્નામેન્ટ માટે પસંદગી થયેલ છે.



## 'માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અને આત્મહત્યા નિવારણ' વિષય પર વેબિનાર




અમરોલી કૉલેજમાં તા. ૨૭–૦૭–૨૦૨૬નાં રોજ 'Webinar on Mental Health Awareness & Suicide Prevention' વિષય પર કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે શ્રીમતી શિવાંગી ચૌહાણ (Rehabilitation Psychologist) ઉપસ્થિત રહી હતી. તેમણે માનસિક સ્વાસ્થ્યનું મહત્વ, માનસિક સમસ્યાઓના પ્રારંભિક લક્ષણોની ઓળખ તેમજ આત્મહત્યા નિવારણ માટેના અસરકારક

ઉપાયો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જરૂરિયાતના સમયે નિઃસંકોચ મદદ મેળવવા, એકબીજાને સહકાર આપવા અને સકારાત્મક તથા માનસિક રીતે સ્વસ્થ વાતાવરણનું નિર્માણ કરવા સૌને પ્રેરિત કર્યા હતા. વેબિનારના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો અને સમજણ/માર્ગદર્શન આપવામાં આવ્યા હતા, કાર્યક્રમનો મુખ્ય સંદેશ 'તમારું મન મહત્વનું છે' (Your Mind Matters) હતો, જેના દ્વારા સૌને પોતાના માનસિક આરોગ્યને પ્રાથમિકતા આપવા અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહયોગ આપવા માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી વેબિનારમાં કુલ ૪૭૭૭ વિદ્યાર્થીઓએ લાભ લીધો.

## રક્તદાન શિબિર





પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, ગોલ્ડી સોલાર ફાઉન્ડેશન, સંતોશ વુમન્સ કેર હોસ્પિટલ અને IVF સેન્ટર, સુરત રક્તદાન કેન્દ્ર અને સંશોધન કેન્દ્ર, અમરોલી મેડીકલ સર્કલ, ફેમીલી ફિઝીશયન એસોસિયેશન (FPA) સુરત, ધ વરાછા કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, એક્ઝામશાળા, લાઈન્સ કલબ ઓફ સુરત, અમરોલી પોલીસ સ્ટેશન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, કાયમી વિદ્યાર્થી મંડળ અમરોલી (BBA, BCA, B.COM), રાષ્ટ્રીય સેવા યોજના (NSS), રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ (NCC) સહયોગ અને સંયુક્ત ઉપક્રમે તા. ૨૨-૦૭-૨૦૨૬નાં રોજ 'મહારક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આમંત્રિત મહેમાન તરીકે ડૉ. સતીષ કત્રોરોડીયા (સંતોષ વુમન કેર હોસ્પિટલ), ડૉ. ભવ્યેશ સોલંકી, ડૉ. કેતન કોરડીયા, ડૉ. વિનય પંડયા, ડૉ. વિપુલ પ્રજાપતિ, ડૉ. રાજન પટેલ (અમરોલી મેડીકલ સર્કલ), શ્રી. સનત પટેલ (એડવાઈઝ ઇન્ટરનેશનલ), શ્રી ઈશ્વરભાઈ ધોળકિયા (ગોલ્ડી સોલર ફાઉન્ડેશન-ગોલ્ડી સોલાર), શ્રી હરેન્દ્રસિંહ તોમર (એક્ઝામ શાળા), શ્રી મુકેશભાઈ દેસાઈ (બીજેપી સુરત શહેર ઉપાધ્યક્ષ), શ્રી જગદીશભાઈ બોદરા (લાઈન્સ કલબ ઓફ સુરત) હાજર રહ્યાં હતા. આ રક્તદાન શિબિરમાં વિદ્યાર્થીઓ તથા કૉલેજના સ્ટાફ સભ્યો રક્તદાન કર્યું હતું. જેમાં કુલ ૮૫ જેટલી બોટલનું રક્તદાન મળ્યું હતું. આચાર્યશ્રીએ તમામ રક્તદાતાનો આભાર માન્યો હતો. ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ અને સેક્રેટરી શ્રી અશ્વનિભાઈ પટેલે તમામ રક્તદાતાને શુભેચ્છા પાઠવી હતી.

## ગુરુપૂર્ણિમા ઉત્સવ





અમરોલી કૉલેજમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ 'ગુરુપૂર્ણિમા ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી દ્વારા વિદ્યાર્થીઓને ગુરુનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. 'જ્ઞાન, ધ્યાન, ચેતના, સંસ્કાર, વિચાર, દેશ, વિશ્વ, વાતાવરણ, પ્રકૃતિ, ભક્તિ, મુક્તિ - આ તમામ બાબતોનું જ્ઞાન સદગુરુ દ્વારા પ્રાપ્ત થાય છે.' એવા સુંદર વિચારોથી ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂજનો માટે ગુરુ મહિમાનું વક્તવ્ય, ભજન, અને વિવિધ રમતોનું આયોજન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીઓ ખૂબ જ ભાવવિભોર બન્યા હતા. જયારે બી.સી.એ વિભાગમાં, દરેક વિદ્યાર્થી ગુરુનું મહત્વ સમજી શકે તે માટે ગુરુ પૂર્ણિમાની ઉજવણી વર્ગવાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા તમામ શિક્ષકોનું સ્મૃતિભેટ અને ગુલાબનાં ફૂલથી સન્માન કરવામાં આવ્યું હતું.'

## પુસ્તક પરિચય શ્રેણી–૪





અમરોલી કૉલેજમાં તા. ૩૦–૦૭–૨૦૨૬નાં રોજ પુસ્તક પરિચય શ્રેણી–૪નું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ (૧) કુંજડિયા શુભમ 'શિવ પુરાણ' (૨) દોમડીયા નેન્સી 'પ્રાકૃતિક સ્વાસ્થ્યની પગદંડી' (૩) ઝાડફિયા ઓમ 'Rich Dad Poor Dad' (૪) ડાંગરિયા ઓમ 'ક્યા Cool હૈ હમ' (૫) કાલેર ઈર્શાદ 'રાતવાસો' તેમજ પ્રા. ડૉ. સુનીતા યાદવ 'પથ અને પાથેય' અને પ્રા. ઈશા દેસાઈ '૧૦૧ Essays that will Change the way You Think' વાંચેલ પુસ્તકોના વિચારો રજૂ કર્યા હતા અને તેમના વક્તવ્ય દ્વારા શ્રોતાઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો.

## સ્ટડી વિઝિટનું આયોજન




અમરોલી કૉલેજ દ્વારા તા. ૩૦–૦૭–૨૦૨૬નાં રોજ વિદ્યાર્થીઓ માટે ASHINE ઇન્ક્યુબેશન સેન્ટર, SVNIT ખાતે સ્ટડી વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.બી.એ., બી.કોમ., બી.સી.એ., બી.એસસી.ડેટા સાઈન્સ, એમ.એસસી.આઈટી., એમ.કોમ.નાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓ મુલાકાત લીધી હતી. આ મુલાકતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સફળ ઉદ્યોગસાહસિકો (Entrepreneurs) સાથે સીધો સંવાદ કરવાનો, સ્ટાર્ટઅપ ક્ષેત્રના વ્યવહારુ અનુભવો સમજવાનો તેમજ નવીન વિચારોને બિઝનેસ મોડેલમાં કેવી રીતે રૂપાંતરિત કરવા તે અંગે માર્ગદર્શન મેળવવાનો તેમજ સફળ ઉદ્યોગસાહસિકો સાથે સીધો સંવાદ કરવાનો અને સ્ટાર્ટઅપ ક્ષેત્રના વ્યવહારુ અનુભવો સમજવાનો અવસર મળ્યો હતો. જેમાં 'Way we go'ના અનિલ આનંદ, 'Enviro wealth'ના ઓમ મિશ્રા અને 'Challenge rate' ના રાધિકા કીકાણી જેવા ઉભરતા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સે પોતાની સફળ અને SSIP 'Student Startvup and Innovation Policy' ફંડિંગ મેળવવાનો અનુભવ શેર કર્યો હતો. તેમજ નિષ્ણાત મેન્ટર્સ ડૉ. રાજેશ ચૌધરી, ડૉ. હિમાંશુ પાંડે અને શ્રી મયુર કાલસરિયા દ્વારા વિદ્યાર્થીઓને કકય. ફંડ મેળવવાની સમગ્ર પ્રક્રિયા, ગ્રાન્ટ સહાય અને વ્યવસાયિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## ઓલ ઇન્ડિયા નૌ સૈનિક કેમ્પમાં પસંદગી





એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં કૉલેજની વિદ્યાર્થી નાણા અને કલ્યાણ સમિતિ તેમજ IQAC અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તેમજ તૃતીય વર્ષ બી.કોમનાં વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું આયોજન કૉલેજનાં ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ હતું. દીપ પ્રાગટય અને ઇશ્વર વંદનાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં વલસાડની અસ્તિત્વ–મહિલા ઉત્કર્ષ સંસ્થાના એડવાઈઝરી એડવોકેટ ગીરીબાળા આચાર્ય એ મૃદુ ભાષામાં અને વિશિષ્ટ શૈલીમાં હાજર વિદ્યાર્થીનીઓને જીવનની વાસ્તવિકતા સમજાવી હતી.

એનસીસી વિભાગે રાષ્ટ્રીય સ્તરે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. કૉલેજના એનસીસી કેડેટ્સ દ્વારા સતત ત્રણ વર્ષથી ઓલ ઇન્ડિયા કેમ્પમાં પસંદગી પામીને અપ્રતિમ સફળતાની અદભુત 'હેટ્રિક' સર્જવામાં આવી છે.

આ ગૌરવપૂર્ણ શ્રેણીને આગળ ધપાવતા, કૉલેજમાં ટી.વાય.બી.કોમ. અંગ્રેજી માધ્યમ (T.Y.B.Com English Medium)માં અભ્યાસ કરતી PO CDT ખુશી ભદોરિયા (Khushi Bhadoriya)ની દેશના પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ ગણાતા "ઓલ ઇન્ડિયા નૌ સૈનિક કેમ્પ" (AINS-2026) માટે પસંદગી થઈ છે.

કેડેટ ખુશીએ તેની આકરી મહેનત અને ઉત્કૃષ્ટ પ્રદર્શનના જોરે ડ્રિલ, ફાયરિંગ તેમજ સર્વિસ સબ્જેક્ટ્સ જેવી વિવિધ કઠિન પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ પાર કરીને આ સિદ્ધિ મેળવી છે. તે હાલમાં મહારાષ્ટ્રના લોનાવાલા સ્થિત INS શિવાજી ખાતે આયોજિત રાષ્ટ્રીય કેમ્પમાં 'ગુજરાત એનસીસી ગ્રુપ'નું ગૌરવભેર પ્રતિનિધિત્વ કરી રહી છે. આ કેમ્પ દરમિયાન ગુજરાત ગ્રુપે ડ્રિલ સ્પર્ધામાં શ્રેષ્ઠ ક્રમાંક (રેન્ક) પ્રાપ્ત કરીને સમગ્ર દેશમાં ડંકો વગાડ્યો છે.

સતત ત્રીજા વર્ષે કૉલેજનું નામ રાષ્ટ્રીય ફલક પર રોશન કરવા બદલ બીલીમોરા વિભાગ કેળવણી મંડળના તમામ પદાધિકારીઓ, ઇ.ચા.આચાર્યા અને એસોસિએટ એનસીસી ઓફિસર સબ–લેફ્ટનન્ટ ડૉ. સોનલબેન વસાવા, તેમજ સમગ્ર કૉલેજ પરિવારે કેડેટ ખુશી ભદોરિયાને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## પેપર બેગ મેકિંગ સ્પર્ધા






એ.વી.પટેલ કોમર્સ કૉલેજમાં તાજેતરમાં 'પ્લાસ્ટિક મુક્ત અભિયાન' અંતર્ગત ઓન ધ સ્પોટ 'પેપર બેગ મેકિંગ સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કૉલેજ દ્વારા સંચાલિત 'રંગ કલા કૌશલ્ય ધારા' અને 'એન.સી.સી. યુનિટ'ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સ્પર્ધકોએ પોતાની કલાનો ઉપયોગ કરી ખૂબ જ સુંદર અને સર્જનાત્મક પેપર બેગ્સ બનાવીને પર્યાવરણ જાગૃતિનો ઉત્તમ સંદેશ પૂરો પાડયો હતો. સ્પર્ધામાં ભંડારી ટીશા (એસ.વાય.બી.કોમ)(અંગ્રેજી માધ્યમ) પ્રથમ ક્રમે, મનદીપકોર (એફ.વાય.બી.કોમ)(અંગ્રેજી માધ્યમ) બીજા ક્રમે અને દિવ્યા ગાયકવાડ (એફ.વાય.બી.કોમ) (ગુજરાતી માધ્યમ) ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## NEP ઓરિએન્ટેશન કાર્યક્રમ



એ. વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિ (NEP-2020) તેમજ તેના અંતર્ગત વિષય પસંદગી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે અને તેઓ કારકિર્દીલક્ષી કૌશલ્યનો વિકાસ કરી શકે તે હેતુથી NEP ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ વક્તા તરીકે ડૉ. એપીજે અબ્દુલ કલામ ગર્વમેન્ટ કૉલેજ, સેલવાસના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. હિમાંશુભાઈ ચાપાનીએ વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિના મુખ્ય ઉદ્દેશો, વિષય પસંદગીની પ્રક્રિયા, મલ્ટિડિસિપ્લિનરી અભ્યાસની તકો, સ્કિલ ડેવલપમેન્ટ તથા ભવિષ્યની કારકિર્દી માટે ઉપલબ્ધ વિવિધ અવસરો અંગે વિસ્તૃત અને માર્ગદર્શક માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી નવી શિક્ષણ નીતિ અંગે સ્પષ્ટ સમજ પ્રાપ્ત કરી હતી.

## 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી

એ.વી.પટેલ કોમર્સ કૉલેજના NCC યુનિટ દ્વારા 'કારગિલ વિજય દિવસ'ની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે કૉલેજના ઇ.ચા.આચાર્ય તથા NCCના સબ લેફ્ટનન્ટ ડૉ. સોનલ વસાવા અને NCC કેડેટ્સ દ્વારા કારગિલ યુદ્ધના અમર શહીદ જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. દેશના વીર શહીદોની સાથે સાથે તાજેતરમાં પૂરની હોનારતમાં જીવ ગુમાવનારા દિવંગત આત્માઓની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં NCC કેડેટ્સે દેશભક્તિની થીમ પર પ્રેરણાદાયી

વક્તવ્યો રજૂ કર્યા હતા તેમજ પોતાના સુંદર અને અર્થસભર પોસ્ટર્સ દ્વારા દેશપ્રેમનો સંદેશ વહેતો કર્યો હતો. આ પ્રસંગે NCC કેડેટ્સ દ્વારા માત્ર સીમાઓ પર જ નહીં, પરંતુ જરૂર પડે ત્યારે દેશના આંતરિક સંકટ સમયે પણ દેશસેવા કરવાના દ્રઢ સંકલ્પ લેવામાં આવ્યા હતા. વિશેષરૂપે, પૂરની પરિસ્થિતિથી પ્રભાવિત થયેલા લોકોને શક્ય તમામ મદદરૂપ થવા માટે કેડેટ્સે એકસૂરે કટિબદ્ધતા દર્શાવી હતી. કાર્યક્રમ દેશભક્તિ અને સામાજિક ઉત્તરદાયિત્વના ભાવ સાથે સંપન્ન થયો હતો.

## GST AWARNESS કાર્યક્રમ





એ. વી. પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરામાં દ્વિતીય વર્ષ બી.કોમ.નાં વિદ્યાર્થીઓને GST અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી કૉલેજની IQAC, કેરિયર ગાઈડન્સ તેમજ એકાઉન્ટસી વિભાગનાં સંયુક્ત ઉપક્રમે GST AWARNESS કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞ વક્તા તરીકે વલસાડ શહેરનાં જાણીતા એડવોકેટ શ્રી અલ્પ ઉપાધ્યાયે પોતાનાં વક્તવ્યમાં વિદ્યાર્થીઓને આ વિષય પર હળવી રમૂજી અને સરળ શૈલીમાં બૃહદ ચર્ચા કરી હતી તથા ભવિષ્યની કારકિર્દી માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે વિસ્તૃત અને ઉપયોગી માહિતી આપી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવી GST અંગે સ્પષ્ટ સમજ પ્રાપ્ત કરી હતી.

## 'નાણાકીય છેતરપિંડી અંગે જાગૃતિ' વિષય પર સેમિનાર

એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા ખાતે કૉલેજના સાયબર સિક્યુરિટી સેલ અને IQACના સંયુક્ત ઉપક્રમે તૃતીય વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ એક દિવસીય 'ફાઇનાન્સિયલ ફ્રોડ એવરેનેસ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વિવિધ પ્રકારની નાણાકીય છેતરપિંડી, સાયબર આધારિત નાણાકીય ગુનાઓ તેમજ વ્યક્તિગત અને નાણાકીય માહિતીની સુરક્ષા માટે જરૂરી સાવચેતી અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે SEBI માસ્ટર ટ્રેનર શ્રી વિકાસ ચાંદેગ્રા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે નાણાકીય છેતરપિંડી અંગે જાગૃતિ, સુરક્ષિત નાણાકીય વ્યવહારો તથા છેતરપિંડીથી બચવા માટે સજાગ અને સતર્ક રહેવાના મહત્વ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.




સેમિનારમાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ.સોનલબેન વસાવા, IQAC કો–ઓર્ડિનેટર પ્રો. વર્ષાબેન રાણા તેમજ કૉલેજના શિક્ષક અને બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ સેમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મુખ્ય વક્તા દ્વારા આપવામાં આવેલી નિષ્ણાત સલાહ તથા વ્યવહારુ માહિતીનો લાભ લીધો હતો.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ડિજિટલ અને નાણાકીય સેવાઓનો ઉપયોગ કરતી વખતે સજાગ, માહિતગાર અને જવાબદાર રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### National Doctors' Day Celebration – 2026



C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara, in collaboration with the Homoeopathic Medical Association of India (HMAI), Vyara Unit, celebrated National Doctors' Day on 1st July 2026 with a meaningful programme dedicated to honoring the medical profession.

The programme commenced with an inspiring address by Principal Dr. Jyoti Rao, who highlighted the significance of National Doctors' Day and emphasized the invaluable role of doctors in serving society with dedication, compassion, and integrity. She encouraged students to uphold the noble values of the medical profession throughout their careers.

The celebration then featured an enlightening seminar by Dr. Zameer F. Refai, MD (Hom.), Ph.D. (Hom.), on "The Doctor's Mind: What Psychiatry Teaches Us About the Physician Who Heals". During his talk, he emphasized that a physician's own physical and mental well-being is essential for delivering quality healthcare. He explained that maintaining good health, emotional balance, and resilience enables doctors to provide compassionate, ethical and patient-centered care. The session inspired students to understand that caring for the physician is equally important as caring for the patient, as both are essential for better health outcomes.

A Doctors' Felicitation Ceremony was also organized, during which the faculty members and clinicians were honored with small appreciation gifts as a token of gratitude for their selfless service, dedication and invaluable contribution to medical education and patient care.

The programme concluded with a vote of thanks, leaving everyone inspired by the values of compassion, professionalism and service. The entire event was successfully organized by the Activity Committee and Seminar Committee under the guidance of Principal Dr. Jyoti Rao.

## Hahnemann Memorial Pledge Ceremony-2026





The Hahnemann Memorial Pledge Ceremony was held on 2nd July 2026 at 11:00 A.M. at C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara, in collaboration with the HMAI Vyara Unit, as per the directions of the National Commission for Homoeopathy (NCH).

The programme was organized to pay tribute to Dr. Samuel Hahnemann on his death anniversary and to reaffirm the commitment to ethical medical practice, compassionate patient care, and the noble ideals of the homoeopathic profession.

The teaching, non-teaching, and hospital staff assembled at the College Open Auditorium and took the Hahnemann Memorial Pledge. Simultaneously, all students participated in the pledge ceremony in their respective classrooms along with their faculty members.

The event was organized by the Activity Committee with the support and encouragement of Principal Dr. Jyoti Rao.

## Cyber Crime Awareness Session 2026







A Cyber Crime Awareness Session was organized on 11 July 2026 at C. N. Kothari Homoeopathic Medical College and Research Centre, Vyara, in coordination with the Kakrapar Police Station Cyber Crime Cell, for students and faculty members.

The programme was gracefully anchored by Ms. Jeel Trivedi (4th BHMS student), who welcomed the gathering and introduced the purpose of the awareness session. The programme commenced with Deep Prajwalan by Police Inspector Shri V. K. Patel, Dr. Bhavin Modi (Academic Head), and Dr. Dhruni Birari (Activity

Head), followed by the welcome address by Dr. Bhavin Modi. The guests were felicitated with bouquets.

The awareness session was conducted by Police Inspector Shri V. K. Patel, Kakrapar Police Station, and PSI Shri Bhathvare, Cyber Crime Branch, Vyara Police Station. Members of the "She" Team were also present during the programme. The speakers created awareness about cyber crimes, online frauds, cyber safety, digital payment security, social media safety, and the importance of reporting cyber crimes promptly. They also guided the participants on preventive measures for the safe and responsible use of digital platforms.

At the end of the awareness session, all students, faculty members, and guests collectively took the Cyber Awareness Pledge, reaffirming their commitment to practicing safe online behaviour, protecting personal information, reporting cyber crimes, and promoting responsible use of digital technology. The programme concluded with a vote of thanks by Ms. Jeel Trivedi, followed by the National Anthem. The entire programme was conducted by Dr. Dhruni Birari, Activity Committee Head, along with the Activity Committee, under the guidance of Dr. Jyoti Rao, Principal.

## ડૉક્ટર્સ ડે નિમિત્તે સેમિનારનું આયોજન










ડૉક્ટર્સ–ડેની ઉજવણી નિમિત્તે સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાની ડૉક્ટર્સ ડે સેલિબ્રેશન સેમિનાર કમિટી તથા કો–કરિક્યુલર કમિટીએ હોમિયોપેથીક મેડિકલ એસોસિએશન ઑફ ઇન્ડિયા (HMAI), વ્યારા યુનિટના સહયોગથી તા. ૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ રમા હર્ષદ હોલ ખાતે સેમિનારનું આયોજન કર્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા ડૉ. ઝમીર એફ. રેફાઈ (એમ.ડી. હોમ., પીએચ.ડી.)નું કૉલેજ વતી પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ આર. રાવ તથા એકેડેમિક હેડ ડૉ. ભાવિન મોદી દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. HMAI વ્યારા યુનિટ વતી સંયુક્ત સચિવ ડૉ. ભાવના પટેલ તેમજ સેમિનાર કમિટીના ડૉ. વૈશાલી ચૌધરી અને ડૉ. સ્વપ્નિલ ખેંગર દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ આર. રાવે સ્વાગત પ્રવચન આપી મુખ્ય વક્તાનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ ડૉ. ઝમીર એફ. રેફાઈએ "The Doctorcs Mindo What Psychiatry Teaches Us  About the Physician Who Heals" વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે, ડૉક્ટરો પણ તણાવ, બર્નઆઉટ, ચિંતા, ડિપ્રેશન અને માનસિક થાક જેવી સમસ્યાઓમાંથી પસાર થાય છે. તેમણે વાસ્તવિક ક્લિનિકલ ઉદાહરણો દ્વારા ડૉક્ટરો માટે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવાનું મહત્વ સમજાવ્યું તેમજ સ્વ–સંભાળ, ભાવનાત્મક સ્થિરતા અને સમયસર સહાય મેળવવા માટે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પ્રેરિત કર્યા. અંતે પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવ દ્વારા મુખ્ય વક્તાને સ્મૃતિચિહ્ન અને પ્રશંસાપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. HMAI વ્યારા યુનિટના સચિવ ડૉ. તુષાર ઢીમર તથા કો–કરિક્યુલર કમિટીના ડૉ. ધ્રુણી બિરારી દ્વારા પણ સ્મૃતિભેટ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. હનેમેનિયન શપથ તથા અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

## Guru Purnima Celebration 2026





Guru Purnima was celebrated with great enthusiasm at C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara. The programme was attended by all teaching staff, the Activity Committee, and students. The event began with Deep Pragatya (lamp-lighting ceremony) and was anchored by Ms. Disha Verma, Ms. Feni Nakrani, and Ms. Alpita Solanki (3rd BHMS). Dr. Jyoti Rao, Principal, and Dr. Bhavin Modi, Academic Head, addressed the gathering and highlighted the importance of Guru Purnima. Students of 2nd and 3rd BHMS presented a cultural dance performance, followed by the felicitation of teachers by the students. Fun games for teachers and a cake-cutting ceremony added joy to the celebration. The programme concluded with a Vote of Thanks delivered by Ms. Disha Verma (3rd BHMS) and ended with the National Anthem. The celebration was a meaningful occasion that strengthened the bond between teachers and students and expressed gratitude for the invaluable contribution of teachers.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### AIના યુગમાં પણ ગુરુનું સ્થાન અવિસ્મરણીયઃ ગુરુ પૂર્ણિમા નિમિત્તે પ્રેરણાદાયી વ્યાખ્યાન





નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના NSS યુનિટ દ્વારા પ્રિન્સિપાલ ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુરુ પૂર્ણિમા નિમિત્તે પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તથા ભૂતપૂર્વ NSS કો–ઓર્ડિનેટર શ્રી ભરતભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું મહત્વ સમજાવતાં જણાવ્ય કે, AIના યુગમાં માહિતી તો સરળતાથી મળી શકે, પરંતુ સાચી દિશા, જીવનમૂલ્યો, સંસ્કાર અને ચારિત્ર્યનું ઘડતર માત્ર ગુરુ જ કરી શકે છે. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વ્યાખ્યાનમાં ભાગ લીધો અને ગુરુના માર્ગદર્શનને જીવનમાં આત્મસાત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી.

### રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસની ઉજવણી



નવસારીની ઐતિહાસિક અને અગ્રણી શૈક્ષણિક સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારી ખાતે કૉલેજના આંકડાશાસ્ત્ર વિભાગ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯/૦૬/૨૦૨૬ના રોજ પ્રો. પી.સી.મહાલનોબીસની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત કુ. ક્રિષ્ના વારુળકરની સુંદર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ પટેલ તેમજ મુખ્ય વક્તા તરીકે ડૉ. આર.ડી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે, આવનાર દિવસોમાં આંકડાશાસ્ત્રનું ભવિષ્ય ઉજ્જવળ હોય વિદ્યાર્થીઓએ વિષયની ગંભીરતા સમજી આગળ વધવાની જરૂર છે. આ કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. આર.ડી.પટેલ દ્વારા આંકડાશાસ્ત્રના આધુનિક સમયમાં વધતા મહત્વ, સંશોધન અને વિવિધ ક્ષેત્રોમાં તેના ઉપયોગ અંગે માહિતીસભર અને પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવ્યું હતું, કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીમિત્રોએ રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસના મહત્વ, આંકડાશાસ્ત્રના વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ તેમજ તેના રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે આંકડાશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી નિપુલ મિસ્ત્રી દ્વારા વિશેષ આયોજન અને જહેમત ઉઠાવવામાં આવી હતી.

## GST: Evolution, Impact & Recent Developments વિષય પર સેમિનાર



નવસારી જિલ્લાની અગ્રેસર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા ગાર્ડા કૉલેજમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના વડપણ હેઠળ એકાઉન્ટન્સી વિભાગ અને IQA Cellના સંયુક્ત ઉપક્રમે સી.એ. દિવસ અને જી.એસ.ટી. દિવસની ઉજવણીના ભાગરૂપે બીજા વર્ષ બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે  તારીખ ૦૧ જુલાઈ ૨૦૨૬ના રોજ "GST: Evolution, Impact & Recent Developments" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વક્તા તરીકે સાસ્કમા કૉલેજના આસીસ્ટન્ટ પ્રાધ્યાપક સી.એ. અભિષેક દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. સેમિનારની શરૂઆત બી.એ. સેમ.–૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની રિયા જાદવની સુંદર પ્રાર્થના દ્વારા થઈ હતી. ઇ.ચા.આચાર્યશ્રી દ્વારા વક્તાશ્રીનું સ્મૃતિભેટ, પુષ્પ ગૃચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુર્જરે પોતાના વક્તવ્યમાં GST વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, જે રીતે અર્થતંત્રને આગળ ધપાવવા માટે GST જરૂરી છે તેમ પોતાના જીવનમાં ધ્યેય સિદ્ધ કરવા માટે પણ GST એટલે કે Greed, Slap અને Threat જરૂરી છે. વક્તા શ્રી દેસાઈ સરે પોતાના વક્તવ્યમાં GST અંગેની તમામ માહિતી પ્રેઝેન્ટેશન દ્વારા આપી હતી. અંતે વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સમાધાન પણ આપ્યું હતું. કાર્યક્રમની સફળતા બદલ કૉલેજના ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## "ઓપરેશન સુરક્ષિત સાઈબર શક્તિ" કાર્યક્રમ (સાઈબર સિક્યોરીટી એન્ડ વુમન સેફટી અવેરનેશ)





એસ.બી.ગાર્ડા કૉલેજ (આર્ટ્સ) એન્ડ પી.કે.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, નવસારી, સાઈબર સિક્યોરીટી સેલ અને IQAC તેમજ સાઈબર ક્રાઈમ બ્રાંચ નવસારીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ 'ઓપરેશન સુરક્ષિત સાઈબર શક્તિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધનમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં મોબાઇલના કારણે થતી આડ અસરો વિષે અને ભારતીય પારિવારિક ઢાંચામાં થતી નકારાત્મક અસરો પર પ્રકાશ પાડયો હતો. કાર્યક્રમના વક્તા વિશેષ શ્રી ધ્રુવ ભટ્ટ સાઈબર એક્પર્ટે વિદ્યાર્થીઓને વિવિધ પ્લેટફોર્મ પર થતી છેતરપીંડી અને તેનાથી બચવા ક્યા પગલા ભરવા જોઈએ તેની માહિતી આપી. આ ઉપરાંત તેમણે ૧૯૩૦ ટોલ ફ્રી નંબર, ચક્ષુ પોર્ટલ, ઈ–ત્રિશુલ જેવી એપ્લીકેશનથી પણ માહિતગાર કર્યા. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી.

## ઓરીએન્ટેશન અને કેરીયર કાઉન્સિલ પ્રોગ્રામ



એસ.બી.ગાર્ડા કૉલેજમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી વિભાગ તથા આઈ.ક્યુ.એ. સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૦૯/૦૭/૨૦૨૬ના રોજ ઓરીએન્ટેશન અને કેરીયર કાઉન્સિલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્બોધન આપતાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને સતત પરિશ્રમ કરવા માટે પ્રેરિત કર્યા

હતા. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં બધી જ બાબતો સરળતાથી મળી રહે છે પરંતુ એ બાબતોમાંથી આપણને ઉપયોગી બાબતો શોધવી કેવી રીતે એ જ્ઞાન શિક્ષક પાસેથી જ મળશે. વધુમાં તેઓએ વિદ્યાર્થીઓને પોતાના ધ્યેય માટે સતત પરિશ્રમ કરવા અને અજ્ઞાનતાની નિંદ્રામાંથી જાગી જવા હાકલ કરી હતી અને આવા કાર્યક્રમો યોજવા માટે સમગ્ર વિભાગને અભિનંદન પાઠવ્યાં હતા. આ કાર્યક્રમમાં ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે અંગ્રેજી વિભાગના અધ્યક્ષા ડૉ. રાધા ગૌતમે અંગ્રેજી વિભાગનો સમગ્ર ચિતાર રજૂ કર્યો હતો સાથે જ ડૉ. જીતેન્દ્ર પરમાર અને માનસીબા સરવૈયા દ્વારા અંગ્રેજી વિભાગ દ્વારા કરવામાં આવતી વિવિધ રચનાત્મક પ્રવૃતિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ જ વિભાગના અધ્યાપક ડૉ. નેહા હરિયાણીએ અંગ્રેજી વિભાગમાં અભ્યાસ બાદ રોજગારના વિવિધ ક્ષેત્રમાં રહેલી તકો વિશે માહિતી આપી હતી. સાથે જ તેઓએ રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ દ્વારા એક સાથે બે ડીગ્રી મેળવવાની તકનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

## 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી અંતર્ગત વિશેષ વ્યાખ્યાન




જ્ઞાન, સંસ્કાર અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કેન્દ્રમાં રાખીને વસ્તી વધારાની વૈશ્વિક સમસ્યાઓ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી નવસારીની જાણીતી શૈક્ષણિક સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીના અર્થશાસ્ત્ર વિભાગ અને IQACના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ વસ્તી દિવસ' નિમિત્તે એક વિશેષ વ્યાખ્યાનનું ભવ્ય આયોજન તારીખ ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. રિન્કુ ભંડેરી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી મધુર પ્રાર્થનાથી થઈ હતી, જેનાથી સમગ્ર હોલનું વાતાવરણ પવિત્ર અને આનંદિત બની ગયું હતું. ત્યારબાદ કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. તેમણે વસ્તી વધારાની વૈશ્વકિ અસરો અને યુવા પેઢીની જવાબદારીઓ પર પ્રકાશ પાડયો હતો. આ સાથે જ તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્ય મહેમાનશ્રીનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટથી શાબ્દિક અને ભાવભર્યું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પધારેલા નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના આચાર્ય ડૉ. વિનોદચંદ્ર પટેલનો પરિચય અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે ડૉ. વિનોદચંદ્ર પટેલની શૈક્ષણિક કારકિર્દી, સંશોધન ક્ષેત્રે આપેલા યોગદાન તથા અર્થશાસ્ત્ર વિષયમાં તેમના વિશિષ્ટ કાર્યનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. મુખ્ય વક્તા ડૉ. વિનોદચંદ્ર પટેલે પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે, વિશ્વ વસ્તી દિવસએ માત્ર કેલેન્ડરની તારીખ નથી પરંતુ તે વૈશ્વિક જાતિ નિર્ધારકો, સામાજિક કાર્યકરો અને સામાન્ય નાગરિકો માટે ગંભીર ચિંતનનો દિવસ છે.

## અષાઢી બીજ નિમિત્તે ભારતીય જ્ઞાન પરંપરાના આધુનિક સમયમાં સાર્થકતા અંગે વ્યાખ્યાન




ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૮૧ વર્ષથી શૈક્ષણિક ગુણવત્તા, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, સંશોધન અને ભારતીય સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે કાર્યરત એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારી ખાતે વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન પરંપરા પ્રતિ આદરની ભાવના વિકસે તેવા કાર્યક્રમોનું આયોજન નિયમિત કરવામાં આવ્યું છે. આ જ અનુસંધાને કૉલેજના ઇન્ડિયન નોલેજ સિસ્ટમ સેલ અને I.Q.A.Cellના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬/૦૭/૨૦૨૬ (અષાઢી બીજ)ના રોજ "આધુનિક સમયમાં ભારતીય જ્ઞાન પરંપરાની સાર્થકતા" વિષય પર વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની કુ. દિપાલી સાલવી દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પોતાના ઉદ્બોધનમાં ભારતીય જ્ઞાન પરંપરાના મૂલ્યો, જીવનદર્શન, વર્તમાન સમયમાં ગુરુ મહત્તા અને જીવનમાં તેમની અનિવાર્યતા તેમજ શિક્ષણ ક્ષેત્રે તેની પ્રાસંગિકતા વિષે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. સુનિતા બી. પટેલે પોતાના વ્યાખ્યાનમાં ભારતીય જ્ઞાન પરંપરાના વૈદિક, દાર્શનિક, નૈતિક અને વૈજ્ઞાનિક પાસાઓનું સુંદર નિરૂપણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતીય જ્ઞાન પરંપરા માત્ર પ્રાચીન વારસો નથી, પરંતુ આધુનિક જીવનની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે પણ અત્યંત પ્રાસંગિક અને માર્ગદર્શક છે. તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને જ્ઞાન પરંપરાના અભ્યાસ દ્વારા જીવનમાં સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવાની પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ પટેલે પણ

ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ વ્યાખ્યાનમાં કૉલેજના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન પરંપરા અંગે નવી સમજણ અને ગૌરવની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળ્યું હતું.

## પ્રવેશોત્સવ





નવસારીની વિદ્યાર્થી પ્રિય ગાર્ડા કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૦૨૭માં પ્રથમ વર્ષ બી.કોમ.માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર એમ. ગુર્જરના અધ્યક્ષ સ્થાને તા. ૧૮–૦૭–૨૦૨૬નાં રોજ IQA Cell દ્વારા 'પ્રવેશોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્યશ્રી રાકેશ દેસાઈ અને અતિથિ વિશેષ તરીકે નવસારી મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી જયેશકુમાર ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત વિદ્યાર્થીની રીયા જાધવની પ્રાર્થનાથી થઈ હતી. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચનમાં વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણ અને સંસ્કારની મહત્તા સમજાવી હતી. મહેમાનોનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિ ભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. તેજસ મિસ્ત્રીએ કૉલેજ વિશેની તમામ માહિતીઓનો ચિતાર પ્રેઝન્ટેશન દ્વારા આપ્યો હતો. કમિશ્નરશ્રી જયેશભાઈ ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને ગોલ સેટિંગ, ટાઈમ મેનેજમેન્ટ, સાંપ્રત સમયની તકનીકોમાં પારંગતતા કેળવી આર્થિક રીતે પગભર બનવાની પ્રેરણા આપી હતી. ધારાસભ્યશ્રી રાકેશ દેસાઈએ જીવનમાં આવતા તમામ પરિવર્તનોનો સામનો કરવા માટે હિંમતભેર આગળ વધીને દેશના વિકાસમાં ફાળો આપવાની હાંકલ કરી હતી. મહેમાનોના હસ્તે વિદ્યાર્થીઓનું સ્વાગત કરી આવકાર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટીશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન અંગે સેમિનાર



એસ.બી. ગાર્ડા કૉલેજ, નવસારી ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ઉજ્જવળ કારકિર્દીના નિર્માણના ધ્યેય સાથે વિવિધ શૈક્ષણિક, કારકિર્દી માર્ગદર્શન તથા કૌશલ્યવર્ધક કાર્યક્રમોનું નિયમિત આયોજન કરવામાં આવે છે. આ જ શ્રેણીમાં કૉલેજના કરીયર ગાયડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ, ઓ.બી.સી. અને માયનોરીટી સેલ તેમજ I.Q.A.Cellના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧/૦૭/૨૦૨૬ના રોજ નવા લાયબ્રેરી હૉલ ખાતે 'સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો અંગે સેમિનાર'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. વ્યોમા વૈદ્ય દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે આજના સ્પર્ધાત્મક યુગમાં યોગ્ય આયોજન, સચોટ માર્ગદર્શન અને સતત મહેનત દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તથા કેન્દ્રીય સ્તરની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી શકે છે. ત્યારબાદ મહાનુભાવોનું પુસ્તક–પુષ્પ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તાઓનો પરિચય ડૉ. અશ્વિન શર્મા દ્વારા કરાવવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે શ્રી સર્વોત્તમભાઈ (સેન્ટર હેડ) અને શ્રી સુરેશભાઈ (એજ્યુકેશન ડાયરેક્ટર)એ વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, અભ્યાસનું આયોજન, સમય વ્યવસ્થાપન, પરીક્ષાની નવી પદ્ધતિ, કારકિર્દીની તકો તેમજ સફળતા માટે જરૂરી વ્યૂહરચના અંગે વિસ્તૃત અને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડયું હતું. તેમણે વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, આત્મવિશ્વાસ અને યોગ્ય દિશામાં સતત પ્રયત્નો દ્વારા સફળતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. આ સેમિનારમાં કૉલેજના અધ્યાપકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના અંતે યોજાયેલ પ્રશ્નોતરી સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોપુછીને પોતાની જિજ્ઞાસાનું સમાધાન મેળવ્યું હતું. કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડનાર અને તેમના ભાવિ કારકિર્દી નિર્માણમાં પ્રેરણાદાયી સાબિત થયો હતો.

## મિસિસ જર સાવક માદન ગીત ઝલ સ્પર્ધા




એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી ખાતે ડિબેટ સમિતિ અને આઈ.ક્યુ.એ.સી. સેલના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'મિસિસ જર સાવક માદન ગીત ગઝલ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ કૉલેજની વિદ્યાર્થીની દીપાલી સાલવી દ્વારા પ્રાર્થના સાથે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું સ્વાગત કરતાં કૉલેજના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થીઓને સંગીત, સાહિત્ય અને સર્જનાત્મક અભિવ્યક્તિના માધ્યમથી પોતાની પ્રતિભાને વિકસાવવાની તેમજ આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની પ્રેરણા આપી હતી. સ્પર્ધાના નિયમોની માહિતી આપ્યા બાદ વિદ્યાર્થીઓએ વિવિધ ગીતો અને ગઝલોની ઉત્સાહભેર રજૂઆત કરી પોતાની કલાત્મક પ્રતિભાનું મનમોહક પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં કુલ ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. અરવિંદ પટેલ અને ડૉ. આશા પટેલે સેવા આપી હતી. તેમણે તમામ રજૂઆતોનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓને રચનાત્મક માર્ગદર્શન પૂરું પાડયું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે દીપાલી સાલવી, દ્વિતીય ક્રમે સરિતા રાજભર તથા તૃતીય ક્રમે ક્રીશા કાનાણી અને મિઝબા ઉસ્માની વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમમાં ડિબેટ સમિતિના અધ્યક્ષા ડૉ. નેહા હરિયાણી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ગુરૂપૂર્ણિમા ગૌરવજ્ઞાન કાર્યક્રમ



એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારી ખાતે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, ગુરુ–શિષ્ય પરંપરા અને જીવનમૂલ્યો પ્રત્યે આદરની ભાવના વિકસે તે હેતુથી મનોવિજ્ઞાન વિભાગ તથા IQACના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ 'ગુરુપૂર્ણિમા ગૌરવગાન' કાર્યક્રમનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. રીયા જાધવ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ છે. ગુરુ માત્ર જ્ઞાન આપનાર જ નહીં, પરંતુ જીવનના ઘડવૈયા છે. ગુરુના માર્ગદર્શન વિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શક્ય નથી. તેમણે વિદ્યાર્થીઓને ગુરુ પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને સંસ્કારમય જીવન જીવવાનો સંદેશ આપ્યો હતો. ત્યારબાદ ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરુજનોને માટે ભાવ–વંદના કરવા માટે કૉલેજના વિદ્યાર્થીઓ પાંડે યોગિતા, ટંડેલ પ્રણાલી, ક્રિષ્ના, આકિફા, પાયલ, પૂર્વીબેન દેસાઇ, શાહીન લાજપોરિયા, કવિતા, સાહિલ, શાહિન, નાયકા મીત, કિંજલ વગેરેએ ખૂબ જ સુંદર વક્તવ્યો રજૂ કર્યા. તમામ વિદ્યાર્થી ભાઈ–બહેનોના વકતવ્યમાં કૉલેજના ગુરુજનો પરત્વેનો પ્રેમ, લાગણી અને કૃતજ્ઞતાનો ભાવ ખૂબ જ સહજ રીતે વ્યક્ત થયો હતો. આ પ્રસંગે કૉલેજના ઉપાચાર્યશ્રી હિતેશભાઈ પટેલ તથા મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક ડૉ. અશ્વનિ શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં ડૉ. સમીરા ખલીફા દ્વારા આભારદર્શન કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઇન્ચાર્જ આચાર્યશ્રી, અધ્યાપકગણ, વિદ્યાર્થીઓ તેમજ આયોજન સાથે સંકળાયેલા તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે યોજાયેલ આ કાર્યક્રમ દ્વારા ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા, ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને શિક્ષણના આદર્શોનો પ્રેરણાદાયી સંદેશ પ્રસરી ગયો હતો.

## વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધા



એસ.બી.ગાર્ડા કૉલેજમાં ડિબેટ સમિતિ અને આઈ.ક્યુ.એ.સેલના સંયુક્ત ઉપક્રમે તારીખ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના

માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સમકાલીન વિષયો પર પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કર્યા હતા. વક્તૃત્વ સ્પર્ધા માટે 'યુવાશક્તિઃ રાષ્ટ્ર નિર્માણની સૌથી મોટી તાકાત કે પડકાર?' અને 'ટેક્નોલોજીઃ આશીર્વાદ કે અભિશાપ?' જ્યારે નિબંધ સ્પર્ધા માટે 'પ્રકૃતિનું રક્ષણ એ જ જીવનનું રક્ષણ' વિષય નક્કી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી થયો હતો. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધનમાં યુવાશક્તિને રાષ્ટ્રની સૌથી મોટી મૂડી ગણાવી ટેક્નોલોજીના જવાબદાર ઉપયોગ અને પર્યાવરણ સંરક્ષણની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધામાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં યુવરાજ પુરોહિત (આશાદીપ ઇન્ટરનેશનલ સ્કૂલ) પ્રથમ સ્થાને, વિધિ ટંડેલ (બી.સી.જે.હાઈસ્કૂલ) દ્વિતીય સ્થાને અને જયના પી. શાહ (શેઠ આર.જે.જે.સ્કૂલ) તૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા. ડૉ. અશ્વનિકુમાર શર્મા અને ડૉ. સુરભી પરમારે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. નિબંધ સ્પર્ધામાં અવની ઘડીયાળી (શેઠ આર.જે.જે. સ્કૂલ) પ્રથમ સ્થાને, આનંદી મીર (અંબિકા સ્કૂલ) દ્વિતીય સ્થાને અને આયશા શેખ (મૌલાના અબ્દુલ કલામ આઝાદ ગર્લ્સ હાઈસ્કૂલ) તૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. આશા પટેલે કામગીરી સંભાળી હતી.

## અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

### ઓરિએન્ટેશન કાર્યક્રમ

અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મિડિયમ કૉલેજ, વેસુ, સુરત ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭માં પ્રવેશ મેળવનાર બી.એ., બી.કોમ. અને બી.બી.એ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ભવ્ય ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને કૉલેજના શૈક્ષણિક વાતાવરણ, નિયમો, મૂલ્યો અને વિવિધ પ્રવૃત્તિઓથી પરિચિત કરાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે થઈ હતી. ત્યારબાદ કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ગૌતમ દુઆ દ્વારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. તેમણે વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના મહત્વ, શિસ્ત, સમયનું મૂલ્ય અને સર્વાંગી વિકાસ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ડૉ.યુ.ટી. દેસાઈ, કૉલેજના મુખ્ય સલાહકારે વિદ્યાર્થીઓને જીવનમાં જ્ઞાન, મૂલ્યો, વ્યક્તિત્વ વિકાસ અને સકારાત્મક અભિગમનું મહત્વ સમજાવ્યું. તેમણે વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસમાં જ નહીં પરંતુ સહઅભ્યાસિક અને વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને કૉલેજની વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમતગમત, એન.એસ.એસ., કારકિર્દી માર્ગદર્શન, પુસ્તકાલય, પરીક્ષા પદ્ધતિ તથા અન્ય સુવિધાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઉપરાંત વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને રેગિંગના ગંભીર દુષ્પરિણામો તથા તે સંબંધિત શૈક્ષણિક, આર્થિક અને કાનૂની સજાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.








### પીએચ.ડી.




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગના સંશોધક વિદ્યાર્થી તથા અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લિશ મિડિયમ કૉલેજ, સુરત ખાતે એકાઉન્ટન્સીના આસિસ્ટન્ટ પ્રોફેસર શૌર્ય આશિષ શાહે "A Study on Investors Buying Preference Towards Various Forms of Gold Investment Options in Surat City of Gujarat State" વિષય પર સફળતાપૂર્વક સંશોધન કાર્ય પૂર્ણ

કરતાં તેમને પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરવામાં આવી છે. આ સંશોધન કાર્ય ડૉ. ડેઇઝી શેબી થેક્કનલ, વાઇસ પ્રિન્સિપાલ (બી.બી.એ.), ઉધના સિટિઝન કૉલેજના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. આ સંશોધનમાં સુરત શહેરના રોકાણકારોની સોનાના વિવિધ રોકાણ વિકલ્પો પ્રત્યેની ખરીદીની પસંદગી, જાગૃતિ, રોકાણ વલણ તથા રોકાણને પ્રભાવિત કરતા વિવિધ પરિબળોનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## કાવ્ય પઠન સ્પર્ધા







સુરતની અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે રસ, ભાષાકૌશલ્ય, આત્મવિશ્વાસ તથા અભિવ્યક્તિ કૌશલ્યના વિકાસના હેતુથી કાવ્ય પાઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી કવિતાઓનું ભાવસભર પઠન રજૂ કર્યું.

સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાના ઉચ્ચારણ, સ્વર, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસથી ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા. સ્પર્ધામાં પ્રથમ ક્રમે સંયુક્ત રીતે જાનવી ચોપરા અને કાશિશ સપરિયા વિજેતા બન્યા. દ્વિતીય ક્રમે અંશિકા જૈન અને તૃતીય ક્રમે શ્રેયા ગુપ્તા વિજેતા બન્યા.

કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે આવી સાહિત્યિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ભાષા પ્રત્યેનો પ્રેમ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કૉલેજના ચીફ એડવાઇઝર ડૉ. યુ. ટી. દેસાઈએ પણ તમામ સહભાગી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા પ્રેરણા આપી.

## પુસ્તક પરિચય સ્પર્ધા





અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં વિદ્યાર્થીઓમાં વાંચનની અભિરુચિ, વિવેચનાત્મક વિચારશક્તિ, ભાષાકૌશલ્ય અને અભિવ્યક્તિ કૌશલ્યના વિકાસના હેતુથી પુસ્તક સમીક્ષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બી.એ., બી.કોમ. અને બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પુસ્તકોની અસરકારક સમીક્ષા રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ પુસ્તકના વિષયવસ્તુ, લેખકના વિચારો, પાત્રચિત્રણ, લેખનશૈલી અને પુસ્તકના મુખ્ય સંદેશનું સુંદર વિશ્લેષણ કરીને પોતાની વાંચનક્ષમતા અને વિશ્લેષણાત્મક દૃષ્ટિનો પરિચય આપ્યો હતો. ઉપસ્થિત સૌએ વિદ્યાર્થીઓની રજૂઆતને હર્ષભેર વધાવી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રિન્સ સાહની, દ્વિતીય ક્રમે જાનવી ચોપરા તથા તૃતીય ક્રમે નીલ પટેલ વિજેતા બન્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. ગૌતમ દુઆએ કૉલેજના માર્ગદર્શક ડૉ. યુ. ટી. દેસાઈ દ્વારા રચિત 'અંગ–અંગની અંગ કસરત (માઇક્રો યોગા)' પુસ્તકની સમીક્ષા રજૂ કરી હતી. તેમણે પુસ્તકમાં સમાવિષ્ટ સરળ અને ઉપયોગી સૂક્ષ્મ યોગ કસરતોના આરોગ્યલક્ષી મહત્વ પર પ્રકાશ પાડયો હતો તેમજ વિદ્યાર્થીઓને નિયમિત વાંચન સાથે સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃત રહેવાનો સંદેશ આપ્યો હતો.

કૉલેજના માર્ગદર્શક ડૉ. યુ. ટી. દેસાઈએ જણાવ્યું કે પુસ્તક વાંચન અને પુસ્તક સમીક્ષા જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃદ્ધિ, તર્કશક્તિ અને સર્જનાત્મક વિચારસરણીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. વિદ્યાર્થીઓને નિયમિત વાંચનની ટેવ વિકસાવવા અને આવી સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા પ્રેરણા આપી.

## મહેંદી સ્પર્ધા






અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ તથા ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિવિધ આકર્ષક, કલાત્મક અને પરંપરાગત મહેંદીની ડિઝાઇન રજૂ કરી હતી. નિર્ણાયકોએ ડિઝાઇનની કલાત્મકતા, સ્વચ્છતા, નવીનતા અને રજૂઆતના આધારે વિજેતાઓની પસંદગી કરી હતી. જેમાં પ્રથમ ક્રમે પ્રતીક જયસ્વાલ, દ્વિતીય ક્રમે ચૌધરી મોતી અને ઈશા વર્મા, તેમજ તૃતીય ક્રમે નિશા શર્મા અને વિધિ કડિયા વિજેતા બન્યા હતા.

## કારગિલ વિજય દિવસની ઉજવણી











અગ્રવાલ વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજ ખાતે કારગિલ વિજય દિવસ નિમિત્તે ભારતીય સેનાના શૂરવીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે કૉલેજ પરિવાર દ્વારા કારગિલ યુદ્ધમાં દેશની રક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર વીર સૈનિકોના અદમ્ય સાહસ, શૌર્ય અને બલિદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને કારગિલ યુદ્ધના ઇતિહાસ, ભારતીય સેનાના અવિસ્મરણીય પરાક્રમ તેમજ દેશપ્રેમ, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રસેવાના મૂલ્યો અંગે માહિતગાર કરવામાં આવ્યા. ઉપસ્થિત સૌએ શહીદ જવાનોને મૌન પાળી દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને દેશની એકતા, અખંડિતતા તથા સુરક્ષા માટે સદા સમર્પિત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. કૉલેજના પ્રમુખ શ્રી સંજય સરાવગી, ચીફ એડવાઇઝર ડૉ. યુ. ટી. દેસાઈ તથા ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆએ ભારતીય સેનાના શૂરવીરોને શ્રધ્ધાંજલિ અર્પિત કરી. કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજ પરિવારના સહયોગથી સંપન્ન થયું અને સમગ્ર વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું.

## ગુરુ પૂર્ણિમાની ઉજવણી







અગ્રવાલ વિદ્યા વિહાર અંગ્રેજી માધ્યમ કૉલેજમાં ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગુરુના મહાન યોગદાન તેમજ શિષ્યના જીવનમાં તેમના માર્ગદર્શનના મહત્વને ઉજાગર કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને મા સરસ્વતીની વંદના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ સંસ્કૃત શ્લોકોનું પઠન કર્યું તેમજ કવિતાઓ અને પ્રેરણાદાયી વચનો દ્વારા પોતાના ગુરુઓ પ્રત્યેની કૃતજ્ઞતા અને આદરભાવ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાને પ્રોત્સાહન આપવા રંગોળી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ગુરુ પૂર્ણિમાની થીમને કેન્દ્રમાં રાખી આકર્ષક અને કલાત્મક રંગોળીઓ રજૂ કરી હતી. સ્પર્ધામાં પ્રથમ ક્રમે શ્રેયા વૈદ્યાની ટીમ, તથા દ્વિતીય ક્રમે ઇશા ઠાકોરની ટીમ વિજેતા બની હતી. કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં શિક્ષણ, સંસ્કૃતિ અને આત્મવિકાસમાં ગુરુની અનન્ય ભૂમિકા વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ગુરુતત્વ પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે, 'ગુરુ એ એવો માર્ગદર્શક છે, જે જીવનના ગહન અંધકારમાંથી જ્ઞાન અને પ્રકાશ તરફ દોરી જાય છે.'

## સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.પી.બી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત.

### પોસ્ટર મેકિંગ સ્પર્ધા





એસ.પી.બી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે કવચ સેલ દ્વારા તા. ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાયબર સિક્યુરિટી અવેરનેસ વિષય અંતર્ગત 'Think Before You Click' વિષય પર આંતરવર્ગીય પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તથા ડિજિટલ દુનિયામાં વધતા સાયબર ગુનાઓ સામે સતર્કતા કેળવવાના હેતુથી આયોજિત આ સ્પર્ધામાં વિવિધ વર્ગોના કુલ ૧૪ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકોએ પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક કૌશલ્ય દ્વારા સાયબર સુરક્ષા, ઓનલાઈન છેતરપિંડી, સોશિયલ મીડિયા સેફ્ટી, પાસવર્ડ સુરક્ષા અને સાયબર ક્રાઈમથી બચવાના વિવિધ સંદેશાઓને આકર્ષક અને અર્થસભર પોસ્ટરો દ્વારા રજૂ કર્યા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. હિરા પંડ્યા અને ડૉ. રવિ પટેલે સેવા આપી હતી. નિર્ણાયકો દ્વારા સર્જનાત્મકતા, વિષયની સુસંગતતા અને રજૂઆતના આધારે પોસ્ટરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં કુ. ટીશા તુલસીભાઈ વસાઈએ પ્રથમ ક્રમ, કુ. જિયા પીયૂષ ગાંદેવિયાએ દ્વિતીય ક્રમ અને કુ. સકીના કુરેશ સાયકલવાલાએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર આયોજન કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ સમગ્ર સ્પર્ધાનું સંકલન કવચ સેલના કો–ઓર્ડિનેટર ડૉ. ધ્રુવ ગાંગડવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.આશિષ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

## આંતરવર્ગીય મેહંદી સ્પર્ધા



એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતની સાંસ્કૃતિક સમિતિ દ્વારા તા. ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ કૉલેજ લાઈબ્રેરી ખાતે આંતરવર્ગીય મેહંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કૉલેજની કુલ ૨૭ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધા માટે બ્રાઇડલ મેહંદી, ઇન્ડિયન ફેસ્ટિવલ અને ટ્રેડિશનલ મેહંદી જેવી ત્રણ આકર્ષક થીમ રાખવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ થીમને અનુરૂપ વિવિધ પ્રકારની આકર્ષક અને કલાત્મક મેહંદી ડિઝાઇનો રજૂ કરી હતી. દરેક કૃતિમાં સ્વચ્છતા, સૂક્ષ્મતા, સંતુલન, સર્જનાત્મકતા અને ભારતીય પરંપરાની સુંદર ઝલક જોવા મળી હતી. સ્પર્ધા દરમિયાન સમગ્ર વાતાવરણ ઉત્સાહ અને સર્જનાત્મકતાથી છલકાતું હતું.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. મિતાલી પટેલ અને ડૉ. દીપિકા રાવલિયાએ સર્જનાત્મકતા, થીમની રજૂઆત, ડિઝાઇનની સ્વચ્છતા, કલાત્મક અભિવ્યક્તિ અને એકંદર રજૂઆતના આધારે નિષ્પક્ષ મૂલ્યાંકન કર્યું હતું.જેમા પટેલ હીરે પ્રથમ સ્થાન, હેનીશા ચોકસીએ દ્વિતીય સ્થાન અને તૃતીય સ્થાન રિધ્ધિ જેઠવા, પ્રાચી પટેલ અને રિયા ભરુચીએ સંયુક્ત રીતે પ્રાપ્ત કર્યું હતું.

આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપવા, ભારતીય સંસ્કૃતિ અને પરંપરાગત કલાઓ પ્રત્યેની અભિરુચિ વિકસાવવા તેમજ સર્જનાત્મક અભિવ્યક્તિ માટે ઉત્તમ મંચ પૂરું પાડે છે.

## એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ અને પર્યાવરણની પાઠશાળાનું આયોજન






એસ.પી.બી. ઈંગ્લિશ મીડીયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ પ્રથમ વર્ષ બી.કોમ.ના નવા એન.એસ.એસ. સ્વયંસેવકો માટે એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમ તથા" પર્યાવરણની પાઠશાળા"નું સંયુક્ત આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા નવા સ્વયંસેવકોને એન.એસ.એસ.ના ઉદ્દેશો, સૂત્ર, વિવિધ પ્રવૃત્તિઓ, વિશેષ શિબિરો તેમજ સમાજસેવા, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણમાં એન.એસ.એસ.ની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા વર્ષ દરમિયાન યોજાતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી વિદ્યાર્થીઓને સક્રિયપણે જોડાવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શ્રી અજીતભાઈ જૈન, શ્રી કોમલસિંહ રાજપૂત તથા શ્રી અંશુલ ગુપ્તાજી દ્વારા "પર્યાવરણની પાઠશાળા" અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે પર્યાવરણ સંરક્ષણ, ટકાઉ જીવનશૈલી, જળ અને વૃક્ષોનું મહત્વ તેમજ દૈનિક જીવનમાં પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવાના વિષય પર રસપ્રદ અને પ્રેરણાદાયી સંવાદ યોજાયો હતો. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવી હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં એન.એસ.એસ. સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લઈ વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સમાજસેવા, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને ટકાઉ વિકાસ માટે જવાબદારીની ભાવના વધુ મજબૂત બને તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## રક્તદાન શિબિર





એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના એન.એસ.એસ. યુનિટ દ્વારા સુરત રક્તદાન કેન્દ્ર અને રોટરી કલબ ઓફ સુરતના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ કૉલેજ કેમ્પસ ખાતે રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. માનવ સેવા અને સામાજિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વૈચ્છિક રક્તદાન કરીને સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે Federation of Family Physiciansc Association of Indiaના પૂર્વ અધ્યક્ષ ડૉ. જયેન્દ્ર કાપડિયએ ઉપસ્થિત રહી રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'રક્તદાન એ જીવનદાન સમાન છે. એક વ્યક્તિનું રક્તદાન અનેક દર્દીઓ માટે આશાનું કિરણ બની શકે છે'. કાર્યક્રમમાં કૉલેજ એડમિનિસ્ટ્રેટિવ કમિટીના ચેરમેન શ્રી નિખિલ મદ્રાસી તેમજ રોટરી કલબ ઓફ સુરતના શ્રી વિનિત પંચાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓના સેવાભાવને બિરદાવી ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓમાં જોડાયેલા રહેવા પ્રેરણા આપી હતી. આ રક્તદાન શિબિરનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં સેવાભાવ, માનવતા અને સામાજિક પ્રતિબદ્ધતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવી એક પ્રેરણાદાયી પહેલ કરવાનો હતો. આ રક્તદાન શિબિરમાં કુલ ૩૬ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જેમાં ૨૪ વિદ્યાર્થી અને ૧૨ વિદ્યાર્થિનીઓએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કર્યું હતું. સુરત રક્તદાન કેન્દ્રની નિષ્ણાંત તબીબી ટીમ દ્વારા તમામ જરૂરી આરોગ્ય સુરક્ષા ધોરણોનું પાલન કરીને રક્ત સંગ્રહની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

## વલસાડના પૂરગ્રસ્ત પરિવારોને રાહત સામગ્રીનું વિતરણ

એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સ, સુરતના એનએસએસ યુનિટ દ્વારા વલસાડ જિલ્લાના પૂરગ્રસ્ત પરિવારો માટે રાહત અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩ અને ૨૪ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન વલસાડ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદને કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિમાં અનેક પરિવારોને ભારે આર્થિક નુકસાન અને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કૉલેજ દ્વારા માનવસેવાના ઉમદા હેતુથી રાહત સામગ્રી એકત્રિત કરવામાં આવી હતી. તા. ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લાના ભદેલી જગાલાલા ગામનાં નવી દીપલી ફળિયા તથા મોટા ફળિયામાં જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાહત સામગ્રીમાં ૨૦૦ કિલોગ્રામ ચોખા, ૧૦૦ કિલોગ્રામ તુવેર દાળ, ૨૦ કિલોગ્રામ જુવાર, ૨૦ કિલોગ્રામ ઘઉં, ૧૫ કિલોગ્રામ ઘઉંનો લોટ, ૨૫ કિલોગ્રામ મિશ્ર અનાજ, ૧૦ કિલોગ્રામ ગોળ તથા ૧૦ કિલોગ્રામ મીઠું સહિતની આવશ્યક ખાદ્યસામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્ત્રી, પુરુષ અને બાળકો માટે ૧૫૦૦થી વધુ જોડી કપડાં પણ પૂરગ્રસ્ત પરિવારોને આપવામાં આવ્યા હતા. આ રાહતકાર્ય અંતર્ગત નવી દીપલી ફળિયાના ૫૫ પરિવારોના અંદાજે ૨૭૦ સભ્યો તથા મોટા ફળિયાના ૧૨૦ પરિવારોના અંદાજે ૬૧૦ સભ્યો, એમ કુલ ૧૭૫ પરિવારોના આશરે ૮૮૦ લાભાર્થીઓને રાહત સામગ્રી પહોંચાડવામાં આવી હતી. આ પ્રસંગે શ્રીમતી હેતલબેન પટેલ (વલસાડ જિલ્લા પ્રમુખ), શ્રી જીતેન્દ્રકુમાર બી. ટંડેલ (સરપંચશ્રી, ભદેલી જગાલાલા ગામ), શ્રીમતી હસુમતીબેન ટંડેલ (તાલુકા પંચાયત ઉપપ્રમુખ), ડૉ. હેમલતાબેન પરમાર (ઇન્ચાર્જ આચાર્ય, વલસાડ લો કૉલેજ), ડૉ. તન્વી દેસાઈ (અધ્યાપક, વલસાડ લો કૉલેજ),શ્રી મિતેશ પટેલ (કલાર્ક) તેમજ એસપીબી ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઓફ કોમર્સના ૯ એનએસએસ સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના સ્ટાફ સભ્યો, વિદ્યાર્થીઓ અને એનએસએસ સ્વયંસેવકોએ ઉત્સાહભેર સહભાગી બની રાહત સામગ્રીના એકત્રીકરણ, પેકિંગ, પરિવહન અને વિતરણની કામગીરી નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી હતી. સમગ્ર રાહત અભિયાન ઇ.ચા. આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રતિક પસ્તાગિયા અને ડૉ. ચિંતલ મોઢના સંકલનથી કરવામાં આવ્યું હતું.





## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### 'નવી શિક્ષણ નીતિ–૨૦૨૦' અંગે માર્ગદર્શન કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીઆ ખાતે નવી શિક્ષણ નીતિ–૨૦૨૦થી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે તા. ૦૪/૦૭/૨૦૨૬ના રોજ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત નવી શિક્ષણ નીતિ (NEP) શું છે, એની વિશેષતાઓ, અભ્યસક્રમ, ABC ID, ક્રેડિટ માળખું તેમજ સ્વયમ્, સ્વયમ્ પ્લસ, સાથી પોર્ટલ તેમજ NEP સારથી પોર્ટલના ઉદ્દેશો, કાર્યો અને વિદ્યાર્થીઓ માટેની ઉપયોગીતા વિશેની માહિતીસભર જાણકારી NEP કૉ–ઓર્ડિનેટર ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા પ્રથમ વર્ષ બી.એ.ના ૧૫૭ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

### GSET પરીક્ષાના માર્ગદર્શન અંગે ગેસ્ટ લેક્ચર



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીઆમાં ઊદિશા–પ્લેસમેન્ટ સેલ, અર્થશાસ્ત્ર વિભાગ અને Alumni કમિટિના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને GSET, NET, Ph.D. તથા ઉચ્ચ શિક્ષણની વિવિધ તકો અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા. ૦૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ GSET પરીક્ષા અંગે માર્ગદર્શન વિષય પર ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ Smt. H. C. Patel (Kandari) Arts and Commerce College, Miyagam Karjan ખાતે અર્થશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. સુમિતકુમાર પરસોત્તમદાસ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઇ.ચા. આચાર્યશ્રી પ્રા. ડૉ. નિયતિ બી. ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા ડૉ. સુમિતકુમાર પરમારે વિદ્યાર્થીઓને GSET પરીક્ષાનું મહત્વ, પાત્રતા, પરીક્ષાની રચના, અભ્યાસક્રમ, તૈયારીની વ્યૂહરચના, સમય વ્યવસ્થાપન તથા કારકિર્દીની તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી સત્રમાં પોતાની શંકાઓનું નિરાકરણ મેળવ્યું હતું.

### વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે 'ભારત માટે વસ્તી લાભદાયક છે કે નુકસાનકારક છે?' વિષય પર વિચાર લેખન સ્પધા



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિઆના અર્થશાસ્ત્ર વિભાગ, સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અને NSSના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧/૦૭/૨૦૨૬ના રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે 'ભારત માટે વસ્તી લાભદાયક છે કે નુકસાનકારક છે?' વિષય પર વિચાર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇ.ચા. આચાર્યશ્રી પ્રા. ડૉ. નિયતિબેન બી. ભટ્ટે પ્રાસંગિક ઉદબોધનમા વિશ્વ વસ્તી દિવસના મહત્વ તથા વસ્તી અને વિકાસ વચ્ચેના સંબંધ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૨૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વસ્તી વૃદ્ધિ, માનવ સંસાધન, રોજગાર, શિક્ષણ અને ટકાઉ વિકાસ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ પાસેથી ૫ (પાંચ) લેવલ લિકર્ટ સ્કેલ આધારિત પ્રતિસાદ મેળવવામાં આવ્યો હતો, જેમાં કાર્યક્રમને જ્ઞાનવર્ધક અને ઉપયોગી ગણવામાં આવ્યો હતો.

### વૃક્ષારોપણ કાર્યક્રમ



પર્યાવરણ સંરક્ષણ, હરિત કેમ્પસ અને ટકાઉ વિકાસના ઉદ્દેશોને સાકાર કરવા માટે શ્રીરંગનવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તારીખ ૧૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાનો, વૃક્ષોના મહત્વ અંગે સમજણ વિકસાવવાની તથા હરિત પરિસર નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી હતી. વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરી હરિત અને સ્વચ્છ પર્યાવરણના નિર્માણ માટે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. પ્રસંગોપાત ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન બી. ભટ્ટે વિદ્યાર્થીઓને વૃક્ષોના જતન અને સંવર્ધન માટે પ્રેરિત કરતાં જણાવ્યું કે વૃક્ષો માત્ર પર્યાવરણનું સંતુલન જ જાળવતા નથી, પરંતુ માનવ જીવનના અસ્તિત્વ માટે પણ અત્યંત આવશ્યક છે. તેમણે વિદ્યાર્થીઓને 'વૃક્ષ વાવો–પ્રકૃતિ બચાવો'નું સૂત્ર આપીને પર્યાવરણ સંરક્ષણમાં સક્રિય યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને સંવેદનશીલતા વિકસે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા કૉલેજે હરિત કેમ્પસ, પર્યાવરણ જાગૃતિ અને સામાજિક જવાબદારી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી હતી. કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને ઉપસ્થિત સૌએ પર્યાવરણ સંરક્ષણ માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

## Orientation કાર્યક્રમ



તા. ૨૨–૭–૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલીયા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના NSS યુનિટ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે એક દિવસિય "Orientation" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ કૉલેજમાં નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ આ સેવાકીય પ્રવૃતિઓ માં જોડાઈ અને એનાથી પરિચિત થાય તેવો હતો. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટે પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે પોતાના વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રના નિર્માણમાં NSSની ભૂમિકા શું છે એ વિષય પર પ્રેરણના ધારી માહિતી પૂરી પાડે હતી. NSS કો–ઓડીનેટર ડૉ. પુષ્પાબેન પટેલે NSS શું છે? એના કાર્યો ક્યા ક્યા છે? અને Not me But you, (હું નહીં પરંતુ આપ)ના સૂત્રની માહિતી વિદ્યાર્થીઓને આપી અને રાષ્ટ્રીય સેવાના કાર્યો જેવા કે ખાસ શિબિર અને અન્ય વિવિધ સેવાકીય કાર્યો વિશેની વિગતવાર માહિતી પૂરી પાડી હતી.

## 'સાહિત્યકારશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતિ' નિમિત્તે વકૃત્વ સ્પર્ધા



તા. ૨૧–૦૭–૨૦૨૬ના રોજ ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટની પ્રેરણાથી ગુજરાતી સાહિત્યમાં વાસુકી ઉપનામથી જાણીતા 'સાહિત્યકારશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતિ' નિમિત્તે 'ઉમાશંકર જોશી સ્મરણ પર્વ'ને ધ્યાનમાં રાખી વકૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. પુષ્પા પટેલ દ્વારા ઉપસ્થિત કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રીનું તથા ઉપસ્થિત અધ્યાપકોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં પ્રેરક બળ તરીકે ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટએ વિદ્યાર્થીઓને આશીર્વચનો પાઠવી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. "આજના યુગમાં ઉમાશંકર જોશીના વિચારોની પ્રાસંગિકતા" સ્પર્ધામાં પ્રથમ ક્રમે વસાવા પ્રિયંકાબેન મહેશભાઈ દ્વિતીય ક્રમે વસાવા પીનલબેન તૃતીય ક્રમે વસાવા સાધનાબેન મહેશભાઈ વિજેતા થયા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના ગુજરાતી વિષયના તેમજ અન્ય ભાષા વિભાગના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સર્જક ઉમાશંકરના જીવન અને સાહિત્ય સર્જન વિશે જાણકારી મેળવી કાર્યક્રમ માણ્યો હતો.

## Orientation Programme



તા. ૨૭/૦૭/૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા M.A. Semester-1 (Economics) Orientation Programmeનું આયોજન

કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ, પી.જી. ઇન્ચાર્જ દ્વારા વિદ્યાર્થીઓને M.A. અભ્યાસક્રમ, Programme Outcomes (POs), Course Outcomes (COs), પરીક્ષા પદ્ધતિ, સંશોધન, NET/SET, કારકિર્દીની તકો તથા વિભાગીય પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. શિતલ ડી. મિસ્ત્રી દ્વારા લાઇબ્રેરી, ઈ–રિસોર્સિસ અને વિદ્યાર્થી સહાય સેવાઓ અંગે માહિતી આપવામાં આવી. કાર્યક્રમમાં ૧૮ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા અને પ્રશ્નોત્તરી તથા પ્રતિસાદ સત્રમાં સક્રિય સહભાગી બન્યા. આ ઓરિએન્ટેશન કાર્યક્રમ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ, સંશોધન અને કારકિર્દી માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડનાર સાબિત થયો.

## "e-PG Pathshala: પરિચય, ઉપયોગ અને લાઇવ ડેમોન્સ્ટ્રેશન" કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ ૨૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ M.A.ના વિદ્યાર્થીઓ માટે "e-PG Pathshala: પરિચય, ઉપયોગ અને લાઇવ ડેમોન્સ્ટ્રેશન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ, પી.જી. ઇન્ચાર્જ દ્વારા પ્રોજેક્ટની મદદથી e-PG Pathshala પોર્ટલનો પરિચય, વિષયવાર ઇ–કન્ટેન્ટ, વિડિયો લેક્ચર્સ અને ડિજિટલ અભ્યાસ સામગ્રીનો ઉપયોગ અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું. કાર્યક્રમમાં ૧૮ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક હાજર રહ્યા અને ડિજિટલ શિક્ષણના આ મહત્વપૂર્ણ પ્લેટફોર્મનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તેની વ્યવહારુ સમજ મેળવી. કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયન, ICT આધારિત શિક્ષણ અને ઉચ્ચ ગુણવત્તાવાળા ડિજિટલ શૈક્ષણિક સંસાધનોના ઉપયોગ માટે પ્રેરણાદાયી સાબિત થયો.

## લાઇબ્રેરી ઓરિએન્ટેશન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયાના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૭ જુલાઈ, ૨૯૨૬ના રોજ M.A.ના વિદ્યાર્થીઓ માટે લાઇબ્રેરી ઓરિએન્ટેશન મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને લાઇબ્રેરીની કોમ્પ્યુટરાઇઝ્ડ વ્યવસ્થા, વર્તમાનપત્રોના આર્થિક સમાચાર અને તંત્રીલેખના અભ્યાસનું મહત્વ સમજાવવામાં આવ્યું. ઉપરાંત EPW, અર્થસંકલન, યોજના, Economic Affairs, Arthashastra જેવા સામયિકો, સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો, વિશ્વવિદ્યાલય ગ્રંથ નિર્માણ બોર્ડના અર્થશાસ્ત્રના પુસ્તકો તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના સંદર્ભ ગ્રંથોનો પરિચય કરાવવામાં આવ્યો. આ મુલાકાતમા ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને લાઇબ્રેરીના શૈક્ષણિક સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવાની વ્યવહારુ સમજ પ્રાપ્ત કરી.





## પ્રવેશોત્સવ–૨૦૨૬




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયામાં તારીખ ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ પ્રવેશોત્સવ–૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતીના ચરણોમાં દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી.

કાર્યક્રમમાં ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. નિયતિબેન ભટ્ટએ નવી પ્રવેશિત વિદ્યાર્થીનીઓને સંબોધિત કરી હતી. તેમણે

વિદ્યાર્થીનીઓને માત્ર શૈક્ષણિક અભ્યાસ પૂરતો મર્યાદિત ન રહી, પરંતુ કૌશલ્ય વિકાસ, વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ અને આંતરિક શક્તિઓના વિકાસ માટે સહઅભ્યાસિક તથા ઇતર પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા પ્રેરિત કર્યા. ઉપરાંત કૉલેજમાં ચાલતા એડ–ઓન કોર્સ, સર્ટિફિકેટ કોર્સ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના માર્ગદર્શન વર્ગો તેમજ વિવિધ વિભાગોની અને ધારાઓની પ્રવૃત્તિઓમાં જોડાવા અનુરોધ કર્યો.

તેમણે પોતાના સંબોધનમાં વિદ્યાર્થીનીઓને જણાવ્યું કે, અભ્યાસ કે વ્યક્તિગત જીવનમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી, સમસ્યા અથવા માનસિક મૂંઝવણ અનુભવાતી હોય તો કોઈપણ જાતના અચકાટ વિના અધ્યાપકમિત્રો સાથે ખુલ્લા મનથી પોતાની વાત શેર કરવી જોઈએ. કૉલેજ પરિવાર હંમેશા તેમના માર્ગદર્શન અને સહયોગ માટે પ્રતિબદ્ધ છે.

કાર્યક્રમ દરમિયાન ઇકોનોમિક્સ વિભાગના પી.જી. ઇન્ચાર્જ અને વિભાગના અધ્યક્ષ ડૉ. દિલાવરખાન પઠાણ દ્વારા વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે આયોજિત નિબંધ સ્પર્ધાના પરિણામોની જાહેરાત કરવામાં આવી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા તેમજ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બનેલી વિદ્યાર્થીનીઓને ઇનામો અર્પણ કરવામાં આવ્યા. નવપ્રવેશિત વિદ્યાર્થીનીઓનું કૉલેજ પરિવારે પુષ્પ અર્પણ અને શાબ્દિક સ્વાગત કરીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

## થાળી ડેકોરેશન સ્પર્ધા




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે તારીખ ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઇનોવેશન ક્લબ, કલા કૌશલ્ય ધારા અને હોમ સાયન્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગૌરીવ્રત નિમિત્તે પૂજા થાળી ડેકોરેશન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ ૨૧ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની આસ્થાનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કૉલેજના સેક્રેટરી ડૉ. વનરાજસિંહ મહિડાની વિશેષ ઉપસ્થિતિ સમગ્ર કાર્યક્રમનું આકર્ષણ બની રહ્યું હતું, તેમણે વિદ્યાર્થીનીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આવી સર્જનાત્મક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે ભારતીય પરંપરા, સંસ્કૃતિ અને કળાના સંવર્ધન સાથે વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભાને સતત વિકસાવતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમના પ્રેરણાદાયી માર્ગદર્શનથી વિદ્યાર્થીનીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થયો હતો. કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટે વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક વિકાસની સાથે સાંસ્કૃતિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાઈ પોતાની પ્રતિભાને વધુ નિખારવા પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે પ્રોફેસર સોનલબેન ઘરીયા અને પ્રોફેસર શીતલબેનએ નિષ્પક્ષ રીતે વિદ્યાર્થીનીઓની કૃતિઓનું મૂલ્યાંકન કર્યું હતું અને તેમની સર્જનાત્મકતાને બિરદાવી હતી. કાર્યક્રમનું સુંદર અને અસરકારક સંચાલન પ્રોફેસર નીમિષાબેન માટીયેડા દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં રજૂ થયેલી વિવિધ આકર્ષક અને કલાત્મક પૂજા થાળીઓએ સૌનું મન મોહી લીધું હતું. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. આવી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનીઓમાં સર્જનાત્મકતા, સૌંદર્યબોધ, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો ગૌરવભાવ અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે, તેવો અભિપ્રાય ઉપસ્થિત મહાનુભાવોએ વ્યક્ત કર્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વસાવા રોશની અને વસાવા દીપીકા આવ્યા હતા.

## જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, આભવા ગામ, સુરત.

### વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા



શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત ખાતે કાર્યકારી ઇ.ચા.આચાર્યા સ્વર્ણિમા જૈનના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS Unit)ના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં મહાવિદ્યાલયના કુલ ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વસ્તી, વિકાસ, સંસાધનોના સંતુલિત ઉપયોગ અને ટકાઉ વિકાસ જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વસ્તી સંબંધિત સમકાલીન પ્રશ્નો પ્રત્યે જાગૃતિ વિકસાવવી તેમજ તેમની વક્તૃત્વ ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો હતો. વિદ્યાર્થીઓની વિચાર–પ્રસ્તુતિ બાદ પ્રાધ્યાપક હાર્દિકકુમાર શેલડિયા એ વસ્તી વૃદ્ધિના ભૌગોલિક, આર્થિક અને સામાજિક પાસાઓ પર માર્ગદર્શન આપતાં જણાવ્યું કે ભારતની સૌથી મોટી શક્તિ તેની યુવા વસ્તી છે. જો યુવાનોને ગુણવત્તાસભર શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારની પૂરતી તકો પ્રાપ્ત થાય તો તેઓ દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

પ્રાધ્યાપિકા જયા પંડિત એ વસ્તી અને વિકાસ વચ્ચેના સંતુલન, સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ અને જાગૃત નાગરિક બનવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. સાથે સાથે તેમણે સ્પર્ધકોના વક્તૃત્વ કૌશલ્ય અને વિષયવસ્તુનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરીને જરૂરી સૂચનો પણ આપ્યા. સ્પર્ધા પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું, જેમાં સિદ્ધાર્થ પાંડે પ્રથમ સ્થાન, શિવ રાઠોડે દ્વિતીય સ્થાન અને પીયૂષ શર્માએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. તમામ સ્પર્ધકોને સહભાગિતા પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યા. જેમને પુરસ્કાર પ્રાપ્ત ન થયા તેમને નિરાશ ન થવા અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત તથા આશ્વસ્ત કરવામાં આવ્યા.

## ઓરિએન્ટેશન કાર્યક્રમ




શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ, આભવા, સુરત ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૦૨૭ના પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કોમ.ના નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ મા સરસ્વતીના ચરણોમાં દીપ પ્રાગટ્ય તથા સરસ્વતી વંદના સાથે કરવામાં આવ્યો. આ અવસરે મહાવિદ્યાલય પરિવાર દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો તથા નવપ્રવેશિત વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા શ્રીમતી સવિતા શારદા તથા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી વીરેન્દ્ર શારદાએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું કે, મહાવિદ્યાલય જીવન માત્ર ડિગ્રી પ્રાપ્ત કરવાનો માર્ગ નથી, પરંતુ વ્યક્તિત્વ નિર્માણ, સંસ્કાર, શિસ્ત, નેતૃત્વ ક્ષમતા અને સામાજિક જવાબદારીના વિકાસ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. તેમણે વિદ્યાર્થીઓને સકારાત્મક વિચારસરણી, સેવાભાવ અને નૈતિક મૂલ્યો સાથે શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રેરિત કર્યા.

ટ્રસ્ટના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદાએ પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં જણાવ્યું કે, આજના સમયમાં માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું નથી, પરંતુ વ્યવહારુ જ્ઞાન, બાહ્ય જ્ઞાન અને કૌશલ્ય વિકાસ પણ સફળતાની ચાવી છે. મહાવિદ્યાલય જીવનમાં અનેક તકો સાથે નવી પડકારો પણ આવશે, જેનો સામનો આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારસરણી સાથે કરવો જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અનેક કાર્યોને સરળ બનાવશે, પરંતુ તે માનવીય સર્જનાત્મકતા, સંવેદનશીલતા, નૈતિક મૂલ્યો અને નિર્ણય ક્ષમતાનું સ્થાન લઈ શકશે નહીં. તેથી દરેક વિદ્યાર્થીએ પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખી સતત શીખતા રહેવું જોઈએ તેમજ જાગૃત, જવાબદાર અને રાષ્ટ્રહિત માટે સમર્પિત નાગરિક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કેમ્પસ ડિરેક્ટર શ્રીમતી શ્યામલી બર્ગલેએ જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના, હેતુ અને સંસ્થાની વિકાસયાત્રા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. કાર્યકારી આચાર્યા સ્વર્ણિમા જૈને મહાવિદ્યાલયની શૈક્ષણિક તથા અકાદમિક વ્યવસ્થા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 (NEP-2020), એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC ID), પરીક્ષા પદ્ધતિ તથા અભ્યાસ વ્યવસ્થા અંગે માર્ગદર્શન આપ્યું. પ્રા. જયા પંડિતે મહાવિદ્યાલયની વાર્ષિક પ્રવૃત્તિઓ, સહ–અભ્યાસક્રમ અને અભ્યાસેતર કાર્યક્રમોની માહિતી આપી. પ્રા. જયા સિંહે પુસ્તકાલયની સુવિધાઓ અને તેના ઉપયોગ વિશે સમજાવ્યું, જ્યારે પ્રા. સાગર ઝાએ મહાવિદ્યાલયના નિયમો, શિસ્ત અને વિદ્યાર્થી આચારસંહિતા અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. પ્રા. હાર્દિકકુમાર શેલડિયાએ રાષ્ટ્રીય સેવા યોજના (NSS), માય ભારત પોર્ટલ, રમતગમત પ્રવૃત્તિઓ, યુવા વિકાસ કાર્યક્રમો તથા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે માહિતી આપી અને તમામ વિદ્યાર્થીઓને તેમાં સક્રિય રીતે જોડાવા પ્રેરિત કર્યા.

પ્રા. શૈલેશ યાદવે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે, જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. તેમણે વિદ્યાર્થીઓને મહાવિદ્યાલય દ્વારા ઉપલબ્ધ તકોનો લાભ લઈ શિસ્તબદ્ધ અને ધ્યેયલક્ષી જીવન જીવવા પ્રેરિત કર્યા.

આ પ્રસંગે મહાવિદ્યાલયની નવી અધિકૃત કૉલેજ જર્સીનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જેના પર મહાવિદ્યાલયનો અધિકૃત લોગો તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS)નું પ્રતીકચિન્હ અંકિત છે. મહાનુભાવોએ જર્સીનું અનાવરણ કરીને તેને વિદ્યાર્થીઓને સમર્પિત કરી. તેમણે જણાવ્યું કે, આ જર્સી મહાવિદ્યાલયની ઓળખ, એકતા, શિસ્ત અને ગૌરવનું પ્રતીક બનશે તથા વિદ્યાર્થીઓ તેને ધારણ કરીને શૈક્ષણિક, રમતગમત, રાષ્ટ્રીય સેવા યોજના, સાંસ્કૃતિક તેમજ અન્ય સામાજિક પ્રવૃત્તિઓમાં મહાવિદ્યાલયનું ગૌરવ વધારશે.

## શ્રીકૃષ્ણ–બલરામ તથા શ્રી સુભદ્રાજીની રથયાત્રા






શ્રી સરસ્વતી મહાવિદ્યાલય આર્ટ્સ એન્ડ કોમર્સ, આભવા, સુરત ખાતે શ્રી સરસ્વતી હિન્દી વિદ્યાલય, જયદીપ શારદા મેમોરિયલ નર્સિંગ કૉલેજ તથા ઇસ્કોન મંદિરના સહયોગથી ભક્તિ, સંસ્કાર, આધ્યાત્મિકતા અને એકતાના સંગમરૂપ શ્રીકૃષ્ણ–બલરામ તથા શ્રી સુભદ્રાજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. રથયાત્રા માટે ભગવાનની દિવ્ય મૂર્તિઓ ઇસ્કોન મંદિર તરફથી પધારેલ હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે શ્રી કૃષ્ણ, શ્રી બલરામ, અને શ્રી સુભદ્રાજીની દિવ્ય મૂર્તિઓ વિધિવત્ પૂજા–અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ મૂર્તિઓને રથ પર સવાર કરી, હરિનામ સંકીર્તન અને 'જય જગન્નાથ'ના ગુંજતા જયઘોષ વચ્ચે રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રથયાત્રામાં ઉપસ્થિત સૌએ ભક્તિભાવથી રથ ખેંચી ભગવાનના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ઓતપ્રોત બની ગયો હતો. પ્રસ્તુત કાર્યક્રમ દરમિયાન ભજન–કીર્તન, ભક્તિ, પ્રેમ, સેવા, સંસ્કાર અને. વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતા, નૈતિક મૂલ્યો, સામાજિક એકતાની ભાવના મજબૂત બને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનો સંદેશ આપવામાં આવ્યો હતો

આ પવિત્ર અવસરે ટ્રસ્ટની પ્રણેતા શ્રીમતી સવિતા શારદાજી, ચેરમેન શ્રી વીરેન્દ્ર શારદાજી, મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદાજી, ઇસ્કોન મંદિરના ભક્તો, કૉલેજના પ્રાધ્યાપકગણ, શૈક્ષણિક તથા બિન–શૈક્ષણિક સ્ટાફના સભ્યશ્રીઓ, શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, હિન્દી વિદ્યાલય તથા નર્સિંગ કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. અંતે મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયેલા આ કાર્યક્રમે ઉપસ્થિત સૌના હૃદયમાં આધ્યાત્મિકતા, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની આસ્થા, સેવા અને સામાજિક એકતાની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થતાં ઉપસ્થિત સૌએ આયોજક સંસ્થા જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, ટ્રસ્ટના સભ્ય શ્રીઓ, ઇસ્કોન મંદિર તથા શ્રી સરસ્વતી મહાવિદ્યાલય પરિવારના આ ભવ્ય, સંસ્કારલક્ષી અને પ્રેરણાદાયી પ્રયાસને હૃદયપૂર્વક બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ગુરુ પૂર્ણિમા પર્વની ઉજવણી



શ્રી સરસ્વતી મહાવિદ્યાલયમાં ગુરુ પૂર્ણિમાની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન તેમજ સમગ્ર આયોજન વિદ્યાર્થીઓએ સ્વયં કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પોતાના ગુરુજનોને પુષ્પગુચ્છ તથા સન્માનપત્ર અર્પણ કરીને તેમનું સન્માન કર્યું હતું તેમજ ગુરુ મહિમા પર આધારિત કાવ્યો અને પ્રેરણાદાયી વિચારોની સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. યોગિતા શારદા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં આધુનિક યુગમાં ગુરુના મહત્વ પર પ્રકાશ પાડતાં ભારતીય સંસ્કૃતિની ગૌરવશાળી ગુરુ–શિષ્ય પરંપરાનું વિશેષ મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગુરુ માત્ર જ્ઞાનના સ્ત્રોત જ નથી, પરંતુ જીવનને યોગ્ય દિશા દર્શાવતા સાચા માર્ગદર્શક છે. મહાવિદ્યાલયના વરિષ્ઠ પ્રાધ્યાપક શ્રી શૈલેશ યાદવે પણ પોતાના સંબોધનમાં ગુરુ પ્રત્યે શ્રદ્ધા, સન્માન અને કૃતજ્ઞતાની ભાવનાને જીવનનો મહત્વપૂર્ણ સંસ્કાર ગણાવી વિદ્યાર્થીઓને ગુરુના આદર્શોનું અનુસરણ કરવા પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમમાં મહાવિદ્યાલયના કેમ્પસ ડિરેક્ટર શ્રીમતી શ્યામલી બરગલે, ઇન્ચાર્જ પ્રાચાર્યા શ્રીમતી સ્વર્ણિમા જૈન, તમામ પ્રાધ્યાપકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા શિસ્તબદ્ધ અને ઉત્તમ આયોજનની સૌએ હૃદયપૂર્વક પ્રશંસા કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સ્વયંસેવક વિદ્યાર્થીઓનું યોગદાન વિશેષ પ્રશંસનીય રહ્યું હતું. આયોજનની તમામ વ્યવસ્થાઓ તથા કાર્યક્રમના સફળ સંચાલનમાં તેમના શિસ્તબદ્ધ અને સમર્પિત સહયોગની ઉપસ્થિત મહાનુભાવો અને પ્રાધ્યાપકોએ ખૂબ પ્રશંસા કરી હતી. કાર્યક્રમનો સમાપન ગુરુજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યો હતો.

## T. & T. V. Institute of Nursing Surat.

### વિવિધ આહારની વાનગી બનાવવાની સ્પર્ધા

પ્રથમ વર્ષ GNM, દ્વિતીય સેમેસ્ટર B.Sc. Nursing તથા પ્રથમ વર્ષ P.B.B.Sc. Nursingના વિદ્યાર્થીઓ દ્વારા જુદીજુદી કૂકિંગની વિવિધ રીતો અને દર્દીના પોષણ સાથેના વિવિધ આહારની વાનગી બનાવવાની હરિફાઇ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના પોષણયુક્ત આહારનું પ્રદર્શન કર્યું, જેમાં વીનિંગ ડાયેટ (શિશુ પૂરક આહાર), નો સુગર ડાયેટ, ડાયાબિટીસ ડાયેટ, ગર્ભવતી માતાઓ (ANC) માટેનો આહાર, પ્રસૂતિ પછીની માતાઓ (PNC) માટેનો આહાર, નો ઓઇલ મીલ ડાયેટ, બેલેન્સ્ડ ડાયેટ તથા મિલેટ આધારિત આહાર (Millet Based Diet)નો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શન બાદ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મિલેટ આધારિત ડાયેટ, નો ઓઇલ મીલ ડાયેટ અને ગર્ભવતી માતાઓ (ANC) ડાયેટ રજૂ કરનાર વિદ્યાર્થી જૂથોને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન સ્વસ્થ આહાર, આરોગ્યપ્રદ જીવનશૈલી અને સારી ખાણીપીણીની આદતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શ્રી ઓલપાડ પી.કે.દેસાઈ કેળવણી મંડળ સંચાલિત શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કૉલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આટ્ર્સ કૉલેજ, ઓલપાડ.

### નવનિર્મિત પુરુષોત્તમ ફાર્મર્સ સાંસ્કૃતિક ભવનનો ઉદ્ઘાટન સમારોહ અને ઈનામ વિતરણ કાર્યક્રમ



તારીખ ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ નવનિર્મિત પુરુષોત્તમ ફાર્મર્સ સાંસ્કૃતિક ભવનનો ઉદ્ઘાટન સમારોહ અને ઈનામ વિતરણ કાર્યક્રમ ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, સુરત ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ બેંક લી.ના મેનેજિંગ ડિરેક્ટર મહાવીરસિંહ ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે તેમજ પુરુષોત્તમ ફાર્મર્સ કો.ઓ.કોટોન જીનીંગ એન્ડ પ્રે.સો લિ.ના પ્રમુખ મનહરભાઈ પટેલ ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં દીપપ્રાગટ્ય શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ના પ્રમુખ રાકેશભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ તરીકે ધી પુરુષોત્તમ ફાર્મર્સ કો.ઓ.લિ. જહાંગીરપુરાના ઉપપ્રમુખ અંકુરભાઈ પટેલ અને કામરેજ વિભાગ સહકારી ખાં.ઉ.લિ.ના ડિરેક્ટર અમિતભાઈ પટેલ ઉપસ્થિત રહી વિસ્તારના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પી.કે.દેસાઈ કેળવણી મંડળના પ્રમુખ અને જાણીતા એડવોકેટ બળવંતભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું સન્માન કર્યું હતું.



નવનિર્મિત પુરુષોત્તમ ફાર્મર્સ સાંસ્કૃતિક ભવનનો ઉદ્ઘાટન બાદ પ્રાર્થના કૉલેજની વિદ્યાર્થિનીઓ અનિતા રાઠોડ અને હેત્વી પટેલે રજૂ કરી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને આવકાર કૉલેજના આચાર્ય ડૉ. સંજયકુમાર પી. લાલાણીએ કર્યો હતો. તેમણે કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતગાર કર્યા હતા. કૉલેજની ૨૦૨૫–૨૬ની તમામ પ્રવૃત્તિઓ અને કાર્યોના ચિતાર સમાન કૉલેજના મુખપત્ર 'પાથેય' નું વિમોચન મંચસ્થ મહેમાનોના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વમંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને માતા–પિતાના પરના ઋણ અંગે સમજાવી શિક્ષણના મહત્વ વિશે જણાવ્યું હતું. તેમના વરદહસ્તે વિદ્યાર્થીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ વર્તમાન સમયના ઉચ્ચ શિક્ષણના નવીન આયામો વિશે જાણકારી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમના વરદહસ્તે વિદ્યાર્થીઓને ઈનામ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન કરેલી ઉત્કૃષ્ટ કામગીરી, NSS અને NCCમાં કરેલ યોગદાન, કલા અને યુવક મહોત્સવમાં આપેલ અનોખું પ્રદાન તેમજ કૉલેજ અને વિશ્વવિદ્યાલયની પરીક્ષામાં પ્રાપ્ત કરેલ ઉજ્જવળ પરિણામને ધ્યાનમાં લઈને મહાનુભાવોના વરદહસ્તે ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ સહભાગીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કૉલેજના ૧૯૫ વિદ્યાર્થીઓને તેમના શ્રેષ્ઠ પરિણામ અને વિવિધ પ્રવૃત્તિઓમાં મેળવેલી સફળતા બદલ ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓલપાડ વિસ્તારના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાટે અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને નવો વેગ આપવા માટે વિવિધ સહકારી મંડળીઓના ઉદાર હાથે અપાયેલા અવિરત દાન સરવાણી થકી કેળવણી મંડળની દીર્ઘદ્રષ્ટિ તેમજ આચાર્ય તથા કૉલેજ પરિવારના અથાગ પ્રયત્નોથી નવીન સાંસ્કૃતિક ભવન તૈયાર કરવામાં આવ્યું છે.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-07-2026 to 31-07-2026

| Detail | Description | July-2026 | |
|---|---|---|---|
| User | Visitors | 2161 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lectures of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 43 | |
| | Research Scholars | 1 | |
| | Non Teaching Staff | 4 | |
| | Visitors | 1 | |
| | E-resource User | | |
| | Total | | 2210 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| July-2026 | 114 | 87 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2026 | 33 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2026 | 33 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | July-2026 | 30 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.
**Editor: Dr. Jitesh K. Topiwala**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.
**Co-Editor & Type and Design: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.
**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in